# ભક્તિમાં ભીંજાણા

યાને

(વિવેચના સભર સ્નાત્ર વિધાન)



પ. પૂ. પન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવર

।। શ્રી સીમંધર સ્વામીને નમઃ ।।

।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।।

# ભક્તિમાં ભિંજાણા

યાને

## વિવેચના સભર સ્નાત્ર વિધાન


✿ અર્થાલેખક ✿

પ. પૂ. સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર

પ. પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના

સહિષ્ણુ શિષ્યરત્ન

પ. પૂ. પન્યાસ પ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**



✿ પ્રકાશક ✿

સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ,

મુંબઇ

સંવત ૨૦૫૫ કિંમત : રૂા. ૨૦

# ✳ પ્રાપ્તિ સ્થાન ✳

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

૭૬, ઝવેરી બજાર, મુંબઇ-૪૦૦ ૦૦૨.

ફોન : ૨૦૧ ૩૯૩૩

**શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટ**

બદ્રિકેશ્વર સોસાયટી, શોપ નં. ૫,

મરીન ડ્રાઇવ, 'ઇ' રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૨.

ફોન : ૨૮૧ ૮૪૨૦

**શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટ**

C/o. ચંદ્રકાંતભાઇ સંઘવી,

6/B, અશોકા કોમ્પલેક્ષ,

રેલ્વે ગરનાળા પાસે, પાટણ, (ઉ. ગુજ.)

**શ્રી સીમંધર જિન ભક્તિ મંડળ...**

C/o. સંદીપ બી. દોશી,

૯, સૂર્ય દર્શન, ગોશાળા રોડ, મુલુંડ (વેસ્ટ),

મુંબઇ-૪૦૦ ૦૮૦. ફોન : ૫૬૧ ૯૩૩૬

**પી. એ. શાહ જ્વેલર્સ**

૧૧૦, હીરા પન્ના, હાજીઅલી, મુંબઇ-૪૦૦ ૦૨૬.

ફોન : ૪૯૩ ૭૬૯૭

**આરાધના ભવન જૈન સંઘ**

૨૮૯, એસ. કે. બોલે રોડ, દાદર (વે. રેલ્વે.),

મુંબઇ-૪૦૦ ૦૨૮.

**ચીમનલાલ કલાધર**

વીરા શોપિંગ સેન્ટર, ચોથા માળે, રેલ્વે સ્ટેશન સામે,

ડોંબીવલી (પૂર્વ), પીન-૪૨૧ ૨૦૧.

## ❖ સૌજન્ય ❖

૧) આરાધના ભુવન જૈન સંઘ, દાદર

૨) શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ પરિવાર
હા. રમાબેન પુંડરિકભાઇ

૩) તારાબેન તારાચંદ શાહ
હા. ઉપેન્દ્ર-દિનેશ

૪) પુષ્પાબેન બંસીલાલ શાહ
હા. મુકેશ-નિપુણ-પિયૂષ

૫) રસીલાબેન ધરણેન્દ્ર શાહ
હા. નિલેશ-સંદીપ

૬) નયનબેન બાબુલાલ શાહ
હા. ચંદ્રકુમાર, મનીષ-કલ્પનેશ

૭) રતનબેન વેલજી ગાલા
હા. મુક્તાબેન રામજીભાઇ

૮) કેસરબેન રતનચંદ કોઠારી
હા. લલિતભાઇ

## ❀ ભાવભરી વંદના ❀

અમારા કુટુંબમાંથી દિક્ષિત થઇ સુંદર સંયમના પાલન સાથે અમોને પણ સુકૃતમાં વિશેષ પ્રેરણા કરી રહેલ ઉપકારી ગુરુ ભગવંતો.

૧) પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૨) પ. પૂ. સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.

૩) પ. પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.

૪) પ. પૂ. સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મ.

ના ચરણોમાં

**ભાવભરી વંદના**

લિ.

શ્રાદ્ધવ્યા મૂળીબેન અંબાલાલ રતનચંદ પરિવાર

# પ્રકાશકીય....

પ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય એટલે સહિષ્ણુતાનો સાક્ષાત્ પુંજ. કેન્સર જેવી અસાધ્ય વ્યાધિમાં માસક્ષમણ જેવી ઉગ્ર સાધના કરનાર પૂજ્ય ગુરુદેવ પદ્મવિજયજી ગણિવર્યનું જીવન વૈરાગ્યથી તરબતર હતું, તો સાથે સાથે પ્રભુભક્તિ સભર હતું.

સંવત ૨૦૧૦માં શ્રી વીરવિજયજી કૃત સ્નાત્ર મહોત્સવ ઉપર તેમણે અદ્ભૂત વિવેચના લખી.

દાદર જૈન આરાધક મંડળ વતી તેને પ્રકાશિત કરવામાં આવી.

આવી અલૌકિક કૃતિ આજે અપ્રાપ્ય થવા લાગી. તેની દુષ્પ્રાપ્યતા જોઇ પ. પૂ. આચાર્ય **શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા** (કે જેઓ પૂજ્યશ્રીના વિનિત અંતેવાસી છે)ની પ્રેરણાથી આજે આ કૃતિ પુનઃ જીવિત થઇ રહી છે. આ પુનઃ પ્રકાશન પ્રસંગે દાદર જૈન આરાધક મંડળ પ્રત્યે કૃતજ્ઞતા પ્રદર્શિત કરીએ છીએ.

પૂ. વીરવિજયજી મહારાજે મનથી કલ્પના ન થઇ શકે અને વચનથી વર્ણન ન થઇ શકે એટલી અદ્ભુત ‘સ્નાત્ર’ની ગેય રચના કરી છે, તો પંન્યાસજી મહારાજનુ વિવેચન પણ એટલું જ રોચક છે.

ગીતપંક્તિ અને વિવેચનાના સમાગમથી ભક્તિભાવની રોનક સોળે કળાએ ખીલી ઉઠશે. પ્રતિદિન પ્રાત:કાળે સૌ કોઇ સ્નાત્રની ભક્તિ ભાગીરથીમાં પુણ્યસ્નાન કરી અપૂર્વ કર્મ નિર્જરા સાધો.

એજ લિ.

**અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ (મુંબઇ)**


**ટ્રસ્ટીઓ**

**તારાચંદ અંબાલાલ શાહ** **ધરણેન્દ્ર અંબાલાલ શાહ**

**પુંડરિક અંબાલાલ શાહ** **મુકેશ બંસીલાલ શાહ**

**ઉપેન્દ્ર તારાચંદ શાહ**


શ્રુતસમુદ્રની અવગારના કરતા મને એ સાર મળ્યો છે કે ભગવંતની ભક્તિ એ પરમાનંદની સંપદાનું બીજ છે.

ઉપા. યશોવિજયજી મ.



# નિવેદન

વૈરાગ્યવારિધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ યશોદેવસૂરિજી મહારાજનું વિ. સં. ૨૦૦૯નું ચાર્તુમાસ મધ્યપ્રાંતમા હિંગનઘાટ મુકામે થયું. ત્યા કોઇ પ્રસંગ પામીને શ્રી જિનેશ્વર ભગવંતનો સ્નાત્રમહોત્સવ ઉજવાયો હતો. સ્નાત્રમહોત્સવમાં ભાગ લેનાર ભાઇઓએ સ્નાત્રપૂજાના વિશિષ્ટ વિવેચનની પૂ. આ. મ. પાસે માંગણી કરી. તેઓશ્રીએ મારા પૂ. તારક ગુરુદેવને જો અનુકૂળતા હોય તો વિવિચન તૈયાર કરવા લખી જણાવ્યું. પૂ. તારક ગુરુદેવે સ્વપરહિતકારી અને શાસનોપયોગી અનેક કાર્યોમાં રોકાએલા હોવાથી સમયના અભાવે તે વિવેચન લખવાની મને કૃપામય આજ્ઞા કરી, જેના પાલન રૂપે મેં આ વિવેચન તૈયાર કર્યું છે. વિવેચન લખવાના મંગલમય પ્રારંભથી માંડી તેની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ થવામાં મૂળભૂત નિમિત્ત પૂ. આ. દેવશ્રી યશોદેવસૂરિજી મહારાજાની શુભ પ્રેરણા છે, તેથી તેઓશ્રીનું પુનીત નામ સ્મરણ કરી શુભપ્રેરણા કરવા બદલ કૃતજ્ઞતાને અનુભવું છું.

પરમકારુણિક ચારિત્રચુડામણિ સિધ્ધાન્તમહોદધિ પૂ. પરમગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબ તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ. તારકગુરુદેવ મુનિરાજ શ્રી **ભાનુવિજયજી** મહારાજની પરમકૃપાથી જ સ્નાત્રનું વિવેચન કરવા હું મંદબુદ્ધિ છતાં સમર્થ બની શક્યો છું. પૂ. આચાર્ય ભગવંતે સંસારના કીચ્ચડમાંથી ઉદ્ધાર કરી સંયમના પંથે જોડવા બદલ અને ચારિત્ર આપ્યા બાદ સંયમ-સ્વાધ્યાયની પ્રેરણા અને તાલીમ આપવા બદલ મારા જેવા એક પામર જીવ પર જે અગણ્ય અને અનુપમ ઉપકાર કર્યો છે, તેનો બદલો તેઓશ્રીની ભવોભવ સેવા કરીનેય હું વાળી શકું તેમ નથી. એ ઉપકારની પ્રસાદી જ ''પારસલોહ'' ન્યાયે લોહ જેવા મને પ્રગતિ આપી રહી છે. તેઓશ્રીના પુનીત ચરણે મારા કોટિશઃ વંદન છે.

આ વિવેચનનો અનુભવ મારે તો તદ્દન પહેલો હોવાથી, એ તૈયાર

થયા પછી પૂ. ગુરુદેવ દૃષ્ટિ નીચે કાઢી આપીને તેઓશ્રીએ મારા પર અનહદ કૃપા કરી છે. વિવેચન પર તેઓશ્રીએ સુંદર પ્રસ્તાવના લખી છે. જેને વાંચીને વાંચકવૃંદ જિનભક્તિનું સ્વરૂપ, તેના પ્રકારો વિગેરે જાણવા સાથે પરમાત્માની ભક્તિ કરવા માટે પ્રબળ પ્રેરણા મેળવી શકશે. માટે વાંચકોને પ્રસ્તાવના વાંચી મનન કરવાની મારી ખાસ ભલામણ છે. પૂ. તારક ગુરુદેવશ્રીએ સમ્યગ્જ્ઞાનદાનાદિ અનેકવિધ ઉપકારો કરવા પૈકી આ પણ એક ઉપકાર મારા પર કરેલ હોવાથી તે બદલ તેઓશ્રીનો હું અત્યંત આભારી છું.

શ્રાદ્ધવર્ગ પરમાત્માની ભક્તિ ઉલ્લાસપૂર્વક કરી શકે તે માટે પંડિતવર્ય શ્રી વીરવિજયજી મહારાજે અનેક પૂજાઓ સાથે આકર્ષક અને ભાવવાહી સુંદર પદ્યમય સ્નાત્રની રચના કરી છે. પદ્યોમાં શબ્દોની ગોઠવણી પણ અદભૂત છે. મેરુ પર ઇંદ્રાદિએ ઉજવેલા જિન જન્માભિષેકના પ્રસંગનું દશ્ય પદ્યોમાં આબેહુબ ખડું થતું દેખાય છે. જિનની ભક્તિ કરનારા ભાવુક આત્માઓ માટે તેઓની કૃતિ અજબ ઉપકારક છે. તેઓશ્રીએ રાસ, સજ્ઝાયો, સ્તવનો વિગેરે અનેક પદ્યસાહિત્યનું બીજુંય સર્જન્ રોચક શૈલીમાં કર્યું છે.

હું કાંઇ તેવો સમર્થ લેખક નથી છતાં મારી અલ્પમતિ પ્રમાણે સ્નાત્રનું વિવેચન કરવા મને પ્રસંગ મળ્યો, તેને પ્રભુભક્તિ ખાતે ખતવી, આ વિવેચનને પૂ. તારક ગુરુદેવોના કરકમળમાં સમર્પી કાંઇક કૃતાર્થતા અનુભવું છું.

વિવેચનમાં છદ્મસ્થપણાથી થયેલ ક્ષતિ બદલ મિચ્છામિદુક્કડં દઉં છું.

**એજ લિ.**

વિ. સં. ૨૦૧૦ શ્રાવણ સુદ ૧૫<br>શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી<br>જ્ઞાનમંદીર, દાદર (બી.બી.)

**પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય<br>પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન<br>પુ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજનો**<br>ચરણકિંકર મુનિ પદ્મવિજય.

# સ્નાત્રપૂજાના મહિમા અંગે પ્રાસ્તાવિક

લેખક : **સિદ્ધાંન્તમહોદધિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસુરીશ્વરજી** મહારાજાના શિષ્ય : મુનિભાનુવિજય

''રંગરસીયા રંગરસ બન્યો મનમોહનજી
કોઇ આગળ નવિ કહેવાય, મનડું મોહ્યું રે
વેધકતા વેધક લહે
બીજા બેઠા વા ખાય, મનડું મોહ્યુ રે'',

## અનુભવની બલિહારી :

કવિરત્ન પં. શ્રી વીરવિજયજી મહારાજે ઉપરોક્ત અનુભવ-વચનમાં બતાવ્યું છે કે જ્યારે કોઇપણ પ્રવૃત્તિ અથવા પ્રસંગનો રંગ જામી જાય છે, ત્યારે જેણે તેના રસનો અનુભવ કર્યો હોય, તે તેના અપ્રતિમ આસ્વાદનું માત્ર આંતરસંવેદન કરી શકે છે, પરંતુ બીજા કોઇની પણ આગળ અનુભવેલા રસનું પૂર્ણપણે યથાર્થ વર્ણન કરી શકતો નથી. કારણકે પરમાત્માની ભક્તિના રંગનો આંતર અનુભવ એવો ભવ્ય અને હૃદયસ્પર્શી બને છે કે એમ કહેવામાં પણ હરકત નથી કે તે ભક્તિરસનું આંતર સંવેદન અનુભવગમ્ય હોવાથી શબ્દમાં ઉતારી શકાતું નથી, બોલીને કે લખીને વર્ણવી શકાતું નથી. મહાન કવિ પણ તે રસાનુભવને શબ્દો દ્વારા પ્રગટ કરવા માટે અસમર્થ છે. પારાના સંયોગથી સોનાના પ્રત્યેક અણુમાં વેધ થાય છે, તે વેધનો અનુભવ લોઢાને શી રીતે થાય ? અરે ! લોઢાની વાત તો બાજુએ મુકો, બીજું સોનું, પણ તે વેધનો, તે પારાના અંતઃસ્પર્શનો અનુભવ શું કરી શકે ? એ તો બિચારો પોતાની ચાલુ સ્થિતિમાં બેસી રહી વાયુનો સ્પર્શ કરી જાણે. અથવા જે મનુષ્ય રાધાવેધ સાધે છે તેજ વેધકતાના આનંદનો અનુભવ કરી શકે છે, રાધાવેધને જોનારા બીજા માણસો તો ત્યાં ખાલી બેસી રહેશે, બાકી એ વેધ કરવાના અવર્ણનીય આનંદનો અનુભવ કરવા માટે ભાગ્યશાળી બની શકતા નથી.

## પ્રભુભક્તિનો અવર્ણનીય રસાસ્વાદ

એમજ પરમાત્માની ભક્તિરંગનો રસાસ્વાદ પણ એટલો બધો અદભૂત છે કે તે માત્ર સ્વયં અનુભવગમ્ય છે શબ્દોથી વર્ણન સાંભળી એ આસ્વાદનો ખ્યાલ કરી શકાય તેમ નથી. તે અનુભવની આગળ સંસારના દિવ્ય સુખોનાય સ્વાદનો અનુભવ કાંઇ જ વિસાતમાં નથી. એક બાજુ સ્વર્ગના અતિશય આકર્ષણ હોવા છતાં ય ઇન્દ્ર જ્યારે પ્રભુભક્તિમાં મસ્ત બને છે, ત્યારે અનુપમ રંગનો અનુભવ કરી શકે છે. તો પછી સામાન્ય સુખના આકર્ષણવાળા માનવને તે અનુભવ કરવો કેમ જ કઠીન બને ? વિચારવા લાયક વાત તો એ છે કે મહાદિવ્યસુખમાં મ્હાલતા દેવ તથા દેવેન્દ્રને અદ્ભુત રંગ દિવ્યનાટક જોવામાં આવે કે પ્રભુભક્તિમાં ? દિવ્યદેહલત્તાને ધારણ કરનારી યુવાન ઇન્દ્રાણીઓની સાથે પ્રેમવિલાસમાં આવે કે જિનની ભક્તિમાં ? અપૂર્વરંગ રત્નોથી ઝગમગતા વિમાન તથા દેવસેવક વિગેરેમાં આવે કે પરમાત્માની ભક્તિમાં ? સંભવિત શું છે ?

## ઇન્દ્રને પણ સ્વર્ગીય સુખથી અધિક પ્રભુભક્તિમાં આનંદ

છતાં ખરેખર આ સત્ય હકીકત છે કે મેરૂપર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક ઉજવતી વખતે સૌધર્મેન્દ્ર પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે "હે ત્રિભુવનપતિ ! આપની ભક્તિથી જે આનંદનો અનુભવ હું કરું છું, તે આનંદ સ્વર્ગની આટલી બધી સામગ્રીમાં પણ આવી શકતો નથી", ઇન્દ્રને પ્રભુભક્તિના રંગનો આસ્વાદ જ્યારે આવો અપૂર્વ આવે છે, ત્યારે તેનું રહસ્ય શું છે તે બદલ તેનું કારણ તપાસવું જોઇએ. તેની પાછળ શું એવું અદભુત કારણ કાર્ય કરી રહ્યું છે તે વિચારવું જોઇએ.

## સંસારમાં અનંત જન્મ લેવા પૂર્વક પરિભ્રમણનું કારણ શું ? પરમાત્માની ભક્તિ ન કરી તે.

આ અસાર સંસારમાં આપણા આત્માને ભટકતા ભટકતા અનંત પુદગલ પરાવર્તન થઇ ગયા, છતાં હજી સુધી ભવભ્રમણનો અંત આવ્યો નથી, એમ આપણી વર્તમાન હાલત કહે છે. મોક્ષ એ આત્માનું પોતાનું સ્વરૂપ છે, જ્યારે સંસાર એ આત્માનું કૃત્રિમ રૂપ છે. પોતાના અનંત જ્ઞાન-સુખાદિથી ઝગમગતા મૂળ સ્વરૂપની પ્રાપ્તિ આત્માને હજી થઇ નહિ. અને કૃત્રિમ રૂપનો નાશ થયો નહિ, એ ખરેખર કેટલા બધા અફસોસની વાત છે ! જગતના બીજા પદાર્થોમાં આવી ગએલું કૃત્રિમ રૂપ તો અવસર પામીને ચાલ્યું જાય છે, પણ આપણા પોતાના જ આત્માનું ભાડુતી મલિન રૂપ અનંતાનંત કાળ પસાર થવા છતાં પણ હજી સુધી એમજ ઊભુ છે, નાશ પામ્યું જ **નથી, શું આ અતિશય શોચનીય નથી ?**

**આત્માનું કૃત્રિમ રૂપ ક્યા કારણોથી નાશ ન પામ્યું ?**

કારણો આ છે :

**૧) જગદગુરુ શ્રીજિનેશ્વરદેવની ઓળખાણ થઇ નહિ.**

**૨) તેમની પ્રત્યે અનહદ પ્રેમ અને શ્રદ્ધા કરી નહિ.**

**૩) તેમની સેવાભક્તિ બજાવી નહિ.**

**૪) તેમની આજ્ઞાને આધીન જીવન બનાવ્યું નહિ.**

**પરમાત્માની ઓળખાણ અને તેમના પર પ્રેમ, શ્રદ્ધા, સેવાભક્તિ અને આજ્ઞાંકિતતા એજ આત્મા પર લાગેલી મલિનતાને દૂર કરવામાં અને મોક્ષના સુખને અપાવવામાં સમર્થ છે.** તમે પૂછશો કે શું એમાં અતિમહાન અક્ષય સુખને અપાવવાનું આટલું મોટું સામર્થ્ય છે ?

**પ્રભુના નામનો પ્રભાવ :** પણ આ જુઓ કે કેવળ પરમાત્માના એક નામસ્મરણ માત્રનો એવો પ્રભાવ છે કે શાસ્ત્રોથી એ વાત જાણવામાં આવે

છે કે શ્રી પાર્શ્વકુમારે આપેલા "**નમો અરિહંતાણં**" શબ્દ પર સર્પે માત્ર મરવાના સમયે ધ્યાન સ્થિર કર્યું તો તેથી તે સર્પ કાળ કરીને નાગરાજ ધરણેન્દ્ર બન્યો. જ્યારે પ્રભુના નામ સ્મરણનો આવો રૂડો પ્રભાવ પ્રવર્તે છે, ત્યારે તેમની સેવાભક્તિ, વિગેરેની તો વાત જ શી કરવી ?

## પ્રભુ પ્રેમ-શ્રદ્ધા-પૂજા વિગેરેનું સુંદર દૃષ્ટાંતઃ

પ્રભુ પર પ્રેમ કરતા કરતા **કૃષ્ણ** અને **શ્રેણિક** રાજાએ અનંતકાળ રહે એવું મહાન ક્ષાયિકસમકિત અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું ! શ્રાવિકા **સુલસા** પણ એમજ તીર્થંકર બનવાના અધિકારને મેળવી ચૂકી ! પ્રભુના ઉપર શ્રદ્ધા રાખવાથી **કુતરી** મરીને દેવ થઇ ! પાપી **ચંડકોશિક સર્પ** પણ પ્રભુના દર્શનથી મહાસમતાધારી બનીને સ્વર્ગમાં ચાલ્યો ગયો ! પ્રભુની પુષ્પ-પૂજાની ભક્તિ કરતાં કરતાં મહાનુભાવ **નાગકેતુને લોકાલોકને** દેખાડનારું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ! અક્ષતપૂજાની ભક્તિથી **કીરયુગલ દેવ** બની ગયું ! **દેવપાળ** વિગેરે પ્રભુ ભક્તિ કરવાથી તીર્થંકર નામકર્મ પામી ગયા ! રાજા **દશાર્ણભદ્ર** ફક્ત શ્રી વીરપ્રભુને આડંબર પૂર્વક વંદન કરવા જતો હતો, પણ ઇન્દ્રનો અતિશય આડંબર દેખીને પ્રભુ ભક્તિથી ખૂબ આકર્ષાયોં અને ત્યાંને ત્યાંજ એણે સંસારનો ત્યાગ કરીને મુનિ બનવા પૂર્વક પ્રભુને વંદન કર્યું, ત્યારે ઇન્દ્રને દશાર્ણભદ્ર મુનિના ચરણકમલમાં પડવું પડ્યું અહો ! પરમાત્માની કેવી અદભૂત ભક્તિ ! જીવનને પ્રભુની આજ્ઞાને આધીન બનાવી અનેક આત્માઓ સિદ્ધ બુદ્ધ મુક્ત થઇ ચૂક્યા છે.

## કુસંસ્કારના નાશમાં સમર્થ પ્રભુભક્તિ

પ્રભુભક્તિનો લાભ ખરેખર અવર્ણનીય છે. અનાદિકાળથી આમ તો જીવે આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, વિગેરેને લીધેજ જીવનોના જીવનો પસાર કરી દીધા છે. પણ અફસોસ કે આવા ઉચ્ચ માનવભવમાં પણ અજ્ઞાન રહી જડવાદી કાળમાં એવો ફસી પડ્યો છે કે સંસારને વધારનારી સંજ્ઞાઓને કાપવાના યોગ્ય ભવમાં એને બાલપણાથી ઉલટી વધારી રહ્યો

છે !! આ કાળે જુઓ કે, વિવિધ સુખ સગવડો, વિજ્ઞાનની ચિત્રવિચિત્ર શોધો, પાશ્ચાત્ય રીતિનીતિનું અંધ અનુકરણ, જડપદાર્થોની અનેકવિધ આવશ્યકતા, અને જડની વિદ્યા, એ બધામાં જીવને ફસાવવાની કેવી વિષમ જાળ પાથરી છે ! એના પ્રભાવથી અંજાએલ જીવ જ્યારે ચિંતામણિ રત્નથી અધિક કિંમતી માનવભવની મળેલી ઉત્તમ તક બરબાદ કરવાની સ્થિતિમાં સપડાયો છે, ત્યારે શ્રી વીતરાગ જિન પરમાત્માની શ્રદ્ધા તથા ભક્તિ તેમાંથી બચાવવા માટે પ્રબલ સહાય આપે છે. **માનવ જેવા ઉચ્ચ જીવનમાં અત્યંત પવિત્ર કાર્યોમાં સતત લાગ્યા રહેવાથી અનાદિકાળના કુસંસ્કારો શિથિલ બની જાય છે. પ્રભુભક્તિ એ એક ઘણું સુંદર પવિત્ર કાર્ય છે.** એનાથી મનુષ્ય કુસંસ્કારનો નાશ કરી સુસંસ્કારનું ઉપાર્જન સુંદર કરી શકે છે. પ્રભુભક્તિ એ ઘણી અચ્છી સાધના છે. આ સાધનાથી હૃદય કોમળ બને છે, નિર્મળ થાય છે અને અપૂર્વ આત્માનંદનો અનુભવ થાય છે. પછી તો તેની આગળ બીજું બધું ફીક્કું અને રસ વિનાનું લાગે છે. પ્રભુભક્તિથી પ્રભુના પ્રેમની જે વૃદ્ધિ થાય છે અને પ્રભુ પર જે મમત્વ વધી જાય છે, તેથી કુસંસ્કારના આકર્ષણ ઘણા ઘટી જાય છે, સુસંસ્કારોની પ્રીતિ વધતી જાય છે, આહાર, વિષય, અને પરિગ્રહ વિગેરેની આસક્તિ કપાતી આવે છે અને ત્યાગ તપશ્ચર્યા અને વૈરાગ્ય વિગેરે તરફ જીવનો ઝોક (ઝુકાવ) વધતો ચાલે છે. આ બધાનું મૂળ પ્રભુભક્તિ છે.

## માનવસંસ્કારોનો ગુણાકાર -

માનવભવમાં જે સારા નરસા સંસ્કારોનો ખૂબજ અભ્યાસ થયો તેની વૃદ્ધિ પછીના જન્મોમાં એવી થાય છે કે જાણે તેનો ગુણાકાર બનતો જાય છે. એ વાત શાસ્ત્રોમાં બતાવેલી જીવોની ભવપરંપરાથી સ્પષ્ટપણે જણાઇ આવે છે. કુસંસ્કારનો જો અભ્યાસ પડી ગયો તો તેની વૃદ્ધિ થઇ ગયાના જે અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં આવે છે, તેમાંથી એક ચંડકૌશિકનો દાખલો લો. તેવી રીતે સુસંસ્કારની વૃદ્ધિના અનેક દૃષ્ટાન્તમાંથી એક શાલિભદ્રનું દ્રષ્ટાન્ત વિચારો આ બે દૃષ્ટાન્તથી, કુસંસ્કારના પોષણમાંથી ઉત્પન્ન થતી ભયાનક સ્થિતિનો

અને સુસંસ્કારને વધારવામાં તૈયાર થતી કલ્યાણની પરંપરાનો ખ્યાલ આવી જાય છે. જુઓ આ એનું આછું સ્વરૂપઃ

## કુસંસ્કારની વૃદ્ધિનું દ્રષ્ટાન્તઃ ચંડકૌશિક

ચંડકૌશિક નાગનો જીવ પૂર્વ ભવમાં એક સાધુ હતો. તેણે ક્રોધ કર્યો. એની વૃદ્ધિ થઇ. વૃદ્ધિ ચાર રીતે મપાયઃ- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી. પહેલાં-મૂળમાં ક્રોધનું માપ જુઓ. સાધુએ **દ્રવ્યથી** એક સાધુ પર, **ક્ષેત્રથી** ઉપાશ્રય ક્ષેત્રમાં, **કાળથી** બહુ થોડા કાળ સુધી, અને ભાવથી દાંડાનો એક મામુલી ફટકો લગાવવાના ભાવથી ક્રોધ કર્યો. હવે જુઓ કે આ દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ આગામી જન્મોમાં કેવા વધી જાય છે ! મારવા જતાં તે સાધુને તો પ્રહાર ન કરી શક્યો, પણ પોતે થાંભલા સાથે માથું અફળાવાથી ત્યાને ત્યાં જ મરી ગયો. ક્રોધ કર્યા બદલ કોઇ પશ્ચાતાપ થયો નહિ, અને આલોચના પ્રાયશ્ચિત પણ લેવાયું નહિં તે પછી ચારિત્રપ્રભાવે જ્યોતિષ દેવ થઇ તાપસનો ભવ પામ્યોઃ ત્યાં ક્રોધના **દ્રવ્ય** અને **કાળ** વધ્યા ''મારી વાડીના ફળ ચોરે તેને મારું.'' એટલે ચોરનારના અનેક તે **અનેક દ્રવ્ય**, અને હમણાં પૂરતું નહિ પણ જ્યારે જ્યારે ચોરે ત્યારે ત્યારે મારું, તે **મહાકાળ** વધ્યો, પાછો ક્રોધ માત્ર ઝુંપડીમાં નહિ પણ આખી પોતાની વાડીમાં, તે **ક્ષેત્ર** વધ્યું, ફળને તોડતાં રાજકુમારને પ્રબલ પ્રહાર કરવા માટે કુહાડી ઉછાળી આ ક્રોધનો **ભાવ** વધ્યો. પણ તે કુહાડી પોતાના જ મસ્તક પર પડવાથી પોતે જ મરી ગયો તે પછી સર્પનો જન્મ ધારણ કર્યો. જુઓ કે કેવો પાપી અવતાર ! આટલા જ વાસ્તે આ મનુષ્યભવમાં પ્રભુપ્રેમ તથા પ્રભુભક્તિ નસેનસમાં એવી ભરી દેવી જોઇએ કે સઘળા અધમ સંસ્કારો દૂર થઇ જાય. પછી એને પેસવા જગા જ ન મળે. હવે ચંડકૌશિક સર્પના અવતારમાં ક્રોધના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના ગુણાકારનું તો પુછવું જ શું ? મનુષ્ય અથવા તિર્યંચ, જે કોઇ જીવ (કેટલાં બધાં દ્રવ્ય !) પોતાની દૃષ્ટિપથમાં આવે, કેટલું મોટું ક્ષેત્ર !) ને જ્યાં સુધી પોતાની શક્તિ પહોંચે ત્યાં સુધી (કેટલો લાંબો કાળ !), તેને પ્રાણોથી ખતમ કરી નાખવો !

(કેવો ઉગ્ર ભાવ !) એજ જીવનનો વ્યવસાય થઇ ગયો, એવો કે જેમાં જગતદયાળુ પ્રભુ મહાવીરને પણ ડસવાનું છોડ્યું નહિ,-આ છે કુસંસ્કારનો, દુર્ગુણનો ગુણાકાર...એ તો સારું થયું કે પ્રભુએ એને પાછો વાળ્યો, નહિતર તો કોણ જાણે આગળ પર નરકાદિના કેવા ભયંકર ભવ થાત !

## હવે જુઓ સુસંકારોની વૃદ્ધિનું દષ્ટાન્ત શાલિભદ્રઃ-

શાલિભદ્રનો જીવ પૂર્વ ભવે સંગમ નામે ગોવાળણપુત્ર ! સુસંસ્કારમાં એણે ગુરુનું બહુમાન અને ત્યાગના સંસ્કારની કમાણી કરી ફક્ત એકવાર તપસ્વી સાધુને દાન દેવાને માટે પોતાના ઘેર બહુમાનથી બોલાવ્યા અને જીવનમાં પહેલીજ વાર મળેલી એક જ ખીરની થાળીમાંથી અતિશય હર્ષપૂર્વક બધીય ખીરનું દાન દીધું પાછું ઉપરથી કેવા ઉપકારી ગુરુ ! કેવો સુંદર દાનનો પ્રસંગ ! આ બે ઉમદા ભાવના ભાવીને સમાધિપૂર્વક કાળ કરી એ શાલિભદ્ર થયો. ગુરુપ્રેમ અને ત્યાગપ્રીતિ આ બન્ને સુસંસ્કારોની વૃદ્ધિ એવી થઇ કે એણે પ્રભુ મહાવીરદેવને પોતાના શિરછત્ર ગુરુ ત્યાં સુધી બનાવ્યા કે અઢળક સંપત્તિની વચમાં પણ પોતાના પર શ્રેણિકરાજાનું સત્તાધીશપણું એનાથી સહન કરી શકાયું નહિ ! અને પૂર્વે કરેલા ત્યાગના સંસ્કારોના ગુણાકાર એવા થયા કે દરરોજ સ્વર્ગમાંથી ઉતરતી રત્ન આભરણ વિગેરેની નવાણું દિવ્ય પેટીનો મહાવૈભવ અને કંચનના વર્ણ સમાન બત્રીશ નવયુવતી-પત્નીઓ બન્નેનોય સંપૂર્ણપણે **ત્યાગ** કર્યો. સર્વ પ્રકારે સંસારનો ત્યાગ કરી મહાવીર પ્રભુના શિષ્ય બની ત્યાગમાં આગળ વધી ઘોર તપશ્ચર્યાથી શરીરની પુષ્ટતા અને સૌન્દર્યનો પણ ત્યાગ કરી અંતિમકાળે અનશન કરનાર થયા અને વૈભારગિરિ ઉપર શરીરનો પણ અનશનથી સર્વથા **ત્યાગ** કર્યો. ત્યાંથી કાળ કરીને અનુત્તર વિમાનમા ગયા. ત્યાં તો ગુરુપ્રેમ અને ત્યાગના ગુણાકારનું પુછવું જ શું ? શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા તત્ત્વોના ચિંતનમાં અસંખ્યાત કાળ સુધી મશગુલ રહેવાનું જીવન ! આનો અર્થ એવો છે કે ગુરુના વચનમાં રમણતા, અર્થાત્ ગુરુમાં રમણતા એજ ગુરુપ્રેમ-ભક્તિ, ગુરુના તત્ત્વોમાં રમણતાને મૂકી ગુરુના પ્રેમનું શ્રેષ્ઠ રૂપ કોણ છે ? ૩૩૦ કોટા કોટિ પલ્યોપમ સુધી અખંડ ગુરુપ્રેમ

એ કેવીક વૃદ્ધિ !! ત્યાગ પણ કેવો બલવાન કે ઇન્દ્રયોના વિષય તરફ કોઇ આકર્ષણ નહિ, કોઇ વિકાર પણ નહિ ! તેથી ભોગની કલ્પના કે વિચાર પણ નહિ. નિર્વિકાર વીતરાગ પ્રાયઃ અવસ્થા, ત્યાગનો મહાન ગુણાકાર, અનુત્તર દેવના ભવ પછી ચરમ ભવ અને મોક્ષમાં તો સુસંસ્કારની પરાકાષ્ઠા, સર્વત્યાગ અને ગુરુ પ્રભુની આત્મજ્યોતિમાં સ્વાત્મજ્યોતિની મિલાવટ ! આ બધું શું ? ગોપાલના ભવમાં કરેલું ગુરુનું બહુમાન અને ત્યાગના સુસંસ્કારોની અનન્તરભવોમાં ગુણિત વૃદ્ધિ !

## પ્રભુભક્તિથી કુસંસ્કારનો નાશ કેવી રીતે થાય ?

પ્રભુભક્તિ એ એક એવો અદભુત અવસર છે કે જેનાથી રાક્ષસી કુસંસ્કારનો નાશ અને દિવ્ય સુસંસ્કારનું પોષણ થાય છે તેના કારણ તરીકે ૧) પરમાત્માનું સ્વરૂપ જ એટલું બધું ઉચ્ચત્તમ, શુદ્ધ અને અનંત જ્યોતિમય છે. તથા ૨) જિન ભક્તિની પદ્ધતિ એવી લોકોત્તર છે, કે તેની પ્રત્યે ભક્ત હૃદય ખૂબજ આકર્ષાઇ ભવ્ય ભાવોલ્લાસમાં ચઢે છે સાથે તે કોમળ બનીને, પરમાત્માએ પોતાના જીવનમાં સ્વયં આચરેલા અને બીજાને ઉપદેશેલા ધર્મમાં મન લગાડે છે અને શ્રદ્ધાળુ બની પોતે ધર્મનો સાધક બને છે. એ વાત સ્વાભાવિક છે કે શરીર તથા મન એવું બનવાથી રંગરાગ અને ભોગવિલાસમાંથી મન ઉઠી જાય અને શરીર પણ અળગું રહ્યા કરે છે.

## પ્રભુ ભક્તિનું દ્રષ્ટાન્તઃ

પ્રભુ ભક્તિની ધુનમાં **રાવણ** જેવો સમ્રાટ રાજા પણ અષ્ટાપદ પર્વત પર પ્રભુની આગળ વીણા વગાડતા વગાડતા તાર તૂટી જવાથી તત્કાળ પોતાની જાંઘ ચીરીને સ્નાયુતંતુ બહાર કાઢી વીણામાં જોડી દેવા માટે ઉત્સાહિત થયો ! **પુણીયો** શ્રાવક અને તેની પત્ની ધંધો-આવક ઓછી હોવાથી એકાંતરે ઉપવાસ કરતા હતા, પણ દરરોજ સાધર્મિકભક્તિ અને પુષ્પોના ઢગલાથી પ્રભુભક્તિ કરવામાં ચૂકતા ન હતા ! **કુમારપાળ રાજા** અઢાર દેશની મહાઉપાધિની વચમાં રોજ ત્રિકાલપૂજા કરતાં હતા અને તેમાં ય મધ્યાહનકાળની અષ્ટ

પ્રકારી આદિ પ્રભુપૂજા નિરાંતે સુંદર ઠાઠથી સંપૂર્ણ કરતા હતા ! **વસ્તુપાલ, તેજપાલ, વિમલશાહ, ધન્નાપોરવાલ** વિગેરે પણ રોજ પ્રભુભક્તિ ઉમંગથી કરતા હતા ! પ્રભુભક્તિમાં કરોડોનું દ્રવ્ય ખર્ચ્યું ! **શ્રેણિકને** રોજ પ્રભુ પૂજામાં નવો નવો સુવર્ણજવનો સાથીઓ બનાવી પ્રભુભક્તિ કરવા જોઇતો હતો ! તથા એ મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારાને ઇનામ આપ્યે જતા હતા ! માંડવગઢના મહામંત્રી **પેથડશાહ** પોતાના હાથે જ નિત્ય પ્રભુ પર ફૂલોનો શણગાર કરતા હતા. એક વખત પ્રભુની પૂજા કરતી વખતે રાજાનું ફરમાન આવ્યું છતાં પણ તે ગયા નહિં, પછી ત્યાં રાજા ચુપકીથી આવી પેથડની પ્રભુ ભક્તિ જુએ છે અને વિસ્મિત થઇ જાય છે ! મહાસતી દમયંતીએ પર્વતની ગુફામાં સાત વર્ષ સુધી પ્રભુની પુષ્પપૂજા અને સ્તુતિ કરી કંઇકને જૈન બનાવ્યા હતા ! **મંદોદરી, પ્રભાવતી** વિગેરે મહારાણીઓ પ્રભુની આગળ સુંદર નૃત્ય કરતી હતી. **સૂર્યાભદેવે** પૂર્વના પોતાના પ્રદેશીરાજાના ભવમાં પ્રભુ શાસનથી થયેલો મહાન ઉપકાર સંભારી મહાવીરપ્રભુની સન્મુખ, દેવતાઇ બત્રીશ નાટકબદ્ધ ગુણગાન કર્યા હતા. **સમ્યગદૃષ્ટિ દેવતાઓ**, પોતાના વિમાનમાં તથા **નંદીશ્વરાદિતીર્થમાં** પ્રભુભક્તિની ઘણી ધામધુમ કરે છે ! આવા તો પ્રભુભક્તિના ઘણા દૃષ્ટાન્તો આવે છે.

## પ્રભુભક્તિનો પ્રકારઃ

પ્રભુભક્તિના અનેક રીતે પ્રકાર પડે છે, એમાં એક રીતે દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે પ્રકારો છે. **ભાવપૂજામાં** પ્રભુના ગુણોની સ્તુતિનું હૃદયમાં પરિણમન આવે. અર્થાત્ ગુણોને આત્માના અધ્યવસાયમાં, આત્માના ભાવમાં ઉતારવાનું આવે. જેમકે ચૈત્યવંદન વિગેરેથી આત્મામાં જે ભાવોલ્લાસ થાય છે, તે ભાવપૂજા છે તેવી રીતે પ્રભુની આગળ પોતાના આત્માની અતિશય જઘન્ય તથા દોષથી ભરેલી સ્થિતિનો ખ્યાલ અને પશ્ચાતાપ, તથા પ્રભુના ઉત્કર્ષનો ખ્યાલ અને અનુમોદન કરાવનાર સ્તવનાદિ પણ ભાવપૂજા છે, આગળ જઇને કહીએ તો પ્રભુની આજ્ઞાનું પાલન જેમકે વિરતિ, ઉપશમ વિગેરે એ ઉત્તમ ભાવપૂજા છે.

ભાવપૂજાનું કારણ દ્રવ્ય પૂજા છે. તેના અનેક પ્રકાર છે. **અંગપૂજા** અને **અગ્રપૂજા** એ બે વિભાગમાં પણ સર્વેનો સમાવેશ થઇ શકે છે. આગલા દિવસના પુષ્પ વિગેરે નિર્માલ્ય ઉતારવા માટે પ્રભુને માટે જ ખાસ રાખેલી મૃદુ મોરપીછીના વિનીત અને મુલાયમ ઉપયોગથી માંડીને રત્ન વિગેરે આભૂષણ ચઢાવવા સુધી પ્રભુની મૂર્તિનાં અંગપર જે પૂજા કરાય છે તે બધી અંગપૂજા છે અને પ્રભુની સન્મુખ જે દ્રવ્યપૂજા કરાય છે તે અગ્રપૂજા છે. અંગપૂજામાં જલપૂજા (પંચામૃત અભિષેક) ચંદન બરાસ-કસ્તુરી વિગેરેથી વિલેપનપૂજા, કેસરપૂજા, પુષ્પપૂજા, ચૂર્ણવાસક્ષેપ પૂજા, પુષ્પમાલ્યપૂજા, આભૂષણપૂજા, રજતસુવર્ણપત્ર (વરખ) બાદલાપૂજા વિગેરેનો સમાવેશ થાય છે અગ્રપૂજામાં ધૂપ, દીપ, અષ્ટમાંગલિક, અક્ષતસ્વસ્તિકથી, વધાવવું, નૈવેદ્ય, ફળ, ચામરવીંજન, દર્પણ, નૃત્ય, ગીત વાજીંત્ર, ધ્વજ વિગેરેની પૂજા આવે છે. અષ્ટપ્રકારી, સત્તરભેદી, એકવીશપ્રકારી વિગેરે પૂજાના પ્રકાર હોય છે.

તેમાં પ્રત્યેક પૂજાનું મહાન ફળ છે. ફક્ત એક સિન્દુવારનું પુષ્પ લઇને ઘરડી, નિર્ધન અને મજુરણ જેવી સ્ત્રી પ્રભુને પૂજવા માટે ગઇ, પણ રસ્તામાં આયુષ્ય પુરું થઇ ગયું, છતાં મરીને એ પુષ્પપૂજાના ભાવ માત્રથી સ્વર્ગમાં દેવ બની. **દમયંતીએ** પૂર્વભવમાં રાણીપણામાં અષ્ટાપદ પર્વત પર પ્રભુને રત્નાતિલકથી પૂજ્યા જેથી દમયંતીના ભવમાં અંધારામાં પ્રકાશ આપનાર, ચમકદાર કુદરતી તિલક લલાટમાં જન્મતાવેંત પ્રાપ્ત થયું. નૃત્યપૂજાથી તીર્થંકર નામકર્મ પ્રાપ્ત કરેલાના દૃષ્ટાન્તો આવે છે.

## સ્નાત્રપૂજાની વિશેષતાઃ

મેરુપર્વતપર તીર્થંકર પ્રભુનો જન્માભિષેક ભવ્યસમારોહ પૂર્વક ઉજવીને ઇન્દ્ર તથા બીજા દેવતાઓ અદ્ભૂત સમ્યક્ત્વની વૃદ્ધિ અને શાતાવેદનીય વિગેરે પુણ્યોપાર્જન કરવા સાથે મહાન પાપક્ષય કરે છે. સંસારમાં રહેવા છતાં મનુષ્યો આવો ચમત્કારી, અપૂર્વ લાભ આપનારી પ્રભુની અભિષેક પૂજા કરી શકે તેટલા કારણે શાસ્ત્રકારોએ અર્હદભિષેક, બૃહશાન્તિ, શાતિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર, અંજનશલાકા પ્રતિષ્ઠાવિધિ, નવાણું અભિષેક, સ્નાત્રપૂજા,

પંચકલ્યાણકપૂજા વિગેરેના પ્રસંગો યોજેલા છે. એમાં સ્નાત્રપૂજા એ એક એવી રચના છે કે જેમાં થોડા શબ્દોમાં ઇન્દ્રોએ કરેલા જન્માભિષેકનું ક્રમસર સારું વર્ણન આવે છે. સ્નાત્રપૂજા ભણાવતી વખતે એમ લાગે છે કે જાણે આપણે પોતે ઇન્દ્ર બની જન્મ પામેલા સાક્ષાત્ જિનેશ્વરદેવની જન્માભિષેકપૂજા કરતા હોઇએ છીએ. તેમાં ઘણી ક્રિયા આવવાથી, તેની પ્રત્યેક ક્રિયામાં નવોનવો ભાવાલ્લોસ, નવી નવી આત્મનિર્મલતા અને અપૂર્વ અપૂર્વ પાપક્ષય તથા પુણ્યોપાર્જન થાય છે, ત્યારે વિચાર કરો કે એક પૂર્ણ સ્નાત્રપૂજા આપણે પોતે ભણાવીએ તો કેવો સરસ અપૂર્વ લાભ થાય ! પૈસાનો ખર્ચ કેટલો ? વિશેષ કાંઇ નહિ, માત્ર આપણી શક્તિ પ્રમાણે. સમયનો વ્યય પણ કેટલો ? કલાક બે કલાકનો. શારીરિક તકલીફ કેટલી ? મામુલી, થોડી વાર ઉભા રહેવાની. આમ છતાં સ્નાત્રમાં આવતી પ્રત્યેક ક્રિયાના મહાન ફળના હિસાબે સઘળી ક્રિયાનો લાભ કેટલો બધો ? સાથે સઘળી સ્નાત્રપૂજા ભણાવી તેનો અત્યંત આનંદ અનુમોદનનો લાભ અને સાંસારિક ક્રિયા પાપક્રિયાથી નિવૃત્તિને લીધે પાપથી બચવાનો લાભ વિગેરે ઉમેરો તો જણાશે કે કેટલો અપરંપાર લાભ થયો. આવો મહાન લાભ અલ્પશ્રમથી સ્નાત્રપૂજાનો અગણ્ય લાભ છે, દા. ત.

૧) મન પવિત્ર થવું

૨) અનન્ય આત્માનંદનો રસાસ્વાદ.

૩) અરિહંત પરમાત્માનો આપણા પર જે અનંત ઉપકાર થએલ છે તેની કૃતજ્ઞતાનું કાંઇક પાલન.

૪) આવી ક્રિયાઓ ચાલુ રહેવાથી પ્રભુશાસનની અવિચ્છિન્ન ધારા ટકવી.

૫) લોકમાં શાસન-પ્રભાવના થવી.

આવા આવા કંઇક શ્રેષ્ઠ લાભો સ્નાત્રપૂજાથી મળી શકે છે. માટે પ્રતિદિન સ્નાત્રપૂજા ભણાવવી જોઇએ, અને ભણાવતી વખતે મનમાં એવો ખ્યાલ કરવો જોઇએ કે જાણે હું ઇન્દ્ર છું અને સર્વ જિનેશ્વરોને કુસુમાંજલિ સમર્પુ છું, પૂર્વ ત્રીજાભવમાં ઉપાર્જેલ તીર્થંકર નામકર્મથી માતાના ગર્ભમાં સ્વપ્નો સાથે પધારેલા પ્રભુનો જન્મ અને દિક્કુમારીઓએ કરેલુ સૂતિકર્મ

થયા પછી જાણે હરિણૈગમેષીને સુઘોષાઘંટનો નાદ અને ઉદ્‌ઘોષણાનો આદેશ કરું છું, અને ત્યાંથી શરુ કરીને મેરૂપર્વત પર જઇ બીજા ઇન્દ્રોની સાથે અભિષેકવિધિ કરું છું, આ રીતે સહૃદય માનસિક ભાવના લાવીને સ્નાત્રવિધિ કરવાનો લાભ અપૂર્વ છે. જેવી રીતે ઘરમાં બેઠા બેઠા માનસિક ભાવનાથી ગિરિરાજની તળેટીથી શરૂ કરીને શ્રી શત્રુંજય પર ચઢતા ચઢતા ઉપર સઘળા સ્થળોની પાદસ્પર્શના કરી કરીને ઉપર માનસિક ત્રણ પ્રદિક્ષણા અને આદિશ્વરપ્રભુ વિગેરેની પૂજા તથા સ્તવના કરી તો સાક્ષાત્ શત્રુંજયની યાત્રાનો અપૂર્વ લાભ મળે છે, તેવી રીતે સ્નાત્રપૂજામાં ઇન્દ્રે કરેલા જિન જન્મોત્સવનો પણ ખરેખર તેવો લાભ થાય છે.

## મંથન કોનું સુંદર ?

પ્રતિદિન જે આ સ્નાત્રપૂજા કરે છે, તેને કળિકાળ સતયુગથી પણ અધિક સારો કાળ છે, કારણકે સતયુગમાં તો જીવ ક્યાંનો ક્યાં ભટકતો હતો. ત્યારે અનંતપુણ્યોદયથી આ કળિકાળમાં પણ આ ભવમાં પ્રભુનું શાસન મળ્યું અને સમજ મળી. પ્રભુની પ્રતિમા તથા આવી સ્નાત્રવિધિ મળી ગઇ તો હવે કળિકાળ શું કરી શકવાનો ? કાંઇજ નહિ. અરે ! હવે તો પ્રભુ શાસન, પ્રભુપ્રતિમા, આવી સુંદર સ્નાત્રવિધિ વગેરે મળ્યા છે તો પછી રેતીને પીલવા બરાબર અથવા પાણીના વલોવવા બરાબર જે સંસારની વેઠ તેમાંજ લાગીને નિરંતર સ્નાત્રનિવિધિનો અપૂર્વ લાભ કોણ જવા દે ? એ તો ઘણા લક્ષ્મીના દ્રવ્ય અને આડંબરપૂર્વક ને સમૂહ સાથે રોજ કરવું જોઇએ. સૌ તન, મન અને ધનથી અરિહંતની પૂજાભક્તિ ખૂબ ખૂબ કરી માનવભવને ઉજ્જવળ કરો એજ મંગલ કામના.

વિક્રમ સં. ૨૦૧૦ જેઠ સુ. ૧

|| શ્રી પરમાત્મને નમઃ ||                || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

**શ્રી વિજય પ્રેમસૂરીશ્વર ભાનુવિજયેભ્યઃ નમઃ**

# જિનભક્તિસરિતા યાને વીરવિજયજીકૃત સ્નાત્રપૂજાનો

# ભાવાનુવાદ

**(યોજક : મુનિ મહારાજ શ્રી પદ્મવિજયજી)**

## ભીષણ સંસારમાં પરમ આલંબન

સંસારરૂપી ભીષણ અટવીમાં જીવો બિચારા ક્રૂરકર્મસત્તાના દુર્ઘર્ષશાસનને આધીન બની અતિશય દયામય અને દુઃખદ પરિસ્થિતિને અનુભવી રહ્યા છે. અનંત ભવભ્રમણના ફેરા ફરવા છતાં આ રાંક જીવની મુસાફરીનો અંત આવ્યો નથી. એમાંય ચોરાસી લાખ યોનીમાં અનંતીવાર ભમીભમીને આત્માએ કલેશ, કર્દશના અને કંગાલીયત સિવાય બીજું શું અનુભવ્યું છે ? નરકની રૌરવ પીડા અને પરમાધામીનો પ્રબળ ત્રાસ અનંતીવાર સહન કર્યો. સંસારના પક્ષપાતથી આત્મા લેશ માત્ર સુખી થયો નથી, પરંતુ ડગલે અને પગલે દુઃખ, દુર્ધ્યાન અને અસમાધિના પુનઃપુનઃ ઝંઝાવાતનો ભોગ બની રહેલ છે. એવા વિકરાળ સંસારમાં અજબ ગજબના ઉંડા આશ્વાસન, સુંદર સમાધિ, સદગતિ અને પરિણામે મોક્ષના અક્ષયસુખ આપનાર પરમ આલંબન તરીકે શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનાગમ છે એમશ્રી અંતરાય કર્મનિવારણ પૂજામાં આ સ્નાત્રના બનાવનાર **પં. શ્રી વીરવિજયજીએ "વિષમકાળ જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા"** એ પદોથી જણાવેલ છે.

## પરમાત્માનો ઉપકારઃ-

કર્મ સત્તાના ચાલ્યા આવતા અનાદિના શાસનને જડમૂળથી ઉખેડી નાખવામાં અને પરમપદને મેળવવામાં પરમાત્માની ભક્તિ એ અતિ આવશ્યક

કારણ બને છે. જિનેશ્વર દેવોએ તપશ્ચર્યા કરવા સાથે કઠોર પરિશ્રમ અને ભયંકર ઉપસર્ગોને અચલ અને અવિરત સમાધિપૂર્વક આનંદિત હૈયે સહન કરી કેવલજ્ઞાનરૂપી અદ્ભૂત જ્યોતિ દિવાકરને પ્રગટ કર્યો અને જગતના ભવ્ય આત્માઓને અનંત ઉપકારકારી ધર્મ તીર્થની સ્થાપના કરી. ખરેખર **જગતની અનન્ય તારક વિભૂતિ** તરીકે શ્રી જિનેશ્વરદેવો સિવાય બીજા કોણ બનવા માટે યોગ્ય છે ? જે પુણ્યશ્લોક પુરૂષોત્તમોએ અનંતાનંત ભાવુકજીવોને મિથ્યાત્વના ઘોર અંધારામાંથી બહાર કાઢી સમ્યગ્દર્શન પમાડવા સાથે નિર્મળ આત્મજ્ઞાન અને જગતના તત્ત્વોનું જ્ઞાન આપ્યું તથા ચારિત્રના મહાન રસીયા બનાવ્યા અને નિરાબાધ સુખસાગરમાં ઝીલતા કરી દીધા. અહો ! આપણા પ્રાણ પ્યારા તે પ્રભુનો કેવો અનહદ, અમાપ અને અભૂતપૂર્વ ઉપકાર ! એ તારક પરમાત્માના શરણને નહિ સ્વીકારનારા જીવો વિષયકષાયરૂપી જંગલી અને શિકારી પ્રાણીઓથી કરુણ રીતે ફેંદાઇ જાય છે, પીસાઇ જાય છે અને અનંતા મરણોને નોતરી લે છે એમાં નવાઇ નથી. શ્રી જિનેશ્વર દેવો જ નિરાધાર જગત માટે પરમ શરણ અને પ્રબળ પ્રેરક આશ્વાસન રૂપ છે તેથી કેવળ અરિહંત જ તત્ત્વની દૃષ્ટીએ પરમ ઉપાસના કરવા લાયક અને ધ્યાન કરવા યોગ્ય છે.

## પરમાત્માની ભક્તિનો પ્રકાર અને તેનું ફળ:

ઉપાશ્ય અને ધ્યેયરૂપ અરિહંતપરમાત્માની ઉપાસના અનેક પ્રકારોથી થઇ શકે છે. આરાધ્ય દેવાધિદેવ તરફ અપૂર્વ પ્રેમ પ્રગટાવવાનું સાધન તેઓશ્રીની ભાવભીની ભક્તિ છે. ભક્તિરસની રમઝટમાં આત્મા વિપુલ કર્મની નિર્જરા તથા પુણ્યાનુંબંધી પુણ્યનો થોક ઉપાર્જે છે. પરમાત્માની ભક્તિરસની ધૂનમાં રાવણે અષ્ટાપદ પર્વત પર ધરણેન્દ્ર જેવાને ડોલાવી નાખ્યો. તે ભક્તિના પ્રકારમાં પરમાત્મા **સ્નાત્ર મહોત્સવની ઉજવણી** અષ્ટપ્રકારી પૂજા, અંગ રચના, ગીત નૃત્ય વાજિંત્રની પૂજા, ભાવ પૂજા વિગેરેનો સમાવેશ થાય છે.

જિનેશ્વર દેવોનો જ્યારે જન્મ થાય છે, ત્યારે દેવેન્દ્રોના આસનો કંપે

છે, એ પ્રભાવ પરમાત્માના પ્રબળ પુણ્યનો જ છે. અસંખ્યાતા જોજન દૂર રહેલા દેવલોકમાં વગર તાર, ટેલીફોન કે રેડીઓના સાધને એમના પુણ્ય પરમાણુઓનો પ્રભાવ પહોંચી જાય છે, એ પ્રભુનો કેવો અજબ મહિમા ! અસંખ્યાતા દેવો દેવેન્દ્રો દેવીઓ અને ઇન્દ્રાણીઓ પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી કરવા માટે દેવલોકમાંથી નીચા ઉતરે છે, અને પ્રભુજીને લઇને મેરુ પર્વત ઉપર જન્માભિષેકનો પુણ્ય પ્રસંગ અતિશય હર્ષ, આદર, વિવેક, ભક્તિ અને વિવિધ વાજીંત્રોના નાદ સાથે ઉજવે છે. લક્ષ્મીના ગુલામો અબજોની લક્ષ્મીના લાભે પણ જે આનંદનો અનુભવે ન કરે તેવો આનંદ, ભક્તિની પાછળ ગાંડાતુર બનેલા દેવો અનુભવ છે, અને વિપુલ કર્મની નિર્જરા કરી શકે છે. દેવો તથા દેવેન્દ્રો પરમાત્માના જન્મકલ્યાણક અંગે મેરૂપર્વત પર જઇ સ્નાત્રમહોત્સવ ઉલ્લાસ અને ઉછરંગ પૂર્વક કેવો ઉજવે છે તેનું દૃશ્ય પં. શ્રી વીરવિજયજી મહારાજે આ સ્નાત્રમાં બતાવ્યું છે, તે સ્નાત્રની રચનામાં પ્રારંભે પરમાત્માની સ્તુતિ કરતાં જણાવે છે કેઃ-

## કાવ્યં.

**સરસશાન્તિસુધારસસાગરં,**
**શુચિતરં ગુણરત્નમહાગરં ।।**
**ભવિકપંકજબોધદિવાકરં,**
**પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ।।૧।।**

## અરિહંતની સ્તુતિઃ-

“**સરસ શાન્તિસુધારસ સાગરં**” જગતમાં દેવાધિદેવ જ અઢાર દોષ રહિત હોવાના કારણે વિશિષ્ટ સ્તવનાને યોગ્ય છે. એ પૂજક કે નિંદક બંને પર સમાન દૃષ્ટિવાળા છે. ભક્ત ઉપર રીઝાતા નથી તથા નિંદક પર રૂઠતા નથી. વીતરાગતાને વરેલા હોવાથી એમના રાગ દ્વેષના મૂળીયાં ભસ્મીભૂત

થઇ ગયા છે અને સઘળા કાર્ય સિદ્ધ થએલા હોવાથી તેઓને સંસારમાં હવે ફરીથી જન્મ ધારણ કરવાનું રહ્યું જ નથી તેવા પરમાત્માને પ્રણામ કરતાં જણાવે છે કે પ્રભુ સરસ શાંતિ-એટલે-**પ્રશમ રૂપી અમૃતરસના સાગર સમાન છે.** પ્રશમ એટલે ક્રોધાદિનો અભાવ, યાને ક્ષમાદિધર્મનો સ્વીકાર, દેવ, દાનવ તથા માનવ તરફથી કરાયેલા ભયંકર ઉપસર્ગોમાં પણ પ્રભુજીના આત્મામાં ક્ષમા સરિતાના પ્રવાહો અસ્ખલિતપણે વહેતા રહ્યા. ઉપસર્ગ કરનાર દુષ્ટ આત્મા પર ઉપકારી તરીકેની માન્યતા ધરી સમતા તથા સમાધિ પ્રસન્ન ચિત્તે ટકાવી રાખી, તેથી ક્રોધ વિગેરે બહારવટીયાની ક્ષમાદિ ધન લુંટવા અંગે ફાવટ થવા દીધી નહિ. અહીં પ્રભુજી કેવા ક્ષમાના સાગર ! ઉપશમરસ સુંદર છે, કારણ કે તેમાં સહજ ક્ષય થવાથી કલંક ટળી જાય છે, માટે સહજ સુંદર છે. ઉપશમરસનો અનુભવ અમૃતરસ જેવો છે, અમૃતનો સ્વાદ અતિશય મીઠો, તત્કાળ તૃપ્તિકરનારો અવર્ણનીય છે તથા અમર કરનાર છે. તેમ ઉપશમરસનો સ્વાદ પણ તેવા પ્રકારનો છે. ઉપસર્ગ કરનાર ઉપર ભાવ દયા અને ઉપકારીપણાની બુદ્ધિ જાગૃત થવાથી મીઠો, બફારો, ઉકળાટ, તામસપ્રકૃતિ, મુખનો વિકાર વિગેરે ન હોવાથી તત્કાળ તૃપ્ત કરનારો, અને ઉપશમને જીવનમાં જીવી જાણવાથી જ તેના રસનો અનુભવ કરી શકે તેટલા માટે અવર્ણનીય ક્રોધી આત્માનું મુખ ખુલ્લું થઇ જાય છે અને આંખો બંધ થઇ જાય છે. જ્યારે ક્ષમાશીલ આત્માનું મુખ બંધ થઇ જાય છે અને આંખ વસ્તુતત્ત્વને જોવા દ્વારા અમી ઝરતી ખુલ્લી થાય છે. એક સ્થાને એક અંગ્રેજ કવિએ લખ્યું છે કે. "An angry man opens his mouth and shuts his eyes." તીર્થંકર ઉપશમ રસનો દરિયો છે, અમૃત તો નામથી, પણ ઉપશમ રસ કાર્યથી જીવને અમર કરી દે છે, આવા સુંદર ઉપશમ રસના સાગરસમા આપણા વીતરાગ પરમાત્મા છે, સાગરના પાણી અથાગ અને અમેય છે તેમ પ્રભુજીના આત્મામાં રહેલ ઉપશમ અનહદ, અને અમર્યાદિત છે, કારણ કે ક્ષમાના ક્ષેત્રમાં અપકારી પણ સમાઇ જાય છે, સરોવર છીછરૂ, મર્યાદિત અને મેય છે, તેથી જિનેશ્વર

દેવોને સરોવર ઉપમા નહિ આપતાં સાગર જેવા કહ્યા-જ્યારે આપણો આત્મા દુર્ગુણનો દરીઓ છે.

"**શુચિતર**" એટલે અત્યંત પવિત્ર. પવિત્રતા દોષોના અભાવને આભારી છે. દુર્ગુણો, અપલક્ષણો તથા દુષણો ટળી જવાથી પવિત્રતા ઉત્પન્ન થાય છે. જગતમાં દોષરહિત સજ્જનો પવિત્ર પુરુષોની ગણત્રીમાં ગણાય છે, તે લોકના સઘળા પવિત્ર પુરુષોમાં પણ જિનેશ્વરદેવો પવિત્રતમ્ છે એટલે તેમની કાયિક, વાચિક તથા માનસિક પવિત્રતાને કોઇ આંબી શકતું નથી. કારણ કે ત્રણ પ્રકારની પવિત્રતાને ધારણ કરનારી તેમના જેવી અદ્ભુત વ્યક્તિ ત્રિભુવનમાં જોવા મળી શકતી નથી. કાયામાં પરસેવા વિગેરેનો અભાવ, શ્વાસોશ્વાસ કમલ જેવો સુગંધી, માંસ અને રૂધિર ગાયના દૂધ જેવું શ્વેતવર્ણવાળુ, રોગનો અભાવ વિગેરે તેમના દેહની પવિત્રતા સૂચવે છે. વાણીમાં માધુર્ય સાતિશયતા અને જવલંત વૈરાગ્ય ઝરતો હોવાથી વાચિક પવિત્રતા છે, પરીષહો અને અન્યે કરેલા ઉપદ્રવોમાં મેરુની જેમ નિષ્પ્રકમ્પ ચિત્તની વૃતિને ધારણ કરનારા હોવાથી અજોડ માનસિક પવિત્રતા છે.

"**ગુણરત્નમહાગરં**" નિર્મલ જ્ઞાન તથા દર્શન, નિરતિચારચારિત્ર, ગહનગંભીરતા, હૃદયની વિશાલતા, ભારંડપક્ષીની માફક અપ્રમત્તતા સિંહસમાન શૂરવીરતા, કમળ જેવી નિર્લેપતા, સૂર્યસમાન તેજસ્વિતા, ચંદ્રસમાન સૌમ્યતા વિગેરે અગણિતગુણોની મોટી ખાણ સમા વીતરાગ દેવ છે. તાર્કિક શિરોમણિ પૂ. યશોવિજયજી મહારાજે ઋષભદેવ પ્રભુના સ્તવનમાં લખ્યું છે કે:

**"ગુણ સઘળા અંગીકર્યા,**
**દૂર કર્યા સવિ દોષ લાલ રે."**

અહીં પણ એવા આશયનું પ્રતિપાદન કરતાં કવિવર કહે છે કે-પ્રભુ એ ગુણ રત્નની મોટી ખાણ છે, કે જે ખાણમાં એક, બે, સંખ્યાત કે અસંખ્યાત

ગુણો નથી પણ અનંતાનંત ગુણોનો વાસ છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં અનંત ગુણોનો વાસ કેવી રીતે હોઇ શકે એવા પ્રશ્નને અવકાશ મળી શકે છે, તેના પ્રત્યુતરમાં એમ સમજવાનું કે પ્રભુજીના એક એક પ્રદેશમાં અનંત ગુણો સમાએલા છે, તેથી અનંત ગુણોની ખાણ સમા પરમાત્મા બની શકે. ગુણો એ પારકાના માગી લાવેલા અલંકારો નથી, પણ દોષોની બદી ટળવાથી જ આત્મામાં તેનો પ્રાદુર્ભાવ થાય છે. તેમાંય આત્મા પોતાનાજ ભગીરથ પુરુષાર્થથી ગુણરત્નની પ્રાપ્તિ કરે છે. તેમાંય વળી પુણ્યની પરાકાષ્ટા અને ગુણની પરાકાષ્ટાએ પહોંચેલા તારક તીર્થંકરો જ છે.

## ભવિકપંકજબોધદિવાકરં:-

ભવ્ય જીવોરૂપી કમલનો વિકાસ કરવા માટે ભગવાન સૂર્ય સમાન છે. રાત્રિમાં અંધકાર પ્રસરે છે અને સૂર્યવિકાસી કમળો બીડાઇ જાય છે. પ્રાતઃકાળમાં સૂર્યનો ઉદય જ્યારે થાય છે ત્યારે તે કમળોનો પૂર્ણ વિકાસ થાય છે એટલે ખીલી ઉઠે છે, તેમ ભવ્ય આત્માઓ સૂર્યસમા પરમાત્માનો જ્યારે ઉદય થાય, એટલે તેઓનું પવિત્ર સાન્નિધ્ય ભવ્ય જીવોને જ્યારે મળે ત્યારે આત્મામાં મિથ્યાત્વરૂપી અંધકારનો વિલય થાય છે અને સમ્યક્ત્વરૂપ આત્મવિકાસ સંધાય છે. આત્માના અભ્યુદયમાં પરમાત્મા એ અસાધારણ કારણ છે-"પરમાત્મા એ સમ્યક્ત્વ આદિ વિકાસમાં કારણ નથી. માત્ર હાજર રહેલ છે. સૂર્યના ઉદયથી કમલનો વિકાસ થતો નથી, પણ વિકાસ વખતે સૂર્યનો ઉદય હાજર રહે છે." આમ બોલનાર એ મિથ્યાભાષી અને ઉન્માર્ગ પ્રરૂપક તરીકે સિદ્ધ થાય છે. ઉપર જણાવેલા વિશેષણોથી વિભુષિત એવા શ્રી જિનેશ્વર દેવને હું રોજ નમસ્કાર કરું છું. જિનેશ્વર એટલે જિનમાં ઇશ્વર. જિન એટલે રાગ દ્વેષને જિતનારા સામાન્ય કેવલી. અરિહંત પરમાત્મા કેવલ જ્ઞાન સાથે સમવસરણ, પાંત્રીશ વાણી, અતિશય આઠ પ્રાતિહાર્ય વિગેરેનું ઐશ્વર્ય ધારણ કરનારા હોવાથી, સામાન્ય કેવલીઓમાં ઇશ્વર રૂપ છે. નમસ્કાર પણ પ્રકૃષ્ટ સમજવો એટલે નમસ્કાર્ય અને પૂજ્યપણાનો ભાવ જાગૃત કરવા સાથે

યોગ્ય મુદ્રાપૂર્વક પ્રણામ. શુદ્ધ ભાવપૂર્વક પરમાત્માને પ્રણામ કરનારો પૂજ્યતાની કોટીમાં આવી શકે છે અને પરમાત્મદશાને પામી શકે છે. પરમાત્માને કરેલો એક ભાવનમસ્કાર પણ આત્માને સંસાર સમુદ્રથી તારી શકે છે.

**''કુસુમા ભરણ ઉતારીને પડિમા ધરિયવિવેક**
**મજ્જન પીઠે સ્થાપીને કરીયે જળ અભિષેક.''** ।।૨।।

સ્નાત્ર પૂજાની રચના કરતાં પ્રારંભમાં પરમાત્માને પ્રણામરૂપ મંગળ કર્યા બાદ કવિવર્ય હવે પ્રભુજીને કુસુમાંજલિ કરવાનો ખ્યાલ આપે છેઃ- પ્રથમ પ્રભુજીના પવિત્ર અંગ પર ચઢાવેલા પુષ્પો તથા અલંકારો ઉતારી નાખવા. પુષ્પો અને આભુષણો શા માટે ચઢાવ્યાં હતા ? એથી શ્રી જિનેશ્વરની સાચા ભાવ સાથે સુંદર ભક્તિ થઇ શકે છે. ''અલંકારો ચઢાવવા એ વીતરાગીદેવને સરાગી બનાવવાનો ધંધો છે'' એવો મિથ્યા બકવાસ ઉન્મત પુરુષોને શોભે છે. ભલે એ પંડિત પણ ગણાતા હોય. છતાં બિચારા મૂઢતાના પ્રભાવે તેઓ દેવાધિદેવની ભક્તિના પ્રકારોનું રહસ્ય સમજી શક્યા નથી. આત્મામાં અધ્યવસાયની શુદ્ધિ અને વિવિધ નવા શુભભાવો પેદા કરવા માટે જ આકર્ષક અને મહાકિંમતી અલંકારો પહેરાવીને ભગવાનની ભક્તિ થાય છે. એ પૂજક માટે છે, તેથી વીતરાગી આત્મા કંઇ સરાગી બની જતા નથી, પુષ્પ અને આભૂષણો ઉતાર્યા બાદ **વિવેકપૂર્વક** પ્રભુના બિંબને ગ્રહણ કરી, સિંહાસન પર સ્થાપી, નિર્મલ પાણીનો અભિષેક કરવો. પ્રતિમાજીને બે હાથથી બહુમાન પૂર્વક ગ્રહણ કરી સિંહાસન પર સ્થાપવા એ વિવેક કહેવાય. એક હાથે પકડવાથી પરમાત્માની આશાતનાનું પાપ લાગે છે. વિવેક એટલે ઔચિત્યથી કાર્ય કરવાની વિશિષ્ટ સમજ. ધર્મી આત્માએ વિવેકને ભૂલી જવો ન જોઇએ. સર્વોચ્ચ કોટિના પૂજ્ય એવા પરમાત્માનું જેટલું જેટલું આપણે બહુમાન કરીએ, તેટલે તેટલે અંશે આત્મામાંથી સંસારનાં બહુમાન કપાય છે અને પક્ષપાત ખસવા માંડે છે.

મજ્જન પીઠ એટલે જેના પર પ્રભુજીને મજ્જન કરવામાં આવે અર્થાત્ જેના ઉપર નિર્મળ પાણીથી સ્નાન કરવામાં આવે તે સિંહાસન સમજવું. (પ્રભુનું

અંગ તો નિર્મળ અને પવિત્ર છે છતાં નિર્મળ પાણીથી સ્નાન કેમ કરવાનું ? ઉત્તર-આપણો આત્મા મલીન અને અપવિત્ર છે પ્રભુ પવિત્ર અને ઉજ્જવળ છે. પવિત્ર અંગને ધારણ કરનારા પ્રભુ પર જળનો અભિષેક કરીને મલીન એવા આપણા આત્માને નિર્મલ બનાવી શકીએ.)

## અભિષેક કરતી વખતે યોગ્યભાવ અને દ્રશ્યઃ-

જિનેશ્વર ભગવંતનો જ્યારે જન્મ થાય છે, ત્યારે ઇંદ્રોનાં સિંહાસનો કંપે છે. એ ત્યાં અવધિજ્ઞાનના ઉપયોગે પરમાત્માના જન્મને જાણી શકે છે. જન્મને જાણતાં પારાવાર આનંદ અનુભવે છે. જન્મકલ્યાણકના શાશ્વતિક આચારનું પાલન કરવા અતિ ઉત્સાહપૂર્વક તૈયાર થઇ જાય છે અને દેવોના પરિવાર સાથે આવી પ્રભુજીને મેરુ પર્વત પર લઇ જાય છે. ઇંદ્રોને સેવામાં અનેક દેવતાઓ મળ્યા છે છતાં કોઇ દેવતાને આ કાર્યમાં નહિ ભળાવતાં પોતાની જાતે જન્મકલ્યાણકની ઉજવણી કરવા માટે દોડધામ કરે છે અને એમાં પોતાના આત્માને મહાન પુણ્યશાળી માને છે.

**'જિણજમ્મસમયે મેરૂસિહરે રયણકણયકલસેહિં**
**દેવા સુરહિ ણ્હવિઉ તે ધન્ના જેહિં દિટ્ઠોસિ.'** ।।૩।।

મેરૂ પર્વત પર સુંગંધીદાર ઔષધિના મિશ્ર પાણીથી ભરેલા રત્નના, સુવર્ણના, રૂપાના વિગેરે આઠ પ્રકારના કળશોથી દેવો તથા દાનવો પ્રભુજીને જન્મ સમયે નવરાવે છે. ધન્ય છે તેઓને કે જેઓ વડે દેવો તથા દાનવોથી આ રીતે અભિષેક કરાતા એવા આપ, હે પ્રભુ ! જોવાયા છો. ધન્યવાદ એટલાજ માટે કે એ ઉત્સવથી સન્માન કરાતા એવા પ્રભુના દર્શન કરવા માત્રથી જન્મ કૃતાર્થ થાય છે, અને આત્મા બોધિબીજને પણ પામી જાય છે. પ્રભુનું દર્શન આત્મદર્શનની જ્યોતિને ઝડપથી પ્રગટાવનારું છે, પણ એ ક્યારે બને ? જીવનમાં દર્શન કરવાની અદભૂત કળા શીખી લેવાય ત્યારે. પરમાત્માના અભિષેક વખતે મેરુપર્વત પર દેવો અને દેવેન્દ્રો જન્માભિષેક ઉજવી રહ્યા છે એવો ચિતાર આંખ સામે ખડો કરવાનો, અને તે સમયે પ્રભુનાં દર્શન કરનાર

## શ્રી ઋષભદેવ પ્રભુને કુસુમાંજલિનું સમર્પણઃ

નિર્મલ જલ કળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે,
કુસુમાંજલિ મેલો આદિજિણંદા
જસુ ચરણકમળ સેવે ચોસઠ ઇંદ્રા કુસુમાંજલિ૦
સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી,
આતમ નિર્મળ હુઇ સુકુમાળી કુ૦ ।।૪।।

---

ખરેખર ધન્યને પાત્ર છે તે ભાવ પ્રગટ કરવાનો. ઉપરનું દશ્ય અને ભાવ પ્રગટ કરવાથી આત્મામાં પ્રભુની બહુમાનપૂર્વકની ઉંચી સેવા કરવામાં પ્રબલ જોમ અને ઉત્સાહ મળી શકે છે. અહો મારા પ્રભુજી કેટલા સર્વોત્તમ અને મહા ગુણીયલ ! દેવો જેના ચરણે ઝુકે એવા દેવેન્દ્રો પણ અદના સેવક બની, પરમાત્માની સેવાના ખૂબ ખૂબ રસિયા બને છે, અને ભક્તિરસની આનંદપ્રદ ધૂન જગાડે છે.

સુરો તથા અસુરો તીર્થંકર પ્રભુને નિર્મળ પાણીથી ભરેલા કળશ વડે અભિષેક કરે છે, પછી અમૂલ્ય વસ્ત્ર પ્રભુના અંગે પહેરાવે છે. એવા આદિશ્વર પ્રભુને કુસુમાંજલિ ચઢાવો. સિધ્ધ પરમાત્માની સમાન અનંતજ્ઞાનદર્શનાદિના ઉજ્જવલ સ્વરૂપને ધારણ કરનારા જે પ્રભુજીને અંગે જળનો અભિષેક કરીને સ્વાત્મા સારો કોમળ અને નિર્મળ બને છે એવા આદીશ્વર પ્રભુને કુસુમાંજલિ અર્પો.

પ્રભુનું અંગ તો દિવ્ય અને પવિત્ર છે, છતાં નિર્મળ પાણીથી સ્નાન કેમ કરવાનું ? પ્રત્યુતરમાં સ્નાત્રરચયિતા જળપૂજામાં જણાવે છે કે **"ન્હવણની પૂજા રે નિર્મલ આતમા રે"** એટલે કે આપણો આત્મા દુર્ગણોથી મલીન અને પાપોની પરવશતાથી કાળો છે, તેથી પ્રભુના પવિત્ર અંગ પર સ્વચ્છ જળનો અભિષેક કરવા રૂપી ભક્તિથી આત્માની મલિનતા તથા કાળાશ અવશ્ય દૂર કરી શકાય છે. અભિષેક કર્યા બાદ પ્રભુને કિંમતી ઉમદા વસ્ત્ર તથા કુસુમાંજલિ ચઢાવવી. કુસુમાંજલિમાં આમ તો ફૂલોનો ખોબો ભરવાનો હોય. પણ હાલ

## દેવોની કુસુમાંજલિના વિવિધ પુષ્પઃ

**મચકુંદ ચંપ માલઇ, કમલાઇ પુષ્ફપંચવણ્ણાઇ,**
**જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિં દિંતિ. ।।૫।।**

---

પ્રવૃત્તિમાં શુદ્ધ અખંડ ચોખા, લાલચોળ કેસર પુષ્પો વિગેરે દ્રવ્યો એકઠા કરવાથી તે બને છે.

મચકુંદ, ચંપો, માલતી, કમળ, વિગેરેના પાંચ વર્ણના પુષ્પથી શોભતી કુસુમાંજલિ દેવો જગતના નાથને જન્મ સમયે સમર્પે છે, એટલે કુસુમાંજલિથી દેવાધિદેવની પૂજા કરે છે.

રાગદ્વેષથી પીડાએલ જગત નિરાધાર છે, જેનો કોઇ બેલી નથી. નાથ તેને જ કહી શકાય કે જે આશ્રિતોને નહિ મળેલી ઇષ્ટ વસ્તુઓને મેળવી આપે છે, અને મળેલી વસ્તુઓનું સંરક્ષણ કરી આપે છે. આવા જગતના સાચા નાથ તરીકે તો કેવળ વિતરાગ પરમાત્મા જ બની શકે છે, કારણ કે કર્મના પનારે પડેલા દુઃખી જગતને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ માર્ગનું દાન કરે છે, અને એ માર્ગને પ્રાપ્ત કરાવી જીવો ને વધુ સ્થિર બનાવી સંરક્ષણ કરી આપે છે. મહાશ્રીમંતો, ચક્રવર્તીઓ, દેવો કે દેવેન્દ્રો પણ આવા નાથ તરીકે બનવાની તાકાત હરગીજ ધરાવી શકતા નથી, કારણ કે તેઓ સંપત્તિના નાથ બનવા છતાં સ્વયં પોતાનાજ સાચા નાથ તરીકે બની શકયા નથી. પુષ્પો પણ વિવિધ પ્રકારના, સુગંધીદાર, સુશોભિત અને તાજાં લાવી જગતના નાથની કુસુમાંજલિ દ્વારા પૂજા કરવી જોઇએ. કારણ કે કરમાયેલા, વાસી અને હલકા પુષ્પોથી પૂજા કરવામાં પ્રભુની આશાતના થાય છે.

રત્નના સિંહાસન પર પ્રભુને પધરાવવા. પ્રભુના ચરણે કુસુમાંજલિ અર્પવી. તે અર્પતા શાન્તિનાથ પ્રભુનું નામોચ્ચારણ કરવું. અર્થાત્ હવે શાન્તિનાથ પ્રભુને કુસુમાંજલિ ચઢાવો.

પરમાત્મા તો નાથના પણ નાથ છે, પૂજ્યના પણ પૂજ્ય છે અને ચક્રવર્તીના પણ ચક્રવર્તી છે, તેથી ત્રિભુવનનાથની પૂજા ઉત્તમ અને મહાન

## "શ્રી શાંતિનાથ પ્રભુને કુસુમાંજલિથી પૂજા:-"

**રયણ સિંહાસન જિન થાપીજે,**
**કુસુમાંજલિ પ્રભુ ચરણે દિજે,**
**કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા-૬**

## કુસુમાંજલિ સમર્પણનું અમોધફળ:

**જિણતિહું કાલયસિદ્ધની, પડિમાગુણભંડાર,**
**તસુચરણે, કુસુમાંજલિ, ભવિકદુરિતહરનાર, ।।૭।।**

---

કિંમતી પદાર્થોથી કરવી જોઇએ. રત્નના સિંહાસન પર પધરાવેલા પ્રભુની ઉપાસનાથી રત્નરૂપ માટીની માયાના રંગ ઓસરી જાય છે, અને પ્રભુની માયાના રંગથી પૂજક રંગાય છે.

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ એમ ત્રણ કાળના જિનેશ્વર ભગવંતો તથા સિદ્ધ પરમાત્માની પ્રતિમા, ગુણના ખજાનારૂપ છે. તે પ્રતિમાના ચરણે અર્પેલી કુસુમાંજલિ ભવ્ય જીવોના પાપનો નાશ કરનાર છે. "**જિન પ્રતિમા જિન સારિખી**" એવું તાર્કિકશિરોમણિ પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે, એટલે તીર્થંકર દેવની પ્રતિમા તીર્થંકર તુલ્ય છે. વિચરતા તીર્થંકર ભગવાનને જેવી રીતે ઇન્દ્રો સરખા બહુમાનથી પૂજતા હતા, તેવી રીતે પ્રભુની મૂર્તિ બહુમાન, આદર તથા ભક્તિને યોગ્ય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે પરમાત્મા પૂજવા લાયક છે.

## પ્રતિમાપૂજનથી થતા ફાયદા -

પ્રતિમાને પૂજવાથી તીર્થંકર દેવ પ્રત્યેની કૃતજ્ઞતાનું પાલન થાય છે. હૃદયમાં શુભ ભાવ પ્રગટ થાય છે. તીર્થંકર દેવની સ્મૃતિ થાય છે. તેમના પવિત્ર અને ઉચ્ચ આદર્શ જીવનનો તથા અનંત ગુણો અને ઉપકારનો ખ્યાલ આવે છે. એમની વીતરાગતાનું ભાન થવા સાથે એમના પર ચોળમજીઠનો પ્રેમ જામે છે. મોહની જડ ઉખેડી નાખવા માટે પ્રબળ જોમ તથા પુરુષાર્થ કરવાનુ અનુપમ પ્રેરણા બળ મળે છે. અશુભ ભાવ નામશેષ બની જાય છે.

શુભ અધ્યવસાયનો ધારાવાહી પ્રવાહ સતત ચાલ્યો રહે છે. આત્મા પુદ્ગલદર્શી મટી આત્મદર્શી બને છે. પ્રભુની આંતરશત્રુ કચરવાની શૂરવીરતા, ગંભીરતા, સહનશીલતા, ઉદારતા વિગેરે ગુણોનો ખ્યાલ આવવા સાથે પોતાની વિષયપરવશતા, કષાયોમાં ચકચૂરતા, સંજ્ઞા તથા ગારવોમાં મશગુલતા વિગેરે દુર્દશાઓનું ભાન થાય છે. પોતાની બહુબહુ અધમતાનું આંતરદર્શન પ્રગટ થાય છે. જિન ચૈત્ય અને જિન પ્રતિમાને નહિ માનનારો વર્ગ બિચારો પ્રતિમાના દર્શન, વંદન તથા પૂજનના અમૂલ્ય લાભથી ઠગાય છે. અને પરિણામે ભવસાગરમાં ભમ છે. પ્રતિમાના દર્શનથી દૂરિત એટલે પાપનો ધ્વંસ, વંદનથી ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ, અને પૂજનથી ઐશ્વર્યનો લાભ થાય છે. તે પ્રતિમાના ચરણે કુસુમાંજલિનું અર્પણ કરવાથી ભવ્ય જીવો પોતાના પાપને પખાળી નાખે છે. પાપમાત્રનો ધ્વંસ એ જિન પ્રતિમાના પૂજનનું ફળ છે.

## શ્રી નેમનાથ ભગવાનને કુસુમાંજલિઃ-

**કૃષ્ણાગરૂ વરધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે,**
**કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા ।।૮।।**

કૃષ્ણાગરૂ વિગેરે ઉત્તમ પ્રકારના ધૂપ પ્રગટાવી ધારણ કરવા, અને નેમનાથ પ્રભુના હસ્ત ઉપર સુગંધદાર કુસુમાંજલિ મુકવી. વાતાવરણને મઘમઘાયમાન કરી મુકે તેવી અનેક પ્રકારના ઉત્તમ ધૂપોથી પરમાત્માની પૂજા કરવામાં આવે તો મિથ્યાત્વ, વિકાર અને વાસનાની દુર્ગંધ દૂર ટળી જાય છે.

**જસુ પરિમલ બલ દહદિસિં, મહુકરઝંકાર સદ્દસંગીયા,**
**જિણ ચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ।।૯।।**

## પુષ્પોનું સૌરભબળ અને ભ્રમરની રસિકતાઃ-

જે કુસુમાંજલિના પુષ્પો દશે દિશાઓમાં તેજ સુંગંધ પ્રસરાવે છે, જેની દિગન્ત સુવાસને લેવા માટે ભમરાઓ આવી ઝંકાર એટલે એક પ્રકારનો અવ્યકત મધુર શબ્દ કરે છે અને તેથી શબ્દમય સંગીત શરૂ થાયં છે, દેવ અને

## શ્રી પાર્શ્વનાથપ્રભુને કુસુમાંજલિઃ-

**પાસ જિણેસર જગ જયકારી-**
**જલ થલ ફુલ ઉદક કર ધારી**
**કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા ।।૧૦।।**

---

માનવથી પરમાત્માના ચરણે અર્પેલી તે કુસુમાંજલિ સિદ્ધ થાય છે એટલે કે સફળ બને છે. સુવાસિત મનોહર પુષ્પોનો પમરાટ દશ દિશાઓમાં પ્રસરી જાય છે. તે પમરાટ આત્મામાં જિનની ભક્તિની અજબ પમરાટ પેદા કરે છે. ભમરાઓ પુષ્પોની સુવાસથી ખેંચાઇ આવી મધુર ગુંજારવ કરે છે, અને તે મધૂર ગુંજરાવ એ સૂચવે છે કે ભક્તિ રસામૃતનું પાન કરનાર આત્માએ પ્રભુ ભક્તિની પાછળ ભમરાની માફક જીવનને ન્યોછાવર કરવું જોઇએ. પરમાત્માના ચરણની ઉપાસના ચારિત્રમોહનીય કર્મને ચુરે છે અને ચતુર્ગતિરૂપ સંસાર ચક્રનો સમૂલ અંત લાવે છે.

શ્રી પાર્શ્વનાથ તીર્થંકર જગતનો વિજય કરનારા છે. સરોવરોમાં તથા ભૂમિ ઉપર થનારા પુષ્પો અને પાણી હાથમાં ધારણ કરી તે પાર્શ્વનાથ પ્રભુના ચરણે કુસુમાંજલિ સ્થાપવી. પાર્શ્વનાથ પ્રભુની માતાએ સ્વપ્નમાં પોતાને એક પડખે જતાં એક સર્પને જોયો, તેથી પ્રભુનું નામ પાર્શ્વનાથ રાખ્યું. જગ જયકારી એટલે શું ? જગ એટલે સંસાર, સંસાર એટલે વિષય અને કષાય અથવા કર્મ, એના ઉપર પ્રભુ વિજય મેળવનારા છે. અથવા પ્રભુ વિશ્વમાં વિજયવંતા વર્તે છે. અથવા પ્રભુએ એક ગતિથી બીજી ગતિમાં ભટકવારૂપ સંસાર પર વિજય કર્યો છે એટલે પ્રભુને હવે ભવભ્રમણ રહ્યું નથી.

**મુકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ,**
**તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ।।૧૧।।**

**વિવિધ કુસુમવર જાતિ ગહેવી, જિન ચરણે પણમંત ઠવેવી,**
**કુસુમાંજલિ મેલો વીર જિણંદા ।।૧૨।।**

## દુરિતચક્રને ભેદનાર કુસુમાંજલિનું પ્રભુ મહાવીરને સમર્પણઃ-

દેવો પ્રભુ મહાવીરના સુકુમાલ ચરણે કુસુમાંજલિ મુકે છે. શા માટે ? કહો પ્રભુના ચરણે મુકાતી કુસુમાંજલિ એ ભવ્ય જીવોના ત્રણે કાળના પાપનો નાશ કરે છે. ઉત્તમ જાતિના વિવિધ પુષ્પો ગ્રહણ કરવા અને પ્રભુજીને ચરણે પ્રણામ કરવા સાથે પુષ્પો ચઢાવવા, એમ પ્રભુ મહાવીર દેવના પૂનીતચરણે કુસુમાંજલિ સ્થાપવી. જગતમાં સુંદર શરીર ધારણ કરનારા દેવ, દાનવ, માનવ તથા વિદ્યાધરોમાંય સર્વોત્કૃષ્ટ સુંદર શરીરને ધારણ કરનારા અરિહંત જ હોય છે, કારણ કે તીર્થંકર નામકર્મ સહવર્તી ઉચ્ચતમ પુણ્યને લીધે સર્વોતમ કોટિના પુદગલોથી તેમનું શરીર બનેલું હોય છે. અનુત્તર વિમાનવાસી દેવતા તથા ગણધર ભગવંતોના શરીર કરતાં પણ પરમાત્માના શરીરનું સૌન્દર્ય અનંતગણું હોય છે. તેથી તેમના ચરણ પણ અતિશય સુકોમલ છે. તે સુકુોમલ ચરણોની ઉપાસના ભવ્ય આત્માના ત્રણે કાળના પાપો ચુરી નાખે છે, કારણ કે શુભ અધ્યવસાયની શ્રેણિ પર આત્મા તે અવસરે આરુઢ બને છે. ભૂતકાળના પાપોમાંથી કેટલાકનો ક્ષય, તો કેટલાકની અપવર્તના-સ્થિતિહાસ અને કેટલાક સંક્રમણ દ્વારા બંધાતા શુભ કર્મમાં પડી શુભ રૂપે બની જાય છે. ગમે તે રીતે પણ પોતાનો ક્ષય થાય છે. નાગકેતુ મહાત્માને પરમાત્માની પુષ્પ પૂજા કરતાં કરતાં સર્પ કરડ્યો, પણ એ પુષ્પપૂજાનું આલંબન અખંડ રાખી શુભ ધ્યાનમાં સ્થિર બન્યા અને ચાર ઘાતી કર્મનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાનને પામ્યા.

ચરણની ઉપાસનાથી વર્તમાનમાં શુભ ભાવ પેદા થાય છે, એટલે અશુભકર્મ પ્રકૃતિઓને બંધાતી અટકવા રૂપે વર્તમાનના પાપનો ક્ષય ગણાય, તેમ ભૂતકાળનાં પાપ પણ ઉપર કહ્યું તેમ નાશ પામે. એ બે તો ઘટી શકે છે. પણ ભવિષ્યકાળનાં પાપનો નાશ કેવી રીતે ? કેમકે હજી તો એ બંધાયા નથી, તેમ વર્તમાન બંધાવાની સ્થિતિમાં નથી, તો પછી પાપની હયાતી વિના નાશ કોનો ?

**ઉત્તર :** તેનું સમાધાન એ રીતે કરી શકાય કે જિનના ચરણોની વિશુદ્ધ ઉપાસના દ્વારા પુણ્યાનુબંધીપુણ્યના અનુબંધ પડે છે, જેથી ભવિષ્યકાળમાં શુભ કર્મના બંધ પડે છે, તેથી અશુભનું રોકાણ થાય છે.

## જિનના જન્માભિષેક પ્રસંગે દેવેન્દ્રો તથા દેવોનું કર્તવ્ય:-

**ન્હવણ કાળે ન્હવણકાળે, દેવ દાણવ સમુચ્ચિય,**
**કુસુમાંજલિ તહિંસંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય,**
**જિણ પયકમલે નિવડેંઇ, વિગ્ઘહર જસ નામ મંતો,**
**અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ,**
**સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ**
**કુસુમાંજલિ મેલો ચઉવીસ જીણંદા. ।।૧૩।।**

---

અરિહંત પ્રભુના જન્માભિષેક વખતે દેવો તથા દાનવો ભેગા થઇને, પ્રભુના ચરણે કુસુમાંજલિ અર્પે છે. જે પુષ્પોની સુગંધી સુવાસ દિશાઓમાં ફેલાઇ જાય છે. તે સુરાસુરોના દેહ જિનના ચરણકમલમાં નમી પડે છે. જે પ્રભુનું નામ એ મહામંગલ સમાન હોવાથી સર્વ વિઘ્નોનો નાશ કરનાર છે, તે અનંતી ચોવીશીમાં થએલા અનંત ચોવીસ તીર્થંકરોને સર્વ ઇન્દ્રોએ મળીને કુસુમાંજલિથી બહુમાનપૂર્વક પૂજ્યા, તે કુસુમાંજલિ ચતુર્વિધ સંઘને વિશેષ કરીને શુભકારિણી એટલે સુખકરનારી બનો. એમ વિચારી ચોવીસે જિનને કુસુમાંજલિ ચઢાવો.

ન્હવણ કાળે એ શબ્દ બેવાર લખ્યો તેનો અર્થ દરેક દરેક જિનના જન્માભિષેક સમયે એમ સમજવો. કારણ કે દેવો તથા દેવેન્દ્રોનું જન્મ કલ્યાણક ઉજવવાનું કાર્ય શાશ્વત છે. જ્યારે જ્યારે અરિહંત પ્રભુ જન્મે ત્યારે ત્યારે જન્મોત્સવ કરે. પ્રભુના નામસ્મરણનો એવો અજબ પ્રભાવ છે કે ઉપસ્થિત થએલા વિઘ્નના વાદળો તુરત વિખરાઇ જાય છે. ભયાનક અટવીમાં પ્રભુના નામ સ્મરણના પ્રભાવે આવેલા શિકારી, સિંહ, વાઘ વિગેરે પશુઓ સ્તબ્ધ થઇ ગયા અને નાશી ગયાના દાખલા છે. અભિષેક સમયે ૬૪ (ચોસઠ) ઇન્દ્રો ભેગા થાય છે જેમાં ભુવનપતિના વીશ (૨૦) વ્યંતરના (૧૬) સોળ, વાણ્યવ્યંતરના (૧૬) સોળ, જ્યોતિષીના સૂર્ય ચંદ્ર (૨) બે અને વૈમાનિકના ૧૦ નો સમાવેશ થાય છે. ચતુર્વિધ સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને

## અનંત ચોવીશીના જિનોને કુસુમાંજલિઃ-

**અનંત ચઉવીસી જિનજી જુહારું,**
**વર્તમાન ચઉવીસી સંભારૂં,**
**કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા ।।૧૪।।**

**મહાવિદેહમાં વિચરતા વીસ તીર્થંકરોની પૂજાઃ-**

**મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ,**
**ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ।।૧૫।।**

---

શ્રાવિકારૂપ જાણવો. તે કુસુમાંજલિ સકળ સંઘનું કલ્યાણ કરો.

૧૪ ભૂત, ભવિષ્ય કાળની અનંતી ચોવીશીના અનંતા તીર્થંકર ભગવંતોને જુહારું છું, વંદના કરું છું. તથા વર્તમાન કાળની ચોવીશીના ચોવીશ તીર્થંકરોને પણ વંદનામાં યાદ કરું છું. તે ચોવીશ તીર્થંકરોને કુસુમાંજલિ સમર્પવી.

અઢી દ્વીપના પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી તથા અવસર્પિણીના કાળચક્રો ચાલ્યા કરે છે. એક ઉત્સર્પિણી તથા એક અવસર્પિણી મળી એક કાળચક્ર બને છે. એ દરેક ઉત્સર્પિણીમાં અને દરેક અવસર્પિણીમાં એકેક ચોવીસીના તીર્થંકરો જન્મે છે. એમ એક કાળચક્રમાં બે ચોવીસી થાય. એ હિસાબે આજ સુધીમાં અનંત કાળચક્ર પસાર થયા, તેમાં અનંત ચોવીસી થઇ ગઇ, તથા વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરો, એમ તે સર્વને વન્દના પૂર્વક કુસુમાંજલિ મુકવામાં આવે.

૧૫ મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનકાળે વીસ તીર્થંકરો વિચરે છે, તેમને વીસ વિહરમાન જિન કહેવાય છે. વિશાળ ભક્તિથી તે તીર્થંકરોને વંદના કર્યા અને પૂજ્યા. એવા તે તીર્થંકરો સંઘનું કલ્યાણ કરો. મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્સર્પિણી ત્થા અવસર્પિણીના કાળચક્રો ચાલતાં નથી. સદાને માટે ત્યાં ચોથા આરા જેવો એકસરખો કાળ વર્ત્યા કરે છે. કોઇ પણ કાળે ત્યાં તીર્થંકર ભગવંતનો વિરહ હોતો નથી. જિનેશ્વર દેવ જરૂર વિચરતા હોય છે. એ વિચરતા તીર્થંકરો અહિંથી અતિશય દૂર હોવા છતાંય અહીં ખૂબ જ ભક્તિથી પૂજાયા થકા સંઘનો

## સર્વ જિનેશ્વરોને કુસુમાંજલિઃ-

**અપછર મંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા,**
**કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ।।૧૬।।**

---

વિશ્વવિજય કરો. દૂર એવા વિચરતા પ્રભુની ખૂબ ભક્તિ અહીં બેઠા કરવાથી પણ સંઘ મહાન અભ્યુદય મેળવે છે.

૧૬ અપ્સરાઓનો સમુદાય પ્રભુ આગળ મધુર ગીતો ગાઇ રહેલ છે. એમાં સુંદર એવા શ્રી વીરપ્રભુના વિશ્વવિજયનો જયકાર બોલાવે છે, અથવા શ્રી શુભવિજયજી મહારાજના શિષ્ય શ્રીવીરવિજય જેનો જયકાર કરે છે એવી કુસુમાંજલિ સર્વ તીર્થંકરોને યાદ કરવા પૂર્વક મૂકવી. પૂર્વે તીર્થંકરોના નામગ્રહણ કરી કરીને પુષ્પાંજલિ મૂકી, તે અહીં સર્વ તીર્થંકરોને એકી કાળે યાદ કરી પુષ્પાંજલિ આપવાની-

આ અવસર્પિણીના યુગમાં પ્રથમ તીર્થંકર તરીકે આદિનાથ ભગવંત થયા તેથી પ્રથમ કુસુમાંજલિ તેમના નામથી અપાઇ ત્યાર બાદ સકળ સંઘની શાંતિને કરનારા, પ્રતિષ્ઠા, શાંતિસ્નાત્ર, શાંતિકળશ વિગેરે શાંતિસમાધિકર મંગલઅનુષ્ઠાનોમાં વિશેષ પ્રકારે **શ્રી શાંતિનાથ પ્રભુનું** પૂજન થાય છે માટે બીજી કુસુમાંજલિ શાંતિનાથ પ્રભુને મૂકાઇ. ત્યાર પછી કર્મરૂપી અપમંગળને ટાળવા માટે ચક્રની ધારા સમાન **નેમનાથ ભગવાન** હોવાથી ત્રીજી કુસુમાંજલિ તેમને અપાઇ, ત્રેવીશમા તીર્થંકર **પાર્શ્વનાથ પ્રભુ** પ્રગટપ્રભાવી હોવાથી ચોથી કુસુમાંજલિ તેમને અપાઇ, વર્તમાન શાસનના અધિપતિ, આસન્નોપકારી **પ્રભુ મહાવીર દેવ** હોવાથી પાંચમી કુસુમાંજલિ તેમને મુકાઇ, પછી વર્તમાન ચોવીશીના ચોવીશ, અનંત ચોવીશીના ૨૪-૨૪ તીર્થંકરોને છઠ્ઠી, વીસ વિહરમાન જિનને સાતમી, અને સમસ્ત તીર્થંકર દેવોને આઠમી કુસુમાંજલિ આપવામાં આવી. આઠ કુસુમાંજલિ આઠ કર્મોનો નાશ કરાવી આઠગુણસિદ્ધ એવા મોક્ષપદ અપાવે છે.

**અહીં કુસુમાંજલિનો અધિકાર પૂર્ણ થાય છે.**

જન્મકલ્યાણક વિધિનું વર્ણન.

**સયલજિણેસર પાય નમી, કલ્યાણકવિધિ તાસ,**
**વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પુગે આશ. ॥૧॥**

**સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખરમ્યા,**
**વીશ સ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ૧**

**જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવકરું શાસન રસી,**
**શુચિ રસ ઢળતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં. ૨**

**સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી,**
**ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે. ૩**

**પટરાણી કુખે ગુણાનીલો, જેમ માનસરોવર હંસલો.**
**સુખશય્યાએ રજની શેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ૪**

---

સયલ૦ સઘળા તીર્થંકરોને ચરણે નમસ્કાર કરી તેમના જન્મકલ્યાણકની વિધિનું વર્ણન કરીશ કારણકે તેનું વર્ણન કરતાં તથા સાંભળતાં સંઘની આશાઓ પૂર્ણ થાય છે, સફળ નીવડે છે. દરેક જિનેશ્વર ભગવંતના કલ્યાણકો પાંચ જ હોય છે. તે અનુક્રમે ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષ, એ પ્રમાણે હોય છે, દેવો તથા દેવેન્દ્રો પાંચે કલ્યાણકોની ઉજવણી કરે છે. અહીં શ્રી જિનેશ્વર દેવોના જન્મ કલ્યાણકની ઉજવણીનો પ્રસંગ અદ્ભૂત રીતે કવિવર્ય સુંદર પદ્યોમાં વર્ણવશે.

## તીર્થંકર નામકર્મની નિકાચના તથા શ્રી તીર્થંકર દેવનું ચ્યવન કલ્યાણકઃ

તીર્થંકર બનવાના પૂર્વના ત્રીજા ભવે પ્રભુ ચોથા સમ્યક્ત્વ

ગુણસ્થાનકમાં ઓતપ્રોત થયેલા હોય છે તેમજ તે ભવમાં ચારિત્ર અંગીકાર કરી તેના સુખમાં ખૂબ રમણતા કરે છે. વીશસ્થાનકમાં કોઇ એક, બે, ત્રણ અથવા વીશે સ્થાનકની તપશ્ચર્યા તપવા દ્વારા વિધિપૂર્વક આરાધના કરે છે વીશસ્થાનકની આરાધના કરતાં કરતાં પ્રભુ ચિત્તમાં એવી ઉત્કૃષ્ટ ભાવદયા ઉલ્લસાવે છે (જગતના જીવોની નિરાધાર અને દુઃખિત દશાને નિહાળી એવા ઉત્તમ કરુણામય અધ્યવસાયમાં આરૂઢ બને છે.) કે ''ક્યારે મારામાં એવી તાકાત આવી જાય કે કર્મના ઉપદ્રવથી પીડાતા જગતના સર્વ જીવોને જિન શાસનના રસીયા બનાવી દઉં ! અર્થાત્ તમામ પ્રાણીઓને ભવસાગરથી ઉદ્ધરવા મોક્ષમાર્ગના પથિક બનાવી દઉં'' એ ભાવદયાનો પવિત્ર રસ આત્મામાં પૂર્ણતાની પરાકાષ્ઠાએ પહોંચી જવાથી ત્યાં તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરે છે. એટલે અવશ્ય ભોગવવા યોગ્ય બનાવે છે. પછી ત્યાં સરાગ ચારિત્રનું યથાર્થ પાલન કરી આયુષ્યની પૂર્ણાહુતિ થયા બાદ વચમાં એક દેવનો ભવ કરી, ત્યાંથી ચવીને પાંચ ભરત, પાંચ ઐરાવત, પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્રમાંથી કોઇ પણ એક ક્ષેત્રમાં મધ્યખંડના આર્યદેશમાં રાજકુલમાં અવતરે છે. ત્યાં પણ રાજાની પટરાણીની કુક્ષિમાં અવતરે. જેમ માનસરોવરમાં હંસ શોભે, તેમ માતાની કુક્ષિમાં આ ગુણનિધિ પ્રભુ શોભે છે. જ્યારે પ્રભુ માતાના ઉદરમાં પધારે ત્યારે માતા સુખાકારી પલંગમાં પોઢેલા હોય છે ત્યાં હજી રાત્રિ બાકી હોય છે અને માતા ચૌદ મહાસ્વપ્નોને આકાશમાંથી ઉતરતા દેખે છે. તીર્થંકર પ્રભુના ભવોની ગણતરી સમ્યક્ત્વ પામ્યા પછી કરાય છે. એમાં કેટલાય તીર્થંકર દેવોને સમ્યક્ત્વ પછીના બે ભવમાં તીર્થંકર પદ મળે છે. તીર્થંકરપણું ઉપાર્જાવનાર સમ્યકત્વને **વરબોધિ** તરીકે શાસ્ત્રોમાં કહેલું છે. સમ્યક્ત્વ એટલે અરિહંત દેવોએ ભાખેલા જીવાદિ નવતત્ત્વો પરની અથાગ રુચિ, અને સંપૂર્ણ વિશ્વાસ. तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइअं ! જે જિનેશ્વરદેવે ભાખ્યું તે જ સાચું અને નિઃશંક છે એવી આત્માની શ્રદ્ધાભરી લાગણી. પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલા જીવ સમ્યક્ત્વ પામ્યા બાદ અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકે આવી જાય છે. સમ્યક્ત્વ એ આત્માનો મૌલિક ગુણ છે. સમ્યક્ત્વને પામી ચૂકેલો આત્મા ક્રમશઃ ગુણવિકાસના સોપાન

ઉપર પગલાં મૂકે છે.

તીર્થંકર થવાના પૂર્વેના ત્રીજા ભવે અરિહંત પરમાત્મા પ્રાયઃ ચારિત્ર સ્વીકારી અવશ્ય વીશ સ્થાનકોમાંના કોઇપણ પદની અથવા વીશે પદની આરાધના કરે છે. તીર્થંકર દેવનો આત્મા અનાદિકાળથી વિશિષ્ટ યોગ્યતાને વરેલો અને ગંભીરતા, પરોપકાર-વ્યસનીપણું વિગેરે ગુણોથી વિરાજમાન હોય છે. એમને અરિહંતાદિ વીશ સ્થાનકોની આરાધના કરતાં કરતાં અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટે છે. કર્મના જુલમથી અતિશય ત્રાસ પામી રહેલા જગતને નિહાળી હૈયું હચમચી ઉઠે છે. અને એમાં ભાવ દયાનો અસ્ખલિત પ્રવાહ શરૂ થાય છે. દુઃખી, દીન, લૂલાં, પાંગળાં વિગેરેને જોવાથી જે આત્મામાં કુમળો પરિણામ જાગે છે અને તેના તે તે દુઃખને દૂર કરવાની ભાવના જાગે છે તે **દ્રવ્યદયા** છે. કર્મની ભઠ્ઠીમાં શેકાતા ચાર કષાયોની ચંડાળ ચોકડીથી બળાતા, ચોરાશીના ચક્રાવામાં અથડાતા, નિજનું સ્વરુપ અને ગુણોની ઓળખાણ તથા પ્રાપ્તિ તરફ બેદરકાર બની પોતાના જ ગુણોને લૂંટનારા મોહાદિ આંતર શત્રુઓની સાથે ગાઢ મિત્રાચારી કરતા દુનિયાના જીવોની અતિ દુઃખદ દુર્દશાને જોઇ, તેમાંથી બચાવી લેવાની અને આત્મકલ્યાણના માર્ગે ચડાવી દેવાની કરુણામય લાગણી તે **ભાવદયા.** પ્રભુને સંસારમાં ભટકતા પ્રત્યેક પ્રાણીનો ઉદ્ધાર કરવાની અને શાસનના રસીયા બનાવવાની તીવ્ર કામના જાગે છે તેથી પરમાત્માનું ભાવદયાનું ક્ષેત્ર અતિશય વિશાળ અને ઉન્નત બની જાય છે. જગતમાંથી તીર્થંકરદેવ જેવા બીજા કોઇપણ **પરમદયાળુ** હતા નહિ, છે પણ નહિ, અને ભવિષ્યમાં થશે પણ નહિ. દ્રવ્યદયામાં તાત્કાલિક સુખી બનાવવાની તમન્ના છે, જ્યારે ભાવદયામાં તો પરિણામે મહાસુખી અને કર્મવિટંબણાથી પૂર્ણ સ્વતંત્ર બનાવવાની પ્રબળ ઇચ્છા છે, માટે દ્રવ્યદયા કરતાં ભાવદયાના મૂલ્ય ઘણાં ઉંચા છે. રાષ્ટ્ર, દેશ કે સમાજની સેવાના ભેખને લેનારાઓને આત્મકલ્યાણના સાચા માર્ગને જીવનમાં અપનાવ્યા વગર ચાલશે નહિ. માનેલી ગુલામી નાબુદ થવા છતાં પણ જ્યાં સુધી કર્મસત્તાની ભયંકર ગુલામી આત્મા પર લદાયેલી છે અને કર્મસત્તાની પરતંત્રતાના પિશાચી પાશમાંથી જ્યાં સુધી

## તીર્થંકરની માતાએ જોયેલા ચૌદ મહાસ્વપ્નો.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠ્ઠો,
ત્રીજે કેસરીસિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧

પાંચમે ફુલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા,
રવિ રાતો ધ્વજ મોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨

દશમે પદ્મ સરોવર, અગીયારમે રત્નાકર,
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩

સ્વપ્ન લહી જઇ રાયને ભાખે, રાજા અર્થ પ્રકાશે,
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

---

નીકળી શકાય નહિ ત્યાં સુધી આત્માને સાચું સુખ, અને પૂર્ણ શાન્તિ સાથે સ્વાતંત્ર્ય મળી શકે જ નહિ. સ્વોપકાર કરવા સાથે **જગતમાત્રની કલ્યાણ કરવાની** કમનીય કામના (સુંદર ભાવના)ના બળે પ્રભુ **તીર્થંકર નામકર્મની નિકાચના** કરે છે, એટલે જે જિન નામ કર્મબંધાય છે. તેનું ફળ અવશ્ય આવે એવો બંધ કરે છે. ત્યારે **પોતાના કુટુંબનો** ઉદ્ધાર કરવાના અધ્યવસાયવાળો જીવ ગણધર પદને યોગ્ય શુભકર્મ બાંધે છે. સરાગ દશામાં પાળેલા સંયમને સરાગસંયમ કહેવાય છે, અને તે દશમાગુણસ્થાનક સુધી હોય છે. પ્રભુ સરાગ સંયમ પાળી દેવલોક સિધાવે છે અને ત્યારબાદ પંદર ક્ષેત્રમાંથી કોઇપણ ક્ષેત્રમાં જન્મ પામે છે. પાંચ ભરત, પાંચ ઐરાવત, અને પાંચ મહાવિદેહ એમ મળીને કુલ પંદર ક્ષેત્રો થાય છે, અને તે ક્ષેત્રોને કર્મભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. શ્રી તીર્થંકરદેવ માતાની કુક્ષીમાં આવે ત્યારે માતા ચૌદ મહાસ્વપ્નો અવશ્ય જુએ છે. સામાન્ય રીતે શ્રી તીર્થંકરદેવો દેવલોકમાંથી આવનારા હોય છે. એટલે સ્નાત્રકારે પદ્યમાં દેવલોકનું નામ ગ્રહણ કર્યું છે. પહેલી ત્રણ નરકમાંથી આવનારા જીવો પણ તીર્થંકર બની શકે છે. શાસ્ત્રોમાં ત્રીસ સારા સ્વપ્નોનું વર્ણન કરેલું છે. તેમાં ચૌદ મહાસ્વપ્નો છે. તીર્થંકરની માતા તે ચૌદ સ્વપ્નોને જોઇને જાગી જાય છે. માતાએ આ ચૌદ મહાસ્વપ્નોને જોવા એ ખરેખર

માતાના ગર્ભમાં આવનાર પરમ પુરુષના આગમનનોજ અજોડ પ્રભાવ છે. અધ્યાત્મયોગી, પરોપકાર-વ્યસની અને પ્રબળ પુણ્યવંતા તીર્થંકરોના જીવનનો પ્રભાવ અને માહાત્મ્યનું બૃહસ્પતિ પણ વર્ણન કરવા માટે અસમર્થ છે.

પ્રભુની માતા પ્રથમ સ્વપ્નમાં ચાર દાંતવાળા, ક્ષીરસમુદ્રના ફીણ સમાન સફેદવર્ણવાળા, ગંભીર અવાજને કરનારા, લક્ષણોપેત **સુંદર હાથીને** જુએ છે. બીજા સ્વપ્નમાં મનોહર ખાંધવાળા, સુકુમાળરોમરાજીને ધારણ કરનારા, લષ્ટપુષ્ટ અને સુરચિત અંગથી સુશોભિત, અપરિમિત મંગળના દ્વારભૂત **બળદને** દેખે છે. ત્રીજામાં ચાંદીના પર્વતની માફક સફેદ, ગોળ, પુષ્ટ અને તીક્ષ્ણ દાઢાવાળા, વિમલ ચક્ષુથી વિરાજિત, મૃદુ અને સૂક્ષ્મ કેશવળીને ધારણ કરનારા, સૌમ્યમુદ્રાયુક્ત, પોતાના મુખમાં પ્રવેશ કરતા એવા **સિંહને**, ચોથામાં પૂર્ણચંદ્ર જેવા મુખવાળી, કમળ જેવા નયનવાળી, હિમવંત પર્વતના શિખર પર પદ્મદ્રહ સરોવરના કમળ પર રહેનારી, પ્રમાણોપેત અને મનોહર અંગથી દીપતી, હાથીઓની સૂંઢો દ્વારા અભિષેક કરાતી **શ્રીદેવીને**, પાંચમામાં મોગરો, ચંપક, જાઇ જુઇ વિગેરે સુગંધીદાર પુષ્પોથી શોભતી, પુષ્પોના પરિમલથી દશે દિશાઓને સુવાસિત કરતી, ભમરા ભમરીઓના ગુંજારવથી યુક્ત **ફુલની માળાને**, છઠ્ઠામાં સમુદ્રફીણ કે કંદપુષ્પ જેવા સફેદ વર્ણવાળો, અંધકારનો નાશ કરનારા અને ચંદ્રવિકાસીકમળોને વિકસાવનાર **પૂર્ણચંદ્રને**, સાતમામાં તેજસ્વી સૂર્યવિકાસી કમળોને વિકસાવતા, પોપટના મુખ સમાન લાલ વર્ણથી મંડિત, મેરુપર્વતની આસપાસ સતત પ્રદક્ષિણા દેનાર દર્શનીય એવા **ઉગતાસૂર્યને**, આઠમામાં સુવર્ણ દંડની ટોચે રહેલી, મોરના પીંછાવાળી, સિંહના ચિન્હયુક્ત, પવનથી ચાલતી અને અતિશય મોટી એવી **ધજાને**, નવમામાં નિર્મળ પાણીથી ભરેલા, કમળના સમૂહથી શોભતા, નયનોને આનંદ ઉપજાવતા, વિવિધ પુષ્પોની માળાઓથી દર્શનીય એવા **રૂપાના મોટા કળશને**, દશમામાં ઉગતા સૂર્યના કિરણોથી થયેલા લાલ પીળા પાણીને ધારણ કરનાર, ગુંજારવ કરતા અનેક ભમરાઓવાળા વિવિધ કમળોથી વિરાજિત કલહંસ, સારસ, વિગેરે પક્ષીઓથી સેવાયેલા **પદ્મ સરોવરને**, અગીયારમા સ્વપ્નામાં

ચારે દિશાઓમાં વધતા જતા પાણીવાળા, મોટા મગરમચ્છ, તથા બીજા અનેક જળચરોના પુચ્છો પાણીમાં પછડાવાથી સફેદ ફીણવાળા, પાણીના આવર્તયુક્ત **ક્ષીર સમુદ્રને**, બારમામાં હરણ, બળદ, ઘોડો, પક્ષી, હાથી, વિગેરેના ચિત્રોથી શોભતું, ગંધર્વોના વાજિંત્રોના નાદવાળું, દેવદુદુંભિના શબ્દથી સકળ લોકને પુરનારું કાલાગરુ વિગેરે ધૂપોથી મઘમઘાયમાન સુગન્ધવાળું અને દિવ્ય કાન્તિવાળા સુરવરોથી રમણીય **વિમાનને**, (દેવલોકમાંથી આવતા તીર્થંકરની માતા વિમાનને જુએ છે, જ્યારે નરકમાંથી આવતા તીર્થંકરની માતા ભવનને જુએ છે) તેરમામાં પ્રવાલ-સ્ફટિક, મરકત, ચંદ્રકાન્ત વિગેરે રત્નોથી સુશોભિત, ગગન મંડળને પ્રકાશિત કરતા ઉંચા એવા **રત્નના રાશિને**, અને ચૌદમામાં મધુ અને ઘૃતથી સિંચાયેલી જ્વાળાથી દેદીપ્યમાન, અતિશય વેગવાન, ધૂમ વિનાના **અગ્નિને**, એમ ચૌદ મહાસ્વપ્નોને જુએ છે, અને ખૂબ આનંદને અનુભવે છે.

## ચૌદ સ્વપ્નોનું રહસ્ય

પહેલું **ચાર દાંતવાળો હાથી**-દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારે પ્રભુ ધર્મને કહેશે અને નરક, તિર્યંચ મનુષ્ય, અને દેવગતિ એમ ચાર ગતિનો અંત કરશે અને કરાવશે એમ સૂચવે છે.

બીજું **બળદ**-તે સંયમની ધુરાના ભારને વહન કરવા માટે વૃષભ જેવા પ્રભુ ભવ્ય જીવરૂપી ક્ષેત્રમાં બોધિબીજનું વહન કરશે. અને બળદને ઉંચી ખાંધ હોવાથી, પ્રભુ ઉચ્ચ ગોત્ર અને ઉમદા વંશમાં જન્મ ધારણ કરશે એ સૂચન છે.

ત્રીજું **સિંહ**-અન્ય કુતીર્થિકારૂપી શિકારી પશુઓથી પીડાતા ભવ્ય પ્રાણીઓને સિંહસમાન પરાક્રમી પ્રભુ તે પીડામાંથી બચાવી લેશે. પરિષહરૂપી હાથીઓને સહાય વિનાના નિર્ભીક પ્રભુ સિંહની જેમ જીતી લેશે.

ચોથું **લક્ષ્મી**-વાર્ષિક દાનનો વરસાદ વરસાવી પ્રભુ તીર્થંકરપણાની લક્ષ્મીને મેળવશે, લક્ષ્મી કહે છે કે પ્રભુના સંગથી મારું ચંચળ સ્વભાવરૂપી દૂષણ દૂર થઇ જશે, અર્થાત્ પ્રભુના ભક્તને ત્યાં લક્ષ્મી સ્થિર થશે, એટલે કે કમળને બદલે ભક્તને પ્રભુસંગીને ત્યાં લક્ષ્મીનો નિવાસ રહેશે.

પાંચમું **ફુલની માળા**-પ્રભુની આણા ત્રણ જગતના જીવો શિરોમાન્ય કરશે અને પ્રભુની યશોસૌરભ વસુંધરાને પુષ્પમાળની જેમ સુવાસિત કરી દેશે.

છઠ્ઠું **ચંદ્રમા**-ચંદ્રમાં કહે છે કે હું તારા પુત્રરત્નના સંસર્ગથી નિષ્કલંક થઇશ. ચંદ્રની જેમ પ્રભુ પૃથ્વી વલયને શમરૂપી જ્યોત્સ્નાથી આનન્દિત કરશે.

સાતમું **સૂર્ય**-મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી પ્રભુ ભવ્ય જીવરૂપી કમળોને વિકસાવશે. સૂર્ય તથા ચંદ્ર કહી રહ્યા છે કે તમારા પુત્રની માફક અમારો પણ નિત્ય ઉદય થાય.

આઠમું **ધ્વજા**-પ્રભુ કુળમાં ધ્વજસમાન, ધર્મધ્વજથી સુશોભિત અને ત્રિભુવનમાં અદ્વિતીય મહાત્મા બનશે, ધજાનું સ્થાન જેમ જગતમાં ઉંચું જ હોય તેમ પ્રભુ જગતમાં સર્વોત્તમ સ્થાન મેળવશે.

નવમું **કળશ**-જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ ત્રિતયાત્મક ધર્મને એક મહાન પ્રાસાદ સ્વરૂપ જાણવો. તે પ્રાસાદના શિખરે પ્રભુ પોતાના આત્માને કળશની માફક સ્થાપશે.

દશમું **પદ્મ સરોવર**-સારા કૃત્ય સ્વરૂપ કમળોથી પદ્મસરોવરની જેમ પ્રભુ શોભશે અને જ્ઞાનજલથી જગતને પાવન કરશે.

અગીયારમું **ક્ષીર સમુદ્ર**-જાણે એ માને કહે છે કે તારો પુત્ર ગુણરત્નોથી મહાગંભીર અને સુગુણોને ધારણ કરનારમાં અગ્રણી હોઇ એણે મને (ક્ષીરસમુદ્રને) જીત્યો, તો હવે મારું પાણી તેના શરીરના પરિભોગમાં ઉપયોગી બને એવી મારી વિનંતિ છે, અને જાણે એટલા જ માટે અહીં સ્વપ્નમાં આવેલ છું.

બારમું **વિમાન**-જાણે કહે છે કે ભવનપતિ વિગેરે ચાર નિકાયના દેવો પ્રભુ પાસે સેવામાં હાજર રહેશે.

તેરમું **રત્નનો રાશી**-સૂચવે છે કે સુવર્ણ વિગેરેનું દાન દઇ પ્રભુ ત્રણ ગઢ પર સ્થાપેલા સિંહાસન ઉપર બિરાજશે, અને ભવ્ય જીવોને ''જેને જોઇએ તે લઇ જાઓ'' તેવી ઉદારતાપૂર્વક જ્ઞાનાદિ રત્નો આપશે.

## પ્રભુના આગમનનો મહિમા તથા માતાને આનંદ:-

**અવધિનાણે અવધિનાણે, ઉપના જિનરાજ,**
**જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર,**
**મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પ્રભાત સુંદર,**
**માતા પણ આનંદીયા, જાગતિ ધર્મ વિધાન,**
**જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ।।૧।।**

---

ચૌદમું **નિર્ધૂમ અગ્નિ**-સૂચવે છે કે પ્રભુ પોતાના કર્મ ઇન્ધનને ધ્યાનાગ્નિથી બાળી આત્માને નિર્મળ સુવર્ણની માફક અતિશય ઉજ્જવલ બનાવશે, અગ્નિસમા પ્રભુ ભવ્યજીવરૂપી સુવર્ણને શુદ્ધ કરશે, આઠ કર્મક્ષય થવાથી સિદ્ધ થશે અને ચૌદ રાજલોકના અગ્રભાગ ઉપર સ્થિરવાસ કરશે.

## તીર્થંકરની માતાએ જોએલું પ્રથમ સ્વપ્ન.

રૂષભદેવ ભગવંતની માતાએ પહેલા સ્વપ્નમાં વૃષભને જોયો, મહાવીર ભગવંતની માતાએ પહેલા સ્વપ્નમાં સિંહને અને બાકીના તીર્થંકરની માતાએ પ્રથમ સ્વપ્નમાં હાથીને જોયો. ઘણી માતાઓએ પહેલા સ્વપ્નમાં હાથીને જોયો છે તેથી સ્વપ્નના ક્રમમાં પ્રથમ હાથીને રાખવામાં આવ્યો છે. ચૌદ મહાસ્વપ્નોને જોઇ જાગેલા પ્રભુની માતા અતિશય કોમળ, કિંમતી અને મનોહર પલંગમાંથી ઉઠે છે, અને પોતાના પતિના શયનગૃહમાં જાય છે. પતિની સામે જઇ વિનયપૂર્વક બે હાથ મસ્તકે લગાડી પોતે જોયેલા ચૌદ મહાસ્વપ્નોને કહી સંભળાવે છે. પતિવ્રતા નારી વિનય મર્યાદાને જીવનમાં જરાપણ ચૂકનારી હોતી નથી. શીલની માફક વિનયને પણ જીવનનો શણગાર માને છે, અને સંસારીપણામાં પતિની દેવવત્ સેવા બજાવે છે. આજના જડવાદના યુગમાં અનાર્ય દેશનું અંધ અનુકરણ અને કુસંસ્કૃતિઓનું શિક્ષણ વાયુવેગે પ્રસરી રહ્યું છે, આર્યદેશની ઉમદા મર્યાદાઓ તૂટતી જાય છે. સ્ત્રીઓ માટે સમાનતાવાદ તથા સ્વતંત્રવાદના વાયરા ફૂંકાઇ રહ્યા છે. પતિવ્રતાપણાના પ્રાણ જીવન દેહમાંથી ઉડવા માંડ્યા છે, ત્યારે અહીંયા આપણને એ જોવા મળે છે કે

રાજશાહીના ઠાઠમાં પણ પ્રભુની માતાનો પોતાના પતિ પ્રત્યે કેવો અજબ વિનય ! હવે અહીં સિદ્ધાર્થ રાજા તે સ્વપ્નોને બરાબર સાંભળે છે, અને તેના પર સૂક્ષ્મ વિચારણા કરે છે. સ્વપ્નશાસ્ત્રોમાં આવતા સ્વપ્નોના ફળની જાણકારીને અનુસારે સ્વપ્નોના અર્થને કહી બતાવે છે. સ્વપ્નોના મુખ્ય ફળ તરીકે કહે છે કે રત્નનો જન્મ થશે, એ તીર્થંકર થશે અને સ્વર્ગલોક, તિર્ચ્છાલોક અને પાતાળલોક, એમ ત્રણ જગત તેમને પ્રણામ કરશે. જગતના પૂજ્ય અને વંદનીય બનશે. આવા પુત્રરત્નના જન્મથી આપણી સઘળી ઇચ્છાઓ ફળીભૂત થશે.

દેવલોક કે નરકમાંથી ચ્યવીને પ્રભુ સમ્યગ્ દર્શન, નિર્મલ મતિ શ્રુતજ્ઞાન તથા નિર્મલ અવધિજ્ઞાનને સાથે લઇને જ માતાના ગર્ભમાં આવે છે. પીઠ કે પડદા પાછળ પડેલી ચીજને સાક્ષાત્ જોવાની તાકાત આજનું વિજ્ઞાનવાદનું સાયન્સ ધરાવી શકતું નથી, જ્યારે અવધિજ્ઞાનમાં આવરણ પાછળ પડેલા તથા દૂરદૂર ક્ષેત્રોમાં તથા કાળમાં રહેલા રૂપી દશ્યોને જોઇ શકવાનું સામર્થ્ય છે. આવા પાંગળા વિજ્ઞાનવાદના અખતરાની પાછળ પણ અનેક જીવોની કારમી હિંસા તથા બીજા અનેક પાપારંભો જોરશોરથી સેવાય છે તે દુઃખદ બીના છે. કહે છે કે બાળ લકવાના રોગને નાબુદ કરવા માટે વાંદરાઓનો વિનાશ કરી તેના મગજની રસીનો દવા તરીકે ઉપયોગ કરવામાં આવે છે. રોકેટ વિમાન અતિશય ઉંચે ગયા બાદ ત્યાંના વાતાવરણની અસર જોવા માટે તેમાં વાંદરા નાખીને ઉડાડવાના હિંસક અખતરા સાંભળ્યા છે, આ આજનું વિજ્ઞાન એટલે વિરૂદ્ધ જ્ઞાન કરી રહ્યું છે ત્યારે આ દિવ્ય અવધિજ્ઞાન મહાન શક્તિવાળું છતાં અહિંસક ધર્મ સાધનાથી પ્રાપ્ત થાય છે.

પ્રભુ ચવ્યા બાદ તેમના પુણ્ય પરમાણુઓ જગતમાં પ્રસરી જાય છે. અને સકલ પ્રાણીઓને સુખનો અનુભવ કરાવે છે. ધર્મના ઉદયનો રમણીય પ્રભાતકાળ શરૂ થાય છે. તેથી મિથ્યાત્વરૂપ તારા નિસ્તેજ બની જાય છે. પ્રભાવશાલી પુણ્યવંતા મહાપુરુષોના પુનિત પગલાંથી કુમતિ અને કુતીર્થિકના તાંડવોનો અંત આવે છે. પ્રભાતકાળમાં સ્ફુર્તિ, આનંદ, ઠંડક અને અનુષ્ણતા

## પ્રભુનો જન્મ અને જન્મનો પ્રભાવઃ-

**શુભ લગ્ને જિન જનમીયા, નારકીમાં સુખ જ્યોત;**
**સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ।।૧।।**

અનુભવાય છે, મંગલ ગીત ગવાય છે, નિદ્રામાંથી જગત જાગી ઉઠે છે, લોકો પોતાના આવશ્યક કાર્યોમાં લાગી જાય છે. તેમ ભરતાદિક્ષેત્રમાં પ્રભુના આગમનથી પ્રભાતની જેમ મંગલમય ધર્મનો ઉદય થાય છે, જેમાં ભવ્ય જીવો માર્ગાનુસારીપણું, અપુનર્બંધકાવસ્થા, સમ્યગદર્શન, દેશવિરતિ, અને સર્વ વિરતિ, પામ્યાનો અપૂર્વ આનંદ અને સ્ફૂર્તિ અનુભવે છે. કષાયના પ્રચંડ તાપના ધખારા ઉપર આક્રમતા ઉપશમાદિ રસની મનોગ્રાહી ઠંડકને અનુભવે છે. ધર્મદેશનાના મંગલમય ગીત ચાલે છે, લઘુકર્મી જીવો પ્રમાદ નિદ્રામાંથી જાગ્રત થાય છે, અને જીવનના પરમ કર્તવ્યના બોધપાઠને પ્રેમપૂર્વક અંગીકાર કરી તે કર્તવ્યોના પાલનમાં સુભટોની માફક સજ્જ થાય છે. પ્રભુની માતા રાજાની પાસેથી સ્વપ્નોના ફળને સાંભળે છે. સંદેહ રહિતપણે તેને સત્ય તરીકે સ્વીકારે છે, તથા સાંભળતા અને સ્વીકારતાં હર્ષ ગંગામાં સ્નાન કરે છે. હર્ષના આવેશમાં શરીરમાં રોમાંચ પણ વિકસ્વર થઇ જાય છે. આવેલા સારા સ્વપ્નોના ફળ ચાલ્યા ન જાય તે કારણે એ રજનીના બાકીના સમયને મહાપુરુષોના પવિત્ર સ્મરણ વિગેરે ધર્મધ્યાનમાં પસાર કરે છે. પરમાત્માના દર્શન, તીર્થની સ્પર્શના, વિગેરેના સ્વપ્નો આવેલા હોય તો તે મંગલસૂચક છે. સ્વપ્નો બાદ તુરત જાગીને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી ધાર્મિક જાપ અને ધ્યાન વિગેરેમાં રાત્રિ પસાર કરવી જોઇએ.

સારા સ્વપ્ન આવવા માટે જીવનમાં શીલસંપન્નતા, સદાચાર, જિનાજ્ઞાપાલન, દેવગુરુની ઉપાસના વગેરે અનેક ગુણોની અપેક્ષા રહે છે. સારા સ્વપ્નો આવ્યા બાદ ઉંઘી જવાથી તે નિષ્ફળ નીવડે છે. પ્રભુની માતા સ્વપ્નના મુખ્ય ફળ તરીકે જાણે છે, કે જગતમાં તિલક સ્થાને રહે એવા, જગતમાં મુખ્ય થાય એવા પુત્ર રત્નનો જન્મ થશે. તિલક જેમ મસ્તકે ધારણ કરાય છે. તેમ પ્રભુજી લોકોથી મસ્તકે ધારણ કરાશે એટલે લોકોમાં શિરસાવંદ્ય

બનશે અને વંદનીય ગણાતા મહાપુરુષોને પણ પ્રભુ નમસ્કાર્ય અને પૂજનીય બનશે. હવે પ્રભુની માતા ગર્ભનું પાલન, અનુકૂળ ખાનપાન, ઉચિત પ્રવૃત્તિ અને ઉચિત વ્યવહારોથી કરે છે.

અતિ ઉત્તમ લગ્નબળ વખતે તીર્થંકરની માતા પુત્રરત્નને જન્મ આપે છે. પ્રભુના જન્મ સમયે ગ્રહો ઉંચા સ્થાને ગોઠવાયેલા હોય છે, તથા આખા જગતમાં સુખની લહરી અને પ્રકાશની જ્યોતિ પથરાઇ જાય છે. નરક જેવા સ્થાનમાં જ્યાં હરહંમેશને માટે સર્વત્ર વ્યાપી ઘોર દુઃખ અને અંધકાર હોય છે, તેમાં પણ પ્રભુના જન્મ કલ્યાણક પ્રસંગે ક્ષણવાર મહાન શાતા અને અજવાળુ પથરાય છે. નરકના જીવો સદાકાળ માટે દુઃખી જ હોય છે, પરમાધામી તરફથી ક્ષેત્રની, ભૂખ, તરસ, પરસ્પર કાપાકાપી અને મારામારી કરવા વિગેરે અનેક પ્રકારની પીડાઓ ભોગવવાની હોય છે ત્યાં ભૂખ તરસની વેદનાનો પાર નથી, પગના તળીયાને છેદી નાખે તેવી ભૂમિ તથા કડકડતા તેલના તાવડામાં ભજીયાની માફક તળાવાનું, ભઠ્ઠીમાં ભુંજાવાનું, શસ્ત્રોથી છેદાઇ ટુકડા થવાનું દુઃખ ત્યાં હોય છે, તેથી જીવોની નીકળતી કારમી ચીસો અને કોઇ બચાવો, કોઇ બચાવો ઇત્યાદિના રૂદનયુક્ત વિલાપ વિગેરે એવા હોય છે કે જે સાંભળતાં હૈયાં કમ કમી ઉઠે, એ ત્રાસથી ત્રાસી પ્રત્યેક સમય માટે નારકોને મરવાની ઇચ્છા હોય છે પણ નિકાચિત દીર્ઘાયુષ્ય હોવાથી મોત મળતું નથી, નારકો સિવાય જગતમાં કોઇપણ જીવને પ્રત્યેક ક્ષણે મરવાની ઇચ્છા નથી હોતી આવી એકાંત દુઃખની વરાળમાં બફાતા નરકના જીવોને એકમાત્ર તીર્થંકર ભગવાનના અનન્ય પ્રભાવથી જન્મ સમયે ક્ષણવાર અનુપમ સુખનો અનુભવ કરાવે છે. ''સ્થાવર જીવને સુખકારી'' એમ વીરવિજયજી મહારાજ પંચ કલ્યાણકની પૂજામાં કહે છે. તે એમ સૂચવે છે કે તે વેળાએ સ્થાવર જીવો એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો માટે ભગવાનનો જન્મ સુખકારક નીવડે છે. સ્થાવરને માટે સુખકારક એ રીતે માની શકાય કે એ વખતે છેદન, ભેદન, કાપકુપ વિગેરેની પીડા સ્થાવર જીવોને ન હોય, ત્રણ ભુવનમાં પણ પ્રકાશનો પટ પથરાઇ જાય છે, આમ

## છપ્પન દિક્કુમારીનું આગમન, સૂતિકર્મ અને મહોત્સવઃ-

સાંભળો કળશ જિન મહોત્સવનો ઇહાં,
છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં,
માય સુત નમીય, આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત, વાયુથી કચરો હરે ||૧||

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે,
અષ્ટ કળશા ભરી, અષ્ટ દર્પણ ધરે,
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ||૨||

ઘર કરી કેળનાં, માય સુત લાવતી,
કરણ શુચિકર્મ, જળકળશે ન્હવરાવતી,
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઇ, શયન પધરાવતી. ||૩||

નમીય કહે માય તુજ, બાળ લીલાવતી,
મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ,
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઇંદ્ર-સિંહાસન, કંપતી ||૪||

---

જગત આનંદ પ્રકાશના સાગરમાં મગ્ન બને છે.

હવે કવિ કહે છે કે પ્રભુના જન્મક્ષેત્રે ઉજવાયેલ પ્રભુના મહોત્સવનું કળશ કાવ્ય સાંભળો. પુણ્યનિધિ પ્રભુજીના જન્મથી દિક્કુમારીનાં આસન કંપે છે. અવિધજ્ઞાનથી પ્રભુનો જન્મ થયેલો જાણે છે એટલે દિશાઓના ખૂણાઓમાંથી દિક્કુમારી પ્રભુના આવાસ પાસે આવે છે. પ્રભુની માતાનું સૂતિકર્મ સદા દિક્કુમારીઓ કરે છે. સૂતિકર્મને કરવાનો તેઓનો શાશ્વતિક આચાર છે. અને દેવીઓ સૂતિકર્મ કરે એટલે પછી પૂછવું જ શું ? પ્રભુના પ્રબળ પુણ્યથી સર્વ પ્રકારે વિના પરિશ્રમે શ્રેષ્ઠ અનુકૂળતા સર્જાઇ જાય છે.

દિક્કુમારીઓ આવીને માતાપુત્રને અર્થાત્ પ્રભુની માતાને તથા પ્રભુને નમસ્કાર કરે છે. અને ખૂબ જ આનંદને ધારણ કરે છે. આઠ કુમારિકાઓ ભગવાનના સૂતિગૃહથી એક જોજન પ્રમાણ ભૂમિ પર સુગંધીદાર પાણીની વૃષ્ટિ કરે છે. આઠ દિક્કુમારિકાઓ સ્નાત્રજળના કળશ ભરી ઊભી રહે છે અને ગાન તાન કરે છે. બીજી આઠ દિક્કુમારિકાઓ દર્પણ લઇ ઊભી રહે છે, ત્યારે આઠ દેવીઓ ચામર ધારણ કરે છે, અને આઠ કુમારિકાઓ પંખા લઇ ઉભી રહે છે. ચાર કુમારીઓ રાખડી લઇ ઉભી રહે છે. ચાર કુમારીઓ હાથમાં દીપક લઇ ઉભી રહે છે. દિક્કુમારીઓ નાળ છેદીને તેને ખાડામાં નાખે છે. અને વૈડુર્ય રત્નથી પૂરીને ઉપર એક પીઠ બનાવે છે. પ્રભુના જન્મગૃહથી ઉત્તર, પૂર્વ તથા દક્ષિણ દિશામાં ત્રણ કદલીના ઘર બનાવે છે. એમાં માતા તથા પુત્રને લાવે છે. દક્ષિણ દિશાના કદલી ગ્રહમાં બન્નેના શરીર પર બહુ કિંમતી પદાર્થોવાળા સુગંધી તેલનું મર્દન કરે છે. પૂર્વ દિશાના કદલી ગૃહમાં નિર્મલ સુગંધીદાર પાણીથી સ્નાન કરાવે છે. પુષ્પોથી પૂજે છે. સુંદર વસ્ત્રો તથા અલંકારો પહેરાવે છે, અને ઉત્તર દિશાના ગૃહમાં ચંદનના લાકડાથી અગ્નિ પ્રગટાવીને હોમ કરે છે, અને હાથે રક્ષા પોટલીને (રાખડી) બાંધે છે તથા અંતરના આશીર્વાદ આપતાં માતાને નમસ્કાર કરી હર્ષમાં બોલી ઉઠે છે કે આપના બાળ અને જગતના સ્વામી પ્રભુ મેરુ, ચંદ્ર અને રવિ સમાન ચિરંજીવ બનો. મેરુ પર્વત શાશ્વત છે, સૂર્ય અને ચંદ્રના વિમાન પણ શાશ્વત છે, પ્રભુ પણ તેવા દીર્ઘાયુષી બનો, એમ ગુણગાન કરતી કરતી માતાને તથા પ્રભુને મૂળ ઘરમાં મૂકી, નમસ્કાર કરીને દિક્કુમારીઓ પોતાના સ્થાને ચાલી જાય છે. કુમારિકાનો ઉત્સવ પૂર્ણ થયા બાદ ઇન્દ્રનાં સિંહાસન ડોલાયમાન થાય છે, છપ્પન દિક્ કુમારીઓ પ્રભુજન્મના સૂતિકર્મને તથા તે અંગેની સેવા ભક્તિ અને ઉત્સવને જીવનનું ખરેખરૂ પવિત્ર કાર્ય ગણે છે અને નિજના આત્માને માટે તરણતારણ અવસર માને છે. હૃદયની ઉછળતી પ્રીતિ ભક્તિપૂર્વક આ ઉત્સવને ઉજવે છે. વિનય તથા વિવેકનું અચૂક પાલન કરે છે. સુતિકર્મનું કાર્ય સુંદર શિસ્તને જાળવવા પૂર્વક વ્યવસ્થિતપણે કરે છે, અને પરસ્પર અથડામણ અને વિખવાદને લેશ માત્ર સ્થાન મળતું નથી. પરિણામે માતાના સુતિકર્મના પુણ્ય પ્રસંગની

## સકમ્પ ઇંદ્રનું સિંહાસનઃ-

**જિન જનમ્યાજી, જિણ વેળા જનની ઘરે,**
**તિણ વેળાજી, ઇન્દ્ર સિંહાસન થરહરે,**
**દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા**
**દિશિ નાયકજી, સોહમ ઇશાન બિહુ તદા ।।૧।।**

---

આનંદભેર ઉજવણી કરી થોકબંધ કર્મની નિર્જરા કરે છે.

સીઝનમાં ધીખતા ધંધાની કમાણી પ્રસંગે વેપારી ઉત્સાહભર્યો પુષ્કળ ઉદ્યમ કરે છે. સાથે પોતાની આવડત અને શક્તિઓ સર્વે કામે લગાડી દે છે, જડતા અને નિદ્રા પ્રમાદને ખંખેરી નાખે છે. 'ભરપુર કમાણીના પ્રસંગ વારંવાર આવતા નથી, એટલા માટે પૂર્ણ તકેદારી રાખે છે, તેમ દિક્કુમારીઓ પરમાત્માની ભક્તિના લ્હાવા જીવનમાં વારંવાર નહિ મળવાને કારણે સૂતિકર્મના ઉત્સવને અદભૂત આદર, ભક્તિ અને અતિશય ખંતપૂર્વક ઉજવે છે. ફેર એટલો કે વેપારીઓની માફક કાળી મનોવૃત્તિ તેમને કરવાની હોતી નથી. વેપારીઓ આત્મા પર પાપના ગંજ ખડકે છે, જ્યારે દિક્કુમારિકાઓ પુણ્યાનુબંધી પુણ્યનો ગંજાવર સ્ટોક જમા કરે છે.

કવિ કહે છે, કે હવે જે વેળા પ્રભુ માતાને ઘરે જન્મ પામ્યા, તે વખતે ઇન્દ્રના સિંહાસનો, ડોલવા માંડે છે. અંતરંગ કામક્રોધાદિ શત્રુઓને જીતનારા શ્રી અરિહંત ભગવંત જ્યારે જન્મ પામે છે ત્યારે દક્ષિણ દિશાના માલિક સૌધર્મેન્દ્ર અને ઉત્તર દિશાનો માલિક ઈશાનેન્દ્ર એમ બંન્ને ઇન્દ્રોના સિંહાસન કંપે છે. ઇન્દ્રના સિંહાસનને કંપાવનાર બીજું કોઇ પણ સાધન સમર્થ થઇ શકતું નથી. આધુનિક સાધનો જેવા કે તાર, ટેલીફોન ટેલીગ્રાફ, વાયરલેસ રેડીઓ વિગેરે ઝડપી જાહેરાત કરે છે. યંત્રવાદનો યુગ તેવા અનેક ઉપાયો ઊભા કરે છે પણ અસંખ્યાતા યોજનો સુધી દૂર રહેલા સ્વર્ગલોકમાં સંદેશો પહોંચાડવા માટે ઇંન્દ્રાસનો કંપાવવા આધુનિક યંત્રવાદના સાધનોમાંથી ક્યું કારગત નીવડે ? કોઇ નહિ. વગર વીજળીએ, વગર તારના દોરડે કે વગર રેડીઓએ એક પ્રભુના પુણ્ય પરમાણુઓએ જ દૂર દૂર રહેલા ઇન્દ્રસિંહાસનને

## ઇન્દ્રની વિચારણા, ખ્યાલ અને આદેશ

**તદા ચિંતે ઇન્દ્ર મનમાં, કોણ અવસર એ બન્યો,**
**જિન-જન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો**
**સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે,**
**સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિ વરે ।।૨।।**

---

ડોલતા બનાવી પ્રભુના જન્મનું બ્રોડકાસ્ટીંગ કર્યું કહેવાય. તીર્થંકર દેવોનું કેવું અલૌકિક અતુલ અને આશ્ચર્યપદ પુણ્ય ! પ્રભુને હજી આ ભવમાં રાગદ્વેષની ફોજને જીતવાની બાકી છે છતાં તેમને ''જેતા'' કહ્યા, તેનું કારણ એ કે પ્રભુ દેવલોકમાં દિવ્ય સુખસામગ્રી વચમાં પણ અનાસકત ભાવે રહ્યા. દિવ્ય સુખોમાં મુંઝાયા નહિ. દિવ્ય અલંકારો તથા વસ્ત્રો, અનેક રંગરાગ તથા નાટારંભમાં લેપાયા નહિ. દેવલોકમાં પણ વૈરાગ્યને જીવનમાં જીવી શક્યા. ચરમ ભવમાં પણ જન્મથી માંડી પરમાત્માનાં સંસાર પ્રત્યેનો ઉદાસીન ભાવ, કર્મ-કિચ્ચડમાં જન્મ પામવા તથા ભોગોની વૃદ્ધિને પામવા છતાં એમની કમળની માફક એ કાદવ અને જળથી તદ્દન નિર્લેપ અને નિઃસંગ અવસ્થા કોઇ અજબ કોટિની અને આદર્શભૂત હોય છે.

આસન કંપવાથી સૌધર્મેન્દ્રના મનમાં વિચાર આવે છે કે અત્યારે શો એવો અવસર બન્યો કે જેથી આ સ્થિર સિંહાસન કંપી ઉઠયું ? ઇન્દ્રો બધા સમ્યગ્દૃષ્ટિ હોય છે, અને અવધિજ્ઞાનને ધારણ કરનારા હોય છે, આસન કંપનું કારણ જાણવા માટે સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનનો ઉપયોગ દ્વારા શિવપુરી પ્રાપ્ત કરવાના હેતુભૂત પ્રભુના જન્મને જાણતાવેત ઇન્દ્રના હૃદયમાં અતિશય હર્ષોલ્લાસ ઉપજે છે. પોતાના સેનાપતિ હરિણૈગમેષી દેવ પાસે વજ્રમયી એક યોજન પ્રમાણવાળી **સુઘોષા** ઘંટાને વગડાવે છે, તેથી સર્વ વિમાનમાં રહેલી બધી ઘંટા આપોઆપ વાગે છે. ઇન્દ્રના આદેશથી હરિણૈગમેષી જાહેર કરે છે ''હે દેવો અને દેવીઓ ! પ્રભુના જન્મના મહોત્સવ પ્રસંગે સૌ મેરું પર્વત ઉપર આવજો, દેવાધિદેવને જોતાં તમારું સમકિત નિર્મલ થશે, નાથના ચરણે

## ઇન્દ્રના આદેશનો અમલ અને દેવોનું ગમનઃ-

**એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે,**
**જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે,**
**સોહમપતિજી, બહુ પરિવારે આવીયા,**
**માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા ।।૩।।**

---

અભિષેક કરતાં પાપ દૂર થશે.'' એક સુઘોષા ઘંટા વગાડવાથી સર્વ વિમાનોમાં બીજા ઘંટ જે વાગે છે, તે ઘંટાઓમાં પરસ્પર સંબંધ નથી. છતાં તે બધા એક સાથે વાગવા માંડે છે એક માઇલમાંથી બોલાએલુ ભાષણ અનેક સ્થળે તેજ સમયે બ્રોડકાસ્ટ થતું દેખાય છે, તો આ દેવતાઇ ઘંટમાં પૂછવાનું જ શું ?

જેમ રણભૂમિ ઉપર સેનાધિપતિની આજ્ઞાને સૈન્ય નિર્વિકલ્પ અને સહર્ષ ચિન્તે શિરોમાન્ય કરી તત્કાલ અમલમાં મૂકે છે, આજ્ઞા સામે બીજી કોઇ દલીલ કે કુતર્ક વિતર્ક કરતા નથી. અરે આજ્ઞાની પાછળ જરૂર પડ્યે પ્રાણના પણ બલિદાન શૂરવીર કરી નાખે છે, તેમ ઇન્દ્રની એ આજ્ઞા સાંભળીને કરોડો દેવતાઓ ત્યાં આવી મળે છે. અને મેરૂપર્વત પર પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવવા માટે નીકળે છે. ત્યાં એક લાખ યોજનાના વિસ્તારવાળા પાલક નામના વિમાનમાં ઇન્દ્ર બેસે છે. તે વિમાનમાં ઇન્દ્રની પટરાણીઓ અને બીજી દેવાંગનાઓ સામાનિક દેવ વિગેરેને બેસવા માટે સુંદર ભદ્રાસનો ગોઠવેલા હોય છે. એવા વિમાન જુદા અને આજના એરોપ્લેન જુદા-આજના વિમાન મશીનના આરંભ સમારંભ ઉપર કામ કરનારા બનાવટ માટે મહાસમય અને મહામહેનત જોઇએ. અનેક આરંભથી તે તૈયાર થાય, બન્યા પછી પણ તેના દ્વારા મુસાફરી ઘણી જોખમકારક, કંઇક વિમાનો બળી ગયા, તૂટી પડ્યા, અને તેમાં બેંઠલા માણસો પણ બળીને ખાખ થઇ ગયા, અને કંઇક પટકાઇ મર્યા. જ્યારે આ દિવ્ય વિમાનને તૈયાર કરવામાં વગર આરંભ સમારંભે અંતમૂર્હત માત્ર સમય લાગે પાછુ વળી એમાં આરંભ સમારંભ નહિ. લાખોની સંખ્યા તેમાં બેસી શકે. તુટી પડવાનો કે બળી મરવાનો લેશ માત્ર ભય નહિ.

## ઇન્દ્રનું વકતવ્ય અને પ્રભુને લઇ જવું-

**વધાવી બોલે હે રત્નકુખધારિણી તુજ સુતતણો,**
**હું શક્ર સોહમનામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો,**
**એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,**
**દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી ।।૪।।**

---

એ દિવ્ય શક્તિ કે, જેની આગળ માનવીની તર્કશીલતા, લોખંડી ભેજું, પટુબુદ્ધિ, અને વિજ્ઞાન સંપૂર્ણ નિષ્ફળતાને પામે એવો પ્રભાવ છે. સૌધર્મેન્દ્ર મોટા પરિવાર સાથે વિમાનમાં બેસી દેવલોકમાંથી ઉતરે છે. નંદીશ્વર દ્વીપમા વિમાનોને સંક્ષેપી પ્રભુની માતા પાસે આવે છે. બીજા દેવો સીધા મેરુપર્વત પર જાય છે સૌધર્મેન્દ્ર પ્રભુની માતા તથા પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ વિનય સહિત પ્રણામ કરે છે. પછી પ્રભુને વધાવે છે. હર્ષ સહિત વધાવી પ્રભુને કહે છે ''અહો હું આજ કૃતકૃત્ય થયો કે મેં મારી આંખે ત્રિલોકના નાથ ને નિહાળ્યા''.

સૌધર્મેન્દ્ર શ્રી જિનેશ્વર દેવની માતાને સંબોધીને કહે છે કે ''હે રત્નકુક્ષીને ધારણ કરનારી ! મારાથી બીશો નહિ, હું સૌધર્મ નામે ઇન્દ્ર છું. પ્રભુના જન્મ મહોત્સવને ઉજવવાનો અમારો શાશ્વતિક આચાર છે. તેને અંગે હું દેવલોકમાંથી આવ્યો છું, હું પ્રભુના ઘણા મોટા જન્મ મહોત્સવને ઉજવીશ.'' આમ જણાવી માતાને અવસ્વાપિની નિદ્રા આપી તેમની પાસે પ્રભુ સમાન એક પ્રતિબિંબ મુક્યું, અને પોતે પાંચ રૂપ કરી, એક રૂપથી બહુમાન સાથે બે હાથમાં બેસાર્યા, બે રૂપથી પ્રભુની બન્ને બાજુએ ચામરો ઢાળ્યા, એક રૂપથી પ્રભુને માથે છત્ર તથા એક રૂપથી પ્રભુ આગળ વજ્ર ધારણ કર્યું. દેવદેવીનો પરિવાર હર્ષભેર નૃત્ય કરી રહ્યો છે, એની સાથે ઇન્દ્ર પ્રભુને લઇ મેરૂપર્વત પર આવ્યા.

પ્રભુને જન્મ આપનાર માતાને આવકારવામાં ઇન્દ્રનું હૈયું ઓવારી જાય છે. એમની પણ હાર્દિક સાચી પ્રશંસાનો વાણીરૂપે વરસાદ વરસાવે છે, માતાને પણ પૂજ્યતાનું પાત્ર ગણે છે, અવસ્વાપિની નિદ્રા આપ્યા બાદ જ્યાં સુધી તે નિદ્રા સંહરી લેવાય નહિ ત્યાં સુધી તે વ્યક્તિ નિદ્રાધીન બની રહે છે.

## મેરૂપર્વત ઉપર આગમન, જન્માભિષેકની તૈયારી:-

**મેરૂ ઉપરજી, પાંડુક વનમાં ચિહું દિશે,**
**શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે,**
**તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,**
**હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. ।।૫।।**

---

દિવ્ય અને પૌદ્‌ગલિક પ્રસંગમાં કેટલો ફેર ? ક્લોરોફોર્મ આપ્યા બાદ દર્દીની નાડી પકડીને એક ડોકટરને ઊભા રહેવું પડે છે, ધબકારા ગણવા પડે છે. મર્યાદિત સમયે તેનું ઘેન ઉતરવા માંડે છે, અવસ્વાપિની નિદ્રામાં દેવોને ત્યાં ઊભા રહેવાની જરૂર નહિ. નાડી પકડીને ધબકારા ગણવાની પણ આવશ્યકતા નહિ અને જ્યારે નિદ્રાને સંહરી લેવા માગે ત્યારે સંહરી શકે. આ મંગલકારી જન્મ કલ્યાણકના સમયે પ્રભુને લઇ જવા બદલ એક પણ કુવિકલ્પ ન આવે, તેને માટે માતાને અવસ્વાપિની નિદ્રા આપે છે અને બહારથી કદાચ અચાનક કોઇ આવી ચઢે તે પણ પ્રભુની ગેરહાજરી અંગે કદી ત્રાસ, ભય, ગ્લાનિ કે સંકલ્પ વિકલ્પ ન કરે, તેને માટે પ્રભુની માતા પાસે પ્રભુનું પ્રતિબિંબ સ્થાપન કરે છે, કોઇને પણ એમ ન થાય કે પ્રભુને કોઇ દુષ્ટ ઉપાડી ગયું. શ્રી જિનરાજના સુખકારી જન્મના સમયે કોઇને પણ અપમંગલ ભૂત વિચાર સરખો ન આવે, તે કારણે સૌધર્મેન્દ્ર પૂરી કાળજી અને ખૂબજ તકેદારી રાખે છે. પાંચ રૂપ કર્યા વગર પ્રભુજીને એમને એમ લઇ જવા હોત તો ઇન્દ્ર લઇ જઇ શકત, કે સેવક-દેવ પાસે પ્રભુજીને ઉપડાવી લઇ જઇ શકત, અથવા દેવને હુકમ ફરમાવી સીધા મેરુપર્વત પર પ્રભુને આણી મંગાવી શકત, પણ તેમ નહિ કરતાં પંચમ ગતિ કે જે મોક્ષ કહેવાય તે મેળવવા પાંચ રૂપ પોતે પ્રગટ કરે છે, સંસાર સાગરને તરવા માટે જિનની ભક્તિને પ્રબળ જહાજ તરીકે માને છે, અને નમ્ર સેવક બની જાતે પ્રભુની ભક્તિ કરે છે.

મેરુપર્વત એક લાખ યોજન ઉંચો છે. સપાટીએ દશ હજાર યોજન પહોળો છે જમીનમાં એક હજાર યોજન ઉંડો છે. સપાટીએ **ભદ્રશાલ વન**, ૫૦૦ યોજન ઉંચે ગયા બાદ **નંદનવન**, ૬૨૫૦૦ યોજન ગયા બાદ

## અભિષેક કરવા માટે વિવિધ પ્રકારના કળશ તથા જળ ઔષધિઓ લાવવા અચ્યુતેન્દ્રનું ફરમાનઃ-

**મલ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના**
**માગધાદિ જળ તીર્થઓષધિ. ધૂપ વળી બહુ ભાતિના,**
**અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે.**
**ખીર જલધિ ગંગા નીર લાવો, ઝટિતિ જિનમહોત્સવે ।।**

---

**સોમનસવન** ને ૩૬૦૦૦ જોજન પછી **પાંડુક વન** આવે છે. તેના ઉપર ૧૨ યોજનની ચૂલિકા છે. પાંડુક વનમાં ચારે દિશાઓમાં સ્ફટિકની શિલા છે. મેરુની જે દિશામાં પ્રભુજી જન્મ્યા હોય, તે દિશાની સ્ફટિક શીલા ઉપર સિંહાસન હોય છે, તેના પર સૌધર્મેન્દ્ર બેસી પ્રભુજીને પોતાના ખોળામાં બેસાડે છે, અને બીજા ત્રેસઠ ઇન્દ્રો પણ જન્માભિષેકના સમયે ત્યાં આવી ઊભા રહે છે.

મહાપવિત્ર જિનાભિષેકનો સમય આવી લાગ્યો. દેવોને કષાયોની કાલિમાથી મલીન બનેલા પોતાના આત્માને નિર્મળ બનાવવાનો પુણ્ય અવસર સાંપડ્યો. પરમાત્માની ભક્તિ કરવાની મનોરથમાલાથી સૌના હૈયાં આનંદથી ભીના થઇ ગયા છે. મેરુપર્વત, તેમાં સૌથી ઉપર પાંડુકવન, ત્યાં ચાર દિશામાં સ્ફટિકની શિલા. શિલા પર સિંહાસન, તેના પર સૌધર્મેન્દ્રનું પ્રભુજીને ખોળામાં લઇને બેસવું, બીજા ત્રેસઠ ઇન્દ્રોનું અભિષેક કરવાની આતુરતા સાથે નમ્ર મસ્તકે હાથ જોડી ઉભા રહેવું, વિગેરેનું મનોરમ ચિત્ર જિનમંદિરમાં પરમાત્માના અભિષેક વખતે આંખ સામે ખડું કરવું જોઇએ તે દશ્યને યાદ કરવાથી પ્રભુની ભક્તિમાં થતી બેદરકારી, હૃદયની શુષ્કતા, ટુંકી પતાવટ કૃપણતા વગેરે ત્રુટિઓ નાબુદ થઇ જાય છે અને વિધિ બહુમાનની સાવધાની, હૈયાનું ભક્તિરસમાં તરબોળપણું, ઉચિત સમયનો ભોગ, દ્રવ્યોની ઉદારતા વિગેરે સદ્‌ગુણો પ્રગટ રહે છે.

પ્રભુજીને અભિષેક કરવા માટે ઇન્દ્રો આઠ પ્રકારના કિંમતી કળશો તૈયાર કરાવે છે. સોનાના, રૂપાના, રત્નના, સોનારૂપાના, સોનારત્નના, રૂપારત્નના, સોનારૂપારત્નના, અને સુંગધીદાર માટીના એમ આઠ પ્રકારના

કળશો હોય છે. એકેક કળશ ૨૫ જોજન ઉંચો, ૧૨ જોજન પહોળો અને એક જોજન નાળચાવાળો હોય છે. આઠ પ્રકારના કળશમાં એકેકના આઠ હજાર થયા, એમ આઠ★ જાતિના ૬૪૦૦૦ કળશ થયા. ઉપરાંત રત્ન કરંડક, દર્પણ, પુષ્પ કરંડક, ચંગેરી, ધુપધાણા, વિગેરે પૂજાના ઉપકરણ તૈયાર કરાવે છે પછી અચ્યુતેન્દ્ર માગધતીર્થ વિગેરે તીર્થના પાણી અને માટી, ક્ષીરસમુદ્ર ગંગાનદી વગેરેના પાણી, પદ્મદ્રહ વગેરેના પાણી અને કમળ, વૈતાઢ્ય પવર્ત વિગેરેમાંથી સુંગધિદાર ઉત્તમ સર્વ વનસ્પતિ-ઔષધિઓ, સુગંધીદાર ચૂર્ણો લાવવા માટે દેવોને આ રીતે આજ્ઞા ફરમાવે છે કે હે દેવો ! પ્રભુના અભિષેક મહોત્સવ માટે ગંગાક્ષીરસમુદ્રાદિના પાણી વિગેરે તુર્ત લાવો. જો જો આ બધી સામગ્રીમાં વાળાકુંચી નથી આવતી હોં. આજની વાળાકુંચીઓના ઉપયોગે ધાતુની પ્રતિમાના મુખના અવયયો ઘસી સાફ કરી નાખ્યા છે. સામગ્રી તુર્ત એક સાથે બધી હાજર રહેવી જોઇએ, જેથી પૂજનવિધિ શરૂ કરતાં અને શરૂ થયા પછી વચમાં કોઇ વસ્તુની રાહ જોવી ન પડે. નહિતર પહેલાં કે વચમાં વસ્તુ આવવા સુધી રાહ જોતાં પ્રભુને એમને એમ બેસાડી રાખવાનું થાય, અને તેમ કરવામાં અવિવેક થાય. પ્રભુની પ્રતિમાને પખાળ કર્યા બાદ તે સ્થિતિમાં રાખીને સુકાવા દેવાય નહિ. અવિવેક અને અજ્ઞાનતાના યોગે અનેક પ્રકારે પ્રભુની આશાતના થઇ જવાની સંભાવના રહે છે. પૂજારીઓમાં પ્રાયઃ બેદરકારી ઘણી જોવામાં આવે છે. કોઇક પ્રભુની પૂજાની બદલે વિટંબણા જેવું કરે છે, કેટલાક સ્થળોમાં પ્રતિમાજીને પખાળ કર્યા બાદ અડધા કલાકે કે કલાકે પણ અંગલુહણા કરવામાં આવે છે. ત્યાં સુધી ભગવાન સુકાયા કરે છે. ખરેખર ! જગદ્વન્દનીય એવા પ્રભુ પ્રત્યે બેદરકારી તથા વિવેકની ખામી એ અત્યંત શોચનીય ગણાય.

સુર૦ અચ્યુતેન્દ્રના હુકમને સાંભળી, શિરોમાન્ય કરી દેવતાઓ માગધ તથા વરદામ તીર્થે જાય છે. તેમાંથી પવિત્ર માટી ગ્રહણ કરે છે. પદ્મદ્રહ તથા ગંગા પાસે પહોંચે છે. નિર્મલ પાણીથી કલશો સંપૂર્ણ ભરાવે છે. કમળો અને

★કળશો દરેક જાતના, દર્પણ, ચંગેરી વગેરે દરેક વસ્તુઓ ૧૦૦૮-૧૦૦૮ હોય છે. (સુબોધિકા)

## દેવોનું ઝડપી ગમન અને જળઔષધિ વિગેરે લાવવા પૂર્વક આગમનઃ-

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલિયા,
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે.
તીરથ ફળ ઔષધિ લેતા, વળી ખીર સમુદ્રે જાતા,
જળ કળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળ લાવે,
સિંહાસન ચામર ધારી, ધૂપધાણા રકેબી સારી,
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ,
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે,
કલશાદિક સહુતિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે.

---

ફૂલો લે છે. ક્ષીરસમુદ્ર જઇ તેમાંથી પણ પાણીના કળશોને ભરે છે. જિનેશ્વર ભગવંતની ભાવભીની ભક્તિ માટે સુંદર ઉપકરણો મેળવવા આતુર બને છે. પુષ્પનો કરંડીઓ અને થાળ લાવે છે. સિંહાસન ચામર ધારણ કરે છે. ધુપધાણા સારી રકેબીઓ વિગેરે પૂજાની સામગ્રી જૈન સિદ્ધાન્તે જે જે ફરમાવી છે, તેને ભેગી કરે કરાવે છે. પછી તે લઇને દેવો મેરુપર્વત ઉપર આવે છે. પરમાત્માના દર્શન કરી અત્યંત ખૂશ થાય છે, લાવેલી બધી સામગ્રી ત્યાં સ્થાપિત કરે છે, અને સ્નાત્રની ઉજવણી પહેલાં ભક્તિભર્યા દિલે નાથના ગુણો ગાવા મંડી પડે છે.

ભરતક્ષેત્રની ઉત્તરમાં હિમવંત પર્વત આવે છે. તેમાંથી ગંગા તથા સિંધુ નદી નીકળે છે. તે બે નદીઓ લવણ સમુદ્રને મળે છે. જ્યાં તે બે નદીઓ મળે છે, તે સ્થાને માગધ અને પ્રભાસ તીર્થ આવેલાં છે, તે બે તીર્થ વચ્ચે વરદામ તીર્થ આવેલું છે.

જંબુદ્વીપ પછી એક સમુદ્ર, પછી એક દ્વીપ, એમ પૂર્વપૂર્વના કરતાં દ્વિગુણ પહોળા અસંખ્યતા દ્વીપ સમુદ્રો છે, તેમાં ક્ષીર સમુદ્ર એ પાંચમો સમુદ્ર છે, તીર્થ તથા સમુદ્રનું અંતર લાખો જોજનનું છે, છતાં દેવો દિવ્યશક્તિના

બળે આંખના પલકારામાં તે સ્થાને પહોંચી જાય છે. ઉત્તમોત્તમ દ્રવ્યોથી જિનની પૂજા કરવી એ ભાવ હૃદયમાં સુંદર રીતે કોરાઇ ગએલો છે. પ્રભુજીને મનમંદિરમાં બહુમાન પૂર્વક વસાવ્યા છે. તેથી સુંગધીદાર ઔષધિઓ પવિત્ર જળ વિગેરેને એના ખાસ પવિત્ર સ્થળોમાંથી લાવવામાં આવે છે. અરિહંતની ભક્તિની સાચી ભૂખ અને અર્થિપણુ જાગ્યા પછી આત્મા સહજ ભાવે પૂજાભક્તિ, સત્કાર, સન્માન કરવામાં પુરુષાર્થ, લક્ષ્મી, વિગેરેનો સદુપયોગ કર્યા વગર રહી શકતો નથી. પરમાત્માની ભક્તિ વિનાના દિવસો રોશની વિનાની દીવાળીની જેમ નિસ્તેજ, નિરસ અને નિરાનન્દ જણાય છે. પાણી તથા ઔષધિ વિગેરે નજીકમાં મળી તો રહે, દૂર જવાની જરૂર ન પડે છતાં પણ દૂર જવાનું કારણ એ કે શ્રેષ્ઠ અને પવિત્ર વસ્તુઓથી પ્રભુની ભક્તિ કરવાની ઝંખના છે. કળશો પણ ઉત્તમ આઠ પ્રકારના અને આકર્ષક. તેનું પ્રમાણ શંકાના વિષય તરીકે કદાચ બની જાય પણ તે શંકા અસ્થાને છે, કારણ તેની પાછળ અનુપમ ભક્તિ અને દિવ્યશક્તિ કામ કરી રહી છે. કળશને બદલે કેટલેક સ્થળે લોટાથી પ્રભુને અભિષેક કરે છે, અથવા મેલા ઘેલા ને અંદર નિગોદના થર બાઝી ગયેલા જુના કળશોથી પ્રભુને નવરાવે છે, તે ખોટું છે. એની તરફ આંખમીચામણાં કરનાર અવિવેકી જીવો ઉપરની આશાતનાના ભોગ બની જાય છે. લોટાનો કાનો પ્રભુને લાગી જવાનો ભય છે. તેમજ લોટાથી ધોવાનું થાય છે, અભિષેક નહિ.

પૂજાની વાટકીઓ, થાળીઓ, ધૂપધાણા, દીપક ચામર વિગેરે ઉપકરણો પ્રભુની ભક્તિમાં અતિશય સુંદર જોઇએ. ગોબા તથા ખાડા પડી ગયેલા, તૂટેલા સસ્તાભાવે ખરીદ કરેલા અને જીર્ણ થઇ ગએલા ઉપકરણોથી પ્રભુની સાચી ભક્તિ થઇ શકે નહિ, કારણકે એમાં પ્રભુની અવગણના તથા આશાતના થાય છે. ખાનપાન, ભોગવિલાસ. નાટક ચેટક, સીનેમા, પીકનીક પાર્ટી, આધુનિક ફેશનેબલ પોશાક, તેની ટાપટીપ વિગેરેની પાછળ પૈસાનો ધૂમ ખર્ચ થાય છે. જીવનની જરૂરીઆતો પાછળ અને વિલાસવૃત્તિને પોષવા માટે વિકારી જીવડો તનથી, ધનથી અને મનથી ખુવાર થયા વગર રહેતો નથી. આજના વિષમ કાળની ખર્ચાળ પદ્ધતિએ તો દાટ વાળ્યો છે. આવક કરતાં

ખરચાં વધારી નાખ્યા. જીવો વિષયના, રંગરાગના કીડા બની ગયા. તે બિરાદર અરિહંત પ્રભુની ભક્તિ માટે દર માસે કે દર વર્ષે કેટલો ખરચો કરે છે ? શાનો કરે ? એતો માને છે કે પૂજાભક્તિ ઉપકરણો ગમે તેવા હોય તો પણ ચાલે, ઓછાય ચાલે, મંદિરના હોય તો પણ ચાલે, વગેરે વગેરે પણ આપણી બાહ્ય પોઝીશનમાં પંકચર ન પડવું જોઇએ. શાસ્ત્રકારો તો લખે છે કે શક્તિ પહોંચે તો પૂજાના કપડાં રોજના રોજ નવા પહેરો. પોતાના પાપી કોઠામાં દૂધ ન જાય તેની ચિંતા નહિ પણ ભગવાનના અંગે પ્રક્ષાલ તો મારા દૂધનો જ કરું. મારી શક્તિ મુજબ ઉપકરણો ઝગમગતા લાવું, ઉજળા રાખુ, સંસાર મારી લક્ષ્મીને ચુસી ખાય તેના બદલે તે લક્ષ્મીનો વ્યય તારક તીર્થંકરોની પૂજામાં કરું, એવા એવા મનોરથો પૂજકને પૂજ્યની પૂજા અંગેના જાગે, સંસારની કે વિલાસ વૃત્તિની અવગણના ખપે પણ તીર્થંકર દેવો પ્રત્યે બેદરકારી, અનાદર કે આશાતના જરાપણ ચાલવા દે નહિ. એક તીર્થંકરની ભક્તિથી સર્વે તીર્થંકરોની ભક્તિનો લાભ મળે છે, આત્મા સમ્યગ્દર્શનને પામે છે, સ્પર્શેલા સમ્યગ્દર્શનને વિશેષ નિર્મળ બનાવે છે, સુંદર ભાવનાથી વાસના પર વિજય મેળવે છે. વિરતિનો રંગ જગાડે છે, ભવની મંજિલને ટુંકી કરે છે અને મોક્ષના મેવા ચાખવાનું નજીક બનાવે છે.

## દેવોની સામુદાયિક ભક્તિ, કળશ તથા અભિષેકઃ-

**આતમ ભક્તિ મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનુ જાઇ,**
**નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ,**
**જોઇસ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે,**
**અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે ।।આ૦।।૧।।**

**અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,**
**ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસે ગુણા કરી જાણો,**
**સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર,**
**બાસઠ ઇંદ્ર તણા તિહાં બાસઠ લોકપાલના ચાર ।।આ૦।।૨।।**

ચંદ્રની પંકિત છાસઠ છાસઠ રવિશ્રેણી નરલોકો,
ગુરુ સ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો,
સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોલ,
અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. ।।આ૦।।૩।।

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણાનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો,
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસે અભિષેકો,
ઇશાન ઇન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. ।।આ૦ ।।૪।।

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મન રંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે,
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગરોલે,
મંગળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. ।।આ૦।।૫।।

ભેરી ભૂંગળ તાલ બજાવત, વળિયા જિન કરધારી,
જનનીઘર માતાને સોંપી, એણી પરે વચન ઉચ્ચારી,
પુત્ર તુમારો સ્વામી અમારો, અમ સેવક આધાર,
પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર. ।।આ૦।।૬।।

બત્રીસ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે,
કરીય અઠ્ઠાઇ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિનગુણ ગાવે. ।।આ૦ ।।૭।।

તપગચ્છ ઇસર સિંહસુરીસર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસ તણે પદ, કપૂરવિજય ગંભીરા,
ખિમાવિજય તસ સુજસ વિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીરવિજય તસ શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા. ।।આ૦ ।।૮।।

**ઉત્કૃષ્ઠા એકશોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,**
**અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ,**
**સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ,**
**મંગલલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ. ।।આ૦।।૯।।**

પ્રભુના જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણીના પ્રસંગે દેવલોકમાંથી જે દેવતાઓ મેરુ પર ઉતરી આવ્યા છે, તે જુદા જુદા નિમિત્ત પામીને આવ્યા છે, એનું જરા વર્ણન કવિ કરે છે. કવિ કહે છે, કેટલાક એટલે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ તો ત્રિભુવન નાયક પ્રત્યેની પોતાની ભક્તિના અનુપમ ઉલ્લાસથી આવ્યા છે, કેટલાક દેવો ઇન્દ્રની આજ્ઞાને આધીન બની અહીં આવેલા છે. કેટલાક પોતાના મિત્ર દેવોને અનુસરીને અત્રે આવેલા છે. કેટલાકને પોતાની પત્નીઓ પ્રેરણા કરવાથી ઉત્સવમાં ભાગ લેવા માટે આવવું પડ્યું છે. કેટલાક પોતાનો કુલાચાર સમજીને ને કેટલાક કૌતુક વિસ્મયને બ્હાને ભેગા થએલા છે. ધાર્મિક દેવોને ધર્મરૂપી મિત્રની સગાઇ માટે પ્રેરણા આપે છે.

ગીત ગાન વાજિંત્રના સરોદ વગેરેથી તથા હૈયામાં નાથની ભક્તિ કરવાના કોડ અને ઉલ્લાસ, મુખથી દેવાધિદેવના મંજુલ ગુણગાન, કાયાથી વંદન, પ્રણામ, નૃત્ય વગેરે પ્રવૃત્તિઓથી ઉત્પન્ન થયેલું એ દૃશ્ય અતિરમણીય હોય છે. **સંસારને સલામત રાખવાના કોડની પાછળ** દુર્ધ્યાન, વિચાર, વાણી-વર્તાવની મેલી રમત, જુઠ પ્રપંચ પડાવી લેવાની જ વૃત્તિ, નિર્દયતા, લોભીયાપણું, સંરક્ષણના રૌદ્ર પરિણામ, અનેકવિધ આરંભ સમારંભની પાપ યોજનાઓ અને તરકીબો વગેરે રચાય છે. એથી કલુષિત અને ભયાનક લાગણીઓને પ્રગટાવી, આત્માને કેવળ કાળો કર્યા સિવાય બીજો કઇ પણ લાભ થવાની શક્યતા રહેતી જ નથી. ત્યારે પરમાત્માની ભાવભીની નિઃસ્વાર્થ ભક્તિ કરવાના મનોરથની પાછળ હૃદયની કોમળતા, પ્રભુ પ્રત્યે પૂજ્યતા, બુદ્ધિનો જ્વલંત ઉદય, જોરદાર શુભ પ્રવૃત્તિ, હર્ષનો વેગ, પોતાની સુંદર સામગ્રીને સાર્થક કરવાનો ઉમળકો, શુભધ્યાન વગેરે રમણીય ભાવો ઊભરાય છે. અને તેથી આત્મા પવિત્ર બની ક્રમશઃ પવિત્રતાના શિખરે ચઢી જાય છે.

જન્માભિષેક નિમિત્તે જ્યોતિષી, વ્યંતર, ભુવનપતિ અને વૈમાનિક એમ ચાર નિકાયના દેવતાઓ ત્યાં આવી જાય છે. તે અચ્યુતેન્દ્રના આદેશથી કળશોને હાથમાં લઇ પોતપોતાનો ક્રમ આવે તેમ તેમ અરિહંત પ્રભુને અભિષેક કરે છે. રત્નાદિ આઠ જાતના કલશો પૈકી પ્રત્યેક જાતિના આઠ હજાર કળશ, તેથી કુલ ૬૪૦૦૦ કળશ થયા. દેવતાના એકંદર ૨૫૦ અભિષેક એટલે ૬૪૦૦૦ X ૨૫૦ = ૧,૬૦,૦૦૦૦૦ એક ક્રોડ સાઠ લાખ કુલ અભિષેક થયા. આ બધામાં પ્રથમ અભિષેક કરવાનું મહાન ભાગ્ય અચ્યુતેન્દ્રનું હોય છે. એ પ્રભુજીને અભિષેક કરે, પછી ક્રમસર બાકીના ઇન્દ્રો, દેવતાઓ અને દેવીઓ કરે છે.

## અઢીસો અભિષેકની ગણતરી:-

ચંદ્ર અને સૂર્ય સિવાય બાસઠ ઇન્દ્રોના ૬૨ (ઉત્તર દક્ષિણ-ભવનપતિના ૨૦ ઉ૦૯૦ વ્યંતરના ૧૬, વાનવ્યંતરના ૧૬, બાર વૈમાનિકના ૧૦=૬૨) સોમ, યમ, વરૂણ તથા કુબેર એમ ચાર લોકપાલના ૪, મનુષ્યલોકમાં ૬૬-૬૬ **ચંદ્ર** વિમાનના ઇન્દ્રોની પંક્તિમાં છાસઠ સૂર્ય-ઇન્દ્ર એમ **ચંદ્રના ૬૬** અને **સૂર્યના ૬૬**, ગુરુસ્થાને રહેલા **દેવતાનો ૧**, સૌધર્મેન્દ્રની આઠ અગ્રમહિષી અને ઇશાનેન્દ્રની આઠ અગ્રમહિષી તે સોલ ઇન્દ્રાણીના **૧૬** અસુરકુમારની દસ ઇન્દ્રાણીના **૧૦**, નાગકુમારનિકાયની બાર ઇન્દ્રાણી અભિષેકનો કલ્લોલ કરે છે, તેથી તેના **૧૨**, જ્યોતિષોની ઇન્દ્રાણીના ૪, વ્યંતરોની ઇન્દ્રાણીના ૪, ત્રણ પર્ષદાનો **૧**, સાતપ્રકારના સૈન્યના **અધિપતિનો ૧**, અંગરક્ષક દેવતાનો **૧**, છેલ્લે બાકી રહેલા દેવતાઓનો **૧** અભિષેક, એમ ૬૨ + ૪ + ૬૬ + ૬૬ + ૧ + ૧૬ + ૧૦ + ૧૨ + ૪ + ૪ + ૧ + ૧ + ૧ + ૧ = ૨૫૦ અઢીસો અભિષેક થયા.

અહીં દેવોનો વિવેક જોવા જેવો છે, પ્રભુને ઘેરથી લાવનાર સૌધર્મેન્દ્ર છે. પણ પ્રથમ અભિષેક કરવાનો અધિકાર અચ્યુતેન્દ્રનો પહોંચે છે. ત્યારબાદ તેના આદેશથી બીજા ઇન્દ્રો તથા દેવતાઓ ક્રમસર આવીને ભગવાનને અભિષેક

કરે છે. કોઇ ત્યાં પડાપડી નહિ. બહોળા સમુદાયમાં અહીં કેટલીકવાર એવું જોવામાં આવે છે, કે અભિષેક કરનારાઓ એકેકની ઉપર પડાપડી કરે છે, ધક્કાધક્કી કરે છે, પરસ્પર સંઘર્ષણ અને કલહ સુધી વાત પહોંચી જાય છે. પ્રક્ષાલ કરીને ઝટ ભાગી જવાની પેરવીમાં કેટલાક સાવધાન ! તો કેટલાકની દૃષ્ટિ રીસ્ટવોચના કાંટા ઉપર ! કેમ જાણે નિયત સમય ગોઠવીને આવ્યા હોય એટલે ભક્તિમાં કદાચ ધાર્યા કરતાં વધુ સમય થઇ જાય તો પાલવે નહિ ! પડાપડી કરવાથી વિવેકનો ભંગ થાય છે. કેટલીકવાર ઝગડો થઇ જાય છે તે દૃશ્ય પણ અરૂચિકર લાગે છે. **પ્રભુની ભક્તિ પ્રભુ બનવા માટે છે, ત્યાં પાપી બનવાનું કેમ જ કરાય ?** એ વિચાર જાગ્રત રાખી ભક્તિના ઉપાસક મહાનુભાવે ઉપર જણાવેલા દોષોને ટાળવા જોઇએ. અવિવેક અને આશાતનાને તિલાંજલી આપવી જોઇએ. કર્મ છોડવાના સ્થાનમાં ભક્તિ કરતાં કરતાં આત્મા કર્મ બંધનના માર્ગે જઇ ચઢે એવી ઉતાવળ, ધમાધમ, કલહ, બાહ્યપ્રીતિ વગેરેમાં ન ફસાઇ પડે તે બદલ પૂર્ણ સાવધગીરી રાખવાની જરૂર છે.

અભિષેકના સમયે જ્યારે દેવતાઓ છાતી આગળ બે હાથમાં કળશ ઉંચકી ઊભા હોય છે, ત્યારે સંસાર સમુદ્રને તરવા માટે જાણે હાથમાં ઘડા ધારણ કર્યા હોય, તેવું મનોહારિ દૃશ્ય ત્યાં ભાસે છે.

## સૌધર્મેન્દ્રની અપૂર્વ ભક્તિઃ-

ઇશાનેન્દ્ર વગેરે દેવોએ જ્યારે પરમાત્માને અભિષેક કર્યા, ત્યારે સૌધર્મેન્દ્રે પ્રભુજીને પોતાના ખોળામાં બેસાડ્યા હતા. જગતના તારક દેવાધિદેવને અનેક અભિષેક વખતે ખોળામાં લઇને બેસવાનો સુવર્ણ અવસર પ્રબળ પુણ્યોદય સિવાય હરગીજ પ્રાપ્ત થઇ શકતો નથી. તે અભિષેકો થયા બાદ સૌધર્મેન્દ્રને ઇશાનેન્દ્ર વિનંતિ કરે છે, કે હવે તમે થોડીકવાર મને પ્રભુજીને આપો. હું પણ પ્રભુજીને મારા ખોળામાં બિરાજમાન કરું, અને તમે પણ પ્રભુજીને ખુશીથી અભિષેક કરો.'' અહીં હુકમ નથી પરંતુ વિનંતિ છે. સૌધર્મેન્દ્ર પ્રભુજીને ઇનેન્દ્રના ખોળામાં બિરાજમાન કરે છે. માનસિક અતિ ઉછરંગપૂર્વક બળદનું રૂપ કરી શિંગડામાં જલ ભરી પ્રભુજીને અભિષેક કરે છે. પ્રભુના

પુનિત અંગને દિવ્ય મુલાયમ વસ્ત્રથી કોરું કરે છે. વિકસિત પુષ્પો તથા બરાસ કસ્તૂરી વિગેરે બીજા મઘમઘતા સુગંધિદાર દ્રવ્યોથી પૂજા અને આજુબાજુ છંટકાવ કરે છે. કેસરના રંગરોલ મચાવે છે. ઉત્તમ દેવતાઇ વસ્ત્ર પહેરાવે છે. હાર, મુગટ વગેરે આભૂષણના ઝગમગાટ કરે છે. મંગળ દીપકો પ્રગટાવે છે. આરતિ ઉતારે છે. સર્વે દેવો જયજયકારના મધુરનાદ કરે છે. અને ભેરી, ભુંગળ વિગરે વાજિંત્રો સુંદર રીતે વગાડે છે. પછી દેવો સહિત **ઇન્દ્ર ઉત્તમ શબ્દોથી પ્રભુની ભાવસ્તુતિ કરી પોતાના આત્માને પ્રભુભક્તિથી જ કૃતાર્થ થયો માને છે, અને સ્વર્ગના આનંદને તુચ્છ ગણી પ્રભુ ભક્તિમાં અપૂર્વ આનંદનો અનુભવ કરે છે.**

શ્રીપાલ મહારાજાના રાસમાં વિનયવિજયજી મહારાજે લખ્યું કે ''પરિગલ કીજે પખાલ'' એટલે પ્રભુને પ્રક્ષાલ પરિગલ કરવો એમ જણાવ્યું. પરિગલ એટલે જેમાં દુધ, દહીં, ઘી, સાકર અને પાણી એ પાંચ ઉતમ વસ્તુઓ પ્રમાણમાં ભેળવી હોય. તેથી તેને પંચામૃત કહેવાય છે. પાંચ શેર પાણી અને પા શેર દુધ એ પરિગલ પ્રક્ષાલ બની શકે નહિ. કહેવાનો દુધનો અભિષેક અને કરવાનો લગભગ પાણીનો પખાળ ! પ્રભુભક્તિમાં આવી બેદરકારી થાય ત્યારે વિચારવું ઘટે કે પાપી પેટમાં ઠાલવેલાં કઢેલાં મસાલેદાર ગરમાગરમ દુધના પ્યાલા એ ખરેખર વિષના પ્યાલા તરીકે પરિણમવાના છે. પ્રાણપ્રિયા અને મોહકુટુંબ, તેમજ મેમાન તથા આડતીયાને ધરેલા, તેય પાપના પ્યાલા છે, ધર્મના નહિ. એમ જાતને કે સ્નેહીને એ દુધ જે પાયું તે શારીરિક સત્ત્વને કદાચ આપશે, છતાં પુણ્યાનુબંધી પુણ્ય, સકામનિર્જરા, ગુણવિકાસ વગેરે આત્મિક સત્વને નહિ આપે, પણ ઉપરથી વિકારને પોષશે. ત્યારે આ પરમાત્માની પ્રક્ષાલન ભક્તિની પાછળ યોજેલા આપણા દૂધના પ્યાલા એ અમૃતના કટોરા બનવાના. ઉજ્જવલ દૂધની ભક્તિથી બધુંજ ઉજ્જવલ બનવાનું. ઉજ્વલ ભાવના જાગવાની ઉજ્જવલ પ્રેરણા મળવાની, ઉજ્જવળ સમાધિ અને ઉજ્જવળ સદ્ગતિ મળવાની અને પરિણામે ઉજ્જવળ મોક્ષ પ્રાપ્ત થવાનો. મહાન વસ્તુઓ પ્રભુચરણે ધરી મહાન પ્રભુભક્તિ કરવા માટે મળેલા સોનેરીભવમાં સંબંધીજનો અને સ્વાર્થી જગતને આપણો માલ ખવડાવી દેવામાં

તો એ બધાને તાગડધીન્ના કરવાનું થાય છે. ત્યારે તેના ભોગે આપણે તો માર જ ખાવાનો રહે છે. ખરેખર ! સ્વાર્થની જ સાંકળથી સંકળાઇ આપણી વાહવાહ કરનાર જગતને રાજી કરવા પાછળ કે એની ગુલામી પાછળ લક્ષ્મીનો દુર્વ્યય. શક્તિનો દુરપયોગ, જીવનની બરબાદી વિગેરે અનેક પ્રકારની નુકશાનીમાં મૂઢ આત્મા ઉતરી કેવું સાહસ કરે છે ! વિચાર કેમ ન આવે કે અમારા તુચ્છ સ્વાદની ખાતર દૂધના ભર્યા પ્યાલા ચાલુ જ રહે અને ત્રણ જગતના નાથના અભિષેકમાં પાણી જેવું દુધ ? કળશથી અભિષેક કરતાં તેના નાળચાં પ્રતિમાજીને ન અડે તેની કાળજી તો પૂજક અવશ્ય કરે. નિર્મળ જળના અભિષેક કર્યા બાદ પ્રભુને મુલાયમ સુકોમળ અંગલુછણાથી લુછવા જોઇએ. દિવ્ય વસ્ત્રથી ઇન્દ્ર પ્રભુના અંગ પર રહેલું પાણી લુછી નાખે છે. પ્રભુજીના અંગને લુછવા માટે અંગલુછણા કેવા જોઇએ ? મશરૂની તળાઇ કરતાં પણ વધુ મુલાયમ અને સુંવાળા અને તે પણ ઉજળા જોઇએ, પીળા પડી ગયેલા નહિ, કે મેલા ઘેલા પણ નહિ અને ફાટેલા તુટેલા પણ નહિ. ખીસાના રૂમાલ, જરીઆન સાડીઓ, સુઇ રહેવાનાં ગાલીચા, લગ્નના પ્રસંગે પથરાતી ગાદીઓ અને તકીઆ કેવા સુકોમળ અને સફેદ હોય છે. ખરબચડા અને મેલાઘેલા ત્યાં ચલાવી લેવાતા નથી તે નિમિત્તે કાંઇ વધુ ખરચ થઇ જશે એ પ્રશ્ન પણ હાથ ધરવામાં આવતો નથી. સુખસગવડ-વૈભવવિલાસ અને આબરૂ સાચવવાની ખાતર લક્ષ્મીના વ્યયની કિંમત કાંઇ આંકવામાં આવતી નથી તો પ્રભુભક્તિમાં કેમ વ્યયનો વિચાર થાય ? માટે પરમાત્માને લુછવાના અંગલુછણા તો ઉપર બતાવેલ સુકુમાળ વસ્તુથી પણ વધુ સુકુમાળ, ઝીણા અને ઉજળા જોઇએ.

કિંમત જડનાં ભોગની કે દેવાધિદેવની ભક્તિની ? શક્તિ પહોંચે તો રોજ નવા નવા અંગલુછણાનો ઉપયોગ કરવાનો, તે ન પહોંચે તો એકવાર લાવેલા રોજના ઉપયોગમાં મુલાયમ, અખંડ અને સફેદ તો હોવા જ જોઇએ, કાણાં પડી ગયેલા, મલિન જેવા, ખરબચડા અને જાડા બનેલા અંગલુછણા પ્રભુજીના અંગે લગાડવાથી તીર્થંકરદેવની આશાતનાનું પાપ લાગે છે, તે અંગલુછણા પ્રભુની મૂર્તિ ઉપર જ લાગવા જોઇએ, નહિ કે એનાથી થોડું

પબાસણેય સાફ થાય. પ્રભુના અંગે વાપરવાના છે ત્યાં સુધી પાટપોથા તરીકે તે ન જ વાપરી શકાય. વિચારો ! માસિક કે વાર્ષિક મોટા ખરચા કુટુંબની પાછળ ઉપાડે, તુચ્છ વિલાસોની પાછળ પૈસાનું પાણી કરે, તેને જિનભક્તિની પાછળ માસિક કે વાર્ષિક ખર્ચ કેટલો ? કુટુંબની પાછળ કરાતા ખર્ચની અપેક્ષાએ કેટલામા ભાગે ? સંસારને ગમે તેટલો ખુશ કરવામાં આવશે છતાં અંતે તો તે રૌરવ દુઃખના ભયંકર ચાબકા જ મારવાનો છે, એ બરાબર યાદ રહે.

પ્રભુજીનું પવિત્ર અંગ પવિત્ર વસ્ત્રથી લુછયા બાદ ઉત્તમ ચંદન વિગેરે સુગંધીદાર દ્રવ્યોથી ઇન્દ્ર પ્રભુજીના અંગનું પૂજન કરે છે. ઉપરાંત છંટકાવ કરે છે. વિલેપન કરવા માટેના દ્રવ્યો, જેવાં કે મઘમઘતું કેસર, બરાસ, કસ્તુરી, અત્તર વિગેરે, એ સુંદર, કિંમતી અને સુગંધથી મઘમઘતા જોઇએ. ફીકા અને હલકા દ્રવ્યોથી પ્રભુનું બહુમાન તથા યોગ્ય ભક્તિ થઇ શકતી નથી. ઘેર આવેલા જમાઇરાજના સન્માન અને સત્કાર મામુલી દ્રવ્યોથી કરાતા નથી, પણ મૂલ્યવાન ચીજોથી કરાય છે. ત્યારે શું જમાઇરાજ જેવાની અપેક્ષાએ પણ શ્રી જિનરાજની કિંમત કાંઇ નહિ ? સમજવું જોઇએ કે પ્રભુનું મૂલ્યાંકન કરી શકાય એમ નથી. કેવળજ્ઞાની મહર્ષિ પણ અરિહંત પ્રભુના ગુણ અને મહત્વને પૂરા વર્ણવી શકે નહિ !

કેશરના ચાંલ્લા પણ પહેલાં બરાસનું વિલેપન કરી તે બરાસ ઉપર કરવા જોઇએ. એકલા ગરમ કેસરને લીધે જતે દિવસે પ્રતિમાજી ઉપર ડાઘો પડી જાય છે. તેથી ચાંલ્લા વ્યવસ્થિત, ગોળમટોળ, નાજુક અને દેખાવડા કરવા જોઇએ, આપણા કપાળમાં કરેલ તિલક જ્યારે માપસર અને રમણીય હોય, તો પરમાત્માના અંગે કરેલા તિલક વાંકાચુંકા, માપ વિનાના, ગમે ત્યાં અને રેલા ઉતરે તેવા કેમ ચાલે ? કેટલાક ભક્તજનો પ્રતિમાજી ઉપર કેસરના રેલા ઉતારતા હોય અને સાથે તિલક કરવાની ભક્તિ ચાલુ રાખતા હોય છે. આ તેમની કેટલી વિવેકભરી ભક્તિ કહેવાય ? કેસરના તિલક કરતાં પ્રતિમાજીના અન્ય અંગે ટપકાં ન પડે તે બદલ પૂરી કાળજી શ્રદ્ધાળુ ઉપાસકે ખાસ રાખવી જોઇએ.

એક વાત ખાસ એ ધ્યાનમાં રાખવાની કે પ્રભુના અંગની પૂજા કરતી વખતે પૂજા કરનારે મુખ ઉપર અષ્ટકોશ પટ એટલે આઠ પડ કરીને નાસિકાના ઉપરના ભાગથી ઉત્તરાસંગ બાંધવું જોઇએ. આપણા મુખ તથા નાકમાંથી થુંક, કફ અને શ્વાસોશ્વાસ દ્વારા ઘણાં અશુચીમય પુદ્ગલો બહાર નીકળે છે. તેના અણુઓનો પણ સ્પર્શ ભગવાનના પવિત્ર અંગે લાગવો જોઇએ નહિ. તે કારણે આઠ પડ કરવાના. અને મુખ આગળ બાંધી તેનાથી મુખની માફક નાસીકાના છિંદ્રોને પણ ઢાંકી દેવાના. આપણું શરીર અશુચિનું નિકેતન છે. જેમ ડુંગરી અને લસણમાંથી દુર્ગંધ નીકળ્યા જ કરે છે, તેમ ગંદવાડના ઘર રૂપ શરીરમાંથી અશુચિ બહાર આવ્યા જ કરે છે, તેથી બોલતા ઉડતું થુંક, ઉધરસ અને છીંકના પુદ્ગલો કે શ્વાસોશ્વાસ પ્રતિમાજીને સ્પર્શે નહિ એ વાત ધ્યાનબહાર જવી ન જોઇએ. કેસરમાં બોળાતી આંગળીનું માત્ર ટેરવું જ કેસરવાળું કરવાનું હોય. પરંતુ આંગળીનો નખ કેસરમાં ન જ નાખવો જોઇએ. ભગવાનના અંગને પણ નખ અડવો જોઇએ નહિ. તેથી પૂજા કરવાની જમણા હાથની અનામિકા આંગળીનો નખ તો બીલકુલ વધેલો હોવો જ ન જોઇએ.

ચંદનની પૂજા કર્યા બાદ ઇન્દ્ર પુષ્પની પૂજા કરે છે. પુષ્પો પણ તાજા ચુંટી લાવેલા, ઉત્તમ જાતિના, વિવિધ પ્રકારના અને સુગંધીદાર ચઢાવવા જોઇએ. પબાસણ પર કે જમીન પર પડી ગયેલા પુષ્પો પરમાત્માના અંગ પર ચઢાવાય નહિ. બાર દોકડાની મુડીવાળો પણ પુણીઓ શ્રાવક પુષ્પના પ્રકરોથી એટલે ઘણા ફૂલોથી પ્રભુને રોજ પૂજતો. પુષ્પો ઘાટબંધ ગોઠવવાની મનોરંજક કળા એ દર્શન કરનાર આત્માને સારા પ્રમાણમાં આકર્ષે છે. પછી ત્યાં પ્રભુના દર્શન હૈયાને પુલકિત કરે છે. જે હાથે દુનિયામાં કાળાધોળાં કર્યા, અનેકને ત્રાસ અને જુલમ વરસાવ્યા, વેપારી અને ઉદ્યોગપતિ બનવા માટે પ્રચુર પાપ સેવ્યા અને વૈષયિક ક્રીડાઓ કરવામાં પાવરધાપણું મેળવ્યું, તે હાથ શાબાશી નહિ પણ નાલેશીપણું પામનાર થયા. જીવને એથી કાંઇપણ કમાણી ન થતાં કેવળ ગમાણીનોજ ધંધો થયો. જીવ વીર બનવાને બદલ વેવલો બન્યો પણ હવે એજ હાથથી જો પ્રભુને પુષ્પોની અંગરચના કરાય, બાદલું, કટોરા વિગેરેથી

ભવ્ય આંગી રચાય અને આત્મા તેમાં ભક્તિલીન બને, તો તે હાથ પેલી નાલેશી ધોઇ નાખી શાબાશી અપાવનાર બને.

દેવતાઓ પૂજન કરીને મંગળ દીવો તથા આરતી ઉતારે છે. તે દીપક પૂજાનો પ્રકાર છે. મંગળ દીવો એ અપમંગળને ટાળનારો છે. દીપક પૂજા રૂપે એ કેવળજ્ઞાનાવરણીયરૂપ અંધકારને ટાળી ક્રમે કરીને કેવળજ્ઞાનના દીવડાને પ્રગટાવનારો બને છે. આરતી શબ્દ કેવો સરસ છે ? આ' અને 'રતિ', 'આ' ઉલટાપણાના અર્થમાં પણ આવે છે. તેથી 'રતિ'=ભવાસકિત અને આરતી=ભવોદ્વેગ. સંસાર પર અરુચિ કરી આપે તે આરતી, અથવા 'આ' એટલે ચારે બાજુથી અને 'રતિ' એટલે આનંદ. ચારે બાજુંથી આત્મહિતના માર્ગમાં અને આત્મિક ગુણોમાં જ આનંદ જગાડે તે આરતી. આરતીનો અર્થ આરાત્રિક પણ થાય છે. રાત્રિની મર્યાદાવાળો અર્થાત્ રાત્રિના પ્રારંભે કરવામાં આવતો દીપક તે આરાત્રિક. આરતી અને મંગલદીવાના અંતીમ ફળ તરીકે ભવના ફેરા ટાળવાનું છે. તે ક્રિયામાં દીપમાળને ઉપરથી નીચે અને નીચેથી ઉપર જે ગોળાકારે ફેરવવામાં આવે છે, તે જાણે પ્રભુને પ્રદક્ષિણા કરવા રૂપે છે. તેથી ભવભ્રમણ ટળે છે. અથવા ઉપરથી નીચે, નીચેથી ઉપર, એમ કરાતું દીપકભ્રમણ તે ઉર્ધ્વલોક, અધોલોક તથા તિર્છાલોકમાં જીવથી કરાતા ફેરાને ટાળે છે, અને આત્માના પ્રદેશોમાં પણ યોગની ચંચળતાથી નીપજતી ચંચળતાને લીધે પ્રદેશોની થતી ક્રિયાને ટાળી તે પ્રદેશોના ભ્રમણને પણ મટાડી તેમાં સ્થિરતા લાવી દે છે.

આરતી મંગલદીવો કર્યા બાદ પ્રભુ આગળ ભેરી, ભૂંગળ, વગેરે ઘણા વાજીંત્રોથી ગાનતાન અને નૃત્યપૂજા કરે છે. નાના મધુર વાજીંત્રોથી ભક્તિ કરતાં ભાવોલ્લાસ વધુ જાગે છે તેથી લાભ વધે છે. જિનમંદિરમાં કાજો લેવાથી લાભમાં શતાંશ પુણ્ય ગણીએ તો જિનેન્દ્રના અંગે કેસર, બરાસ વગેરે વિલેપન કરવાથી હજારગણું, પુષ્પોના સમૂહ અને માળાથી લાખગણું અને ભગવાનની આગળ ગીત નૃત્ય અને વાજીંત્રની પૂજા કરવાથી અનંતગણું પુણ્ય ઉપાર્જાય છે. સંસાર ખરેખર નાટક છે. નાટકની રંગભૂમિ ઉપર જુદા જુદા પાત્રો નવીન

નવીન નાટકોને ભજવે છે, પાત્રો પુરુષ તથા સ્ત્રીના રૂપ ધારણ કરે છે, અનેક પ્રકારના રંગઢંગ પહેરવેશ કરે અને બદલી નાંખે છે. પ્રેક્ષકોને હસાવે છે, રમાડે છે, તથા રોવડાવે છે. તેવી જ રીતે આપણા આત્માએ સંસારનાટકમાં પશુ, પંખી વગેરેના અવતાર લીધા, દેવગતિ તથા નરકગતિના પણ પાર્ટ ભજવ્યા. માનવ માનવી તરીકે જન્મ લીધા. સંબંધીઓને નાટકની શરૂઆતમાં હસાવ્યા અને નાટકની સમાપ્તિમાં રોવડાવ્યા, તે ભવનાટકની સંપૂર્ણ પૂર્ણાહુતિ કરવા અને પાત્રો ભજવવાની વિંટબણા ટાળવા માટે નાથની આગળ નાટક પૂજા ઉલ્લાસપૂર્વક કરવાની છે, સાથે ગીતગાન, વાજીંત્રનું વાદન હોય તો તે વધુ પ્રબળ શુભ ભાવને જગાડે છે. તેમાં એકતાન બનેલો આત્મા ભક્તિના ફળરૂપે તીર્થંકર નામકર્મ પણ અવસરે કમાઇ લે છે. આ ભક્તિયોગમાં મન, વચન તથા કાયાની એકાગ્રતા વધુ કેળવાય છે. ગમે તેવા દારૂણ માનેલા દુઃખો પણ ક્ષણવાર વીસરાઇ જાય છે. તથા સંસારના ચમકદાર સુખો પણ એ એકતાન આનંદ આગળ રસ વિનાના ભાસે છે. સંગીતકાર, બજાવનાર, નૃત્ય કરનાર, રાસદાંડીઆ રમનાર વગેરે ભાગ્યશાળીઓએ જગતને રીઝવવા, ખુશ કરવા કે પોતાની કળા દેખાડવા, અને પછી પ્રશંસાની પુષ્પવૃષ્ટિ, તાળીના ગડગડાટ કે વન્સમોર લેવા માટે કળાનો દુરુપયોગ કરવાનો નથી, પણ કેવળ પરમાત્માની ભક્તિ કરી પોતાના તથા બીજાના આત્માને રીઝવવા અને ખુશ કરવા માટે જ તે કળાનો સદુપયોગ કરવા જેવો છે. દેવોએ પ્રભુ આગળ વિવિધ નૃત્ય કર્યું. સંગીતના સાજ સાથે મધુર ગાનતાન કર્યું. ત્યારબાદ સૌધર્મેન્દ્ર દર્પણ વગેરે આઠ મંગલોને રત્નના વસ્ત્ર ઉપર રૂપાના ચોખાથી આલેખે છે. પૂજામાં ચોખા કદાચ ચાંદીના નહિ તો પણ ચાલુ ચોખાય શુદ્ધ અને અખંડ જોઇએ. તુટેલા, સડેલા કે કણકી કામ લાગે નહિ.

## ઇન્દ્રની પ્રભુ પ્રત્યે સ્તુતિઃ-

હવે ઇન્દ્ર મહાગંભીર ભાવવાહી શબ્દોમાં પ્રભુની સ્તવના કરે છે-

'હે પ્રભુ ! આપને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ, આપ સિદ્ધ છો, બુદ્ધ છો, રજ વિનાના છો, શ્રમણ છો, સમતાના સંગી છો, માયાશલ્ય, નિદાનશલ્ય

અને મિથ્યાત્વશલ્યને કાપનારા છો, સ્વયં ભય વિનાના છો, બીજાને અભય આપનારા છો, રાગદ્વેષથી રહિત છો, માનને ચૂરનારા છો, ક્રોધને બાળનારા છો, ગુણરત્નના નિધાન અને શીલના સાગર છો. આપ ધર્મચક્રથી નિજના અને ભક્તજનોના ચારગતિરૂપ સંસારનો અંત લાવનારા છો.'

ઉપર જણાવ્યા મુજબ મેરૂપર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક ઇન્દ્રો તથા દેવો વગેરે અતિશય ઉમંગપૂર્વક ઉજવે છે. હર્ષથી પ્રત્યેકના હૈયા નાચી ઉઠે છે, અને જન્મકલ્યાણકની ઉજવણી પૂરી થાય છે.

**ઇન્દ્રનું માતા પાસે આગમન, રત્નની વૃષ્ટિ અને ઉદ્‌ઘોષણા**

પછી ત્રિભુવનપતિ તીર્થંકર દેવને વિવેક અને ભક્તિપૂર્વક ગ્રહણ કરી ઇન્દ્ર માતાની પાસે આવે છે. અને તે માતા પાસે સ્થાપિત કરેલું પ્રભુનું પ્રતિબિંબ સંહરી પ્રભુને બિરાજમાન કરે છે, તથા અવસ્વાપિની નિદ્રાને સંહરી લે છે. પ્રભુની સેવામાં દિવ્યવસ્ત્ર, રત્નનો હાર, સુવર્ણનો દડો વિગેરે મુકે છે. મર્દન, મજ્જન કરાવનારી વિગેરે પાંચ ધાવમાતાની સ્થાપના કરે છે. તેમ પ્રભુને ખેલાવવા માટે, આનંદમોજમાં રાખવા માટે રંભા-ઉર્વશી વિગેરે અપ્સરાઓને નીમે છે. એથી પ્રભુનું સુંદર લાલન પાલન એવું અદ્‌ભુત થાય છે કે જે ચક્રવર્તીના પાટવી પુત્રને ય નથી મળતું. આ અપૂર્વ પુણ્યનો પ્રકાર છે. ભૂલવાનું નથી કે આના મૂળમાં પૂર્વના ત્રીજા ભવનો ઉછળતો શાસનરાગ અને વિશ્વ પરની ભાવદયા છે. ઇન્દ્ર પ્રભુના ઘરમાં બત્રીશ કરોડ સોનૈયા, હીરા, માણેક તથા મહામૂલા વસ્ત્રોની વૃષ્ટિ કરાવે છે. તીર્થંકર બનવાના પુણ્ય આગળ ઇન્દ્રો જેવા દાસ બની જાય તો લક્ષ્મીનું તો પૂછવું જ શું ? લક્ષ્મીના જાણે પુષ્કરાવર્ત વરસે છે, પુષ્કરાવર્તના મેઘથી ભૂમિ જેમ જલબંબાકાર થઇ જાય, તેમ અહીં સૌનૈયા વિગેરેથી ઘરમાં લક્ષ્મીની રેલમછેલ કરી નાખે છે.

**પ્ર.** - પ્રભુ તો પરમનિરીહ છે એટલે ઇચ્છા વગરના છે, પરમ વિરાગી છે. તેમને સોનૈયા રત્ન વિગેરેની વૃષ્ટિની લેશમાત્ર પણ અપેક્ષા નથી. સોનાની પાટ અને માટીનું ઢેફું એ બન્ને પર એમને સમાન દૃષ્ટિ છે રત્નની વૃષ્ટિ અને

કાંકરા સમાન હોવાથી તેની આવશ્યકતા નથી. જે કુળમાં તે જન્મ લે છે, તે કુળ ઉત્તમ, ખાનદાન અને સમૃદ્ધિવંત હોય છે. દરિદ્ર કે નીચ કુળોમાં પ્રભુ જન્મને ધારણ કરતા જ નથી, તેથી કુળને પણ તેવી વૃષ્ટિઓની જરૂર રહેતી નથી તો પછી ઇન્દ્ર તે વૃષ્ટિઓ શા માટે કરાવે છે ?

ઉ. પ્રભુને અથવા પ્રભુના માતપિતાને કે કુળને તેની જરૂર છે માટે વૃષ્ટિ કરાવે છે એમ નહિ, પણ પરમાત્મા તરફની પોતાની ભક્તિ તથા બહુમાન દર્શાવવા અને પ્રભુનો મહિમા પૃથ્વીપટ ઉપર પ્રસરાવવા પોતાનો શાશ્વત આચાર પાળે છે. સાચા સ્વામી એવા ઉદાર હોય છે કે જે સેવકની સેવા શુશ્રૂષાને ચિત્તમાં ચાહનારા નથી હોતા, અને સ્વામિત્વના અહંભાવથી રહિત હોય છે. સેવાના પ્રસંગે સેવા ન કરનાર જીવો પ્રત્યે પણ વાત્સલ્ય અને કરુણાભાવ દર્શાવનારા હોય છે, ત્યારે સેવક પણ કેવા હોય છે, કહો, જે સદા સેવા કરવાના વ્યસની અને સેવા કરવા માટે સતત જાગ્રત હોય છે, તેમજ સેવાના પ્રસંગને ઉમળકાથી ઝડપી લેનારા, સેવ્ય પ્રત્યે બહુમાન અને વિનય મર્યાદાનું પાલન કરનારા અને સેવાવિહુણા દિવસને વાંઝીયો માનનારા અને તેથી બેચેની અનુભવનારા હોય છે. પછી ઇન્દ્ર આભિયોગિક દેવતાઓ પાસે એક મોટી ઉદ્‌ઘોષણા કરાવે છે કે ''જે મનથી પણ પ્રભુ કે પ્રભુની માતાનું અશુભ ચિંતવશે તેનું માથું ફોડી નાખવામાં આવશે.'' હવે ઇન્દ્ર ત્યાંથી જવા પૂર્વે ભગવાનના અંગુઠામાં અમૃતનો સંચાર કરી જવાની તૈયારી કરે છે. બાલ્યવયમાં પ્રભુ માતાને ધાવતા નથી. ભૂખ લાગે ત્યારે અંગુઠો મુખમાં નાખે અને અમૃતપાનથી તૃપ્ત થાય છે.

## ઇન્દ્ર સપરિવારનું નંદીશ્વરદ્વીપગમન, ઉત્સવ અને દેવલોકગમનઃ-

પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યા બાદ અને પ્રભુને સુખપૂર્વક મુકયા પછી ઇન્દ્ર વિગેરે બધા દેવો નંદીશ્વરદ્વીપમાં ઓચ્છવ કરવા માટે જાય છે, કેમ વારૂ ? જગદ્‌ગુરુ જિનેન્દ્રના જન્માભિષેકથી આત્મામાં થયેલો અનેરો આનંદ જાણે હજુ અધુરો લાગે છે, તેથી એને પૂર્ણ કરવા નંદીશ્વરદ્વીપે જાય છે. ત્યાં

અષ્ટાન્હિકા ઉત્સવ એટલે આઠ દિવસના ઓચ્છવમાં સર્વે દેવો દિલથી ભાગ લે છે ત્યાં રહેલા શાશ્વતા ચૈત્યો તથા ભવ્ય બિંબોના દર્શન, વંદન, પૂજનાદિ કરતા કરતા પોતાના આત્માને કૃતાર્થ માને છે. ભક્તિરસના ભરપૂર ફુવારા, આકર્ષક વાજીંત્રોના દિવ્ય ધ્વનિ, મધુરાલાપી ગાનતાન, નૃત્યકળાના નિર્દોષ અભિનવો અને આનંદની ભરતીઓ એવી અદ્ભુત હોય છે કે એમાં દિવ્યસુખોના વિસ્મરણ થઇ જાય છે. એ પ્રશસ્ત ભાવોથી ત્યાંનું વાતાવરણ મિથ્યાત્વી આત્માના મિથ્યાત્વને ગાળી નાખે તેવું બને છે પ્રભુભક્તિ અંગે યોજેલા મહોત્સવો ધર્મશ્રદ્ધાને ઉત્તેજિત અને નિર્મળતર કરનારા છે. એમાં ચંચલ લક્ષ્મીનો સુંદર સદુપયોગ થાય છે. પુણ્યાનુબંધી પુણ્યનો જથ્થો આત્મામાં જમા થાય છે. અન્ય ભાવુક આત્માઓને ધર્મમાં જોડાવાની પ્રેરણા મળે છે, ધર્મમાં જોડાએલા વધુ સ્થિર બને છે. દર્શનાચારનું સાત્વિક પાલન થાય છે. ઉદારતાનો વરસાદ વરસાયાથી શાતાવેદનીયનો બંધ પડે છે, અને સ્વપરનું એકાન્તે કલ્યાણ થાય છે. મંગળમય ઉત્સવની પૂર્ણાહુતિ બાદ સર્વે દેવો પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે. પણ જતા જતા મનમાં પ્રભુના દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણક ઉજવવાનાં મનોરથ સેવે છે. ઇન્દ્રાણીઓ અને અપ્સરાના ભોગસુખમાં જે મઝા નહિં તેવી મઝા પ્રભુના જન્મકલ્યાણકના અપૂર્વ મોહક પ્રસંગમાં લૂંટવાની દેવોને મળી તેથી હવે પાછો ફરીથી ક્યારે પ્રભુના દીક્ષાકલ્યાણક નિમિત્તે ઝગમગાટ ઉત્સવને ઉજવીશું. દીક્ષા લીધા પછી પ્રભુના કેવળજ્ઞાનકલ્યાણકનો ઓચ્છવ ક્યારે હર્ષભેર કરીશું એવી મનોરથમાલિકાને મનમંદિરમાં સ્થાપે છે. અને અહર્નિશ પરમાત્માના ગુણગાન કર્યા કરે છે. દીકરાના લગ્ન થાય તે અગાઉ કેટલા દિવસો અને મહિનાઓથી માતાપિતા તથા કુટુંબીજનો મનોરથોથી ખુશ ખુશ થતા હોય છે. નાના પ્રકારની યોજનાઓના ધારાવાહી સંકલ્પો, સુવ્યવસ્થિત અને શોભાસ્પદ બનાવવાના વિચારો અને સંબંધી તથા અન્ય જનોને લગ્નોપયોગી ભલામણોના મનોરથો ચાલ્યા જ કરે છે. ઉપરાંત લગ્ન પછીના જીવનના મનોરથો પણ ચિંતવે છે. તે સંકલ્પોના સેવનથી આત્મા પર પાપના ભારા ચઢયા કરે છે. અને એમાં વળી રસમય પ્રવૃત્તિથી લગ્નરૂપ પાપસ્થાનકની પારાવાર અનુમોદના થાય છે.

અબ્રહ્મની વાસનાને દઢતર બનવા માટે વધુ વેગ મળે છે. પરિણામે સંસારનું મૂળ સિંચનના યોગે નવપલ્લવિત થાય છે. અને આત્મા નિર્મલ બ્રહ્મચર્યનું પાલન કરવાના પવિત્ર કોડથી વંચિત રહે છે ત્યારે તેથી ઉલટું પરમાત્માના દીક્ષાકલ્યાણક વિગેરેના ભાવિ ઉત્સવોને ઉજવવા માટે આત્મામાં ઉઠતા શુભ તરંગો અને ઉમળકા વિપુલ કર્મનિર્જરા કરાવે છે. પાપ વાસનાઓને પલાયન કરી દે છે અને માનસિક પવિત્રતાની સૌરભને ફેલાવે છે. પ્રભુના ગુણોની અનુમોદનાનો લાભ મળે છે.

ઉપર કહી ગયા મુજબ પ્રભુનો જન્મોત્સવ રંગેચંગે દેવતાઓ પૂર્ણ કરે છે. અને પોતપોતાના દેવલોકમાં જઇ સુંદર ભાવનાઓ ભાવે છે. સ્નાત્રના વર્ણનનો અધિકાર સમાપ્ત થાય છે. હવે સ્નાત્રકાર પૂ. વીરવિજયજી મહારાજની ગુરુપરંપરા તથા અંત મંગળ તરીકે સર્વ જિનની સ્તુતિનું વર્ણન કરવામાં આવે છે.

## ગુરુની પરંપરા તથા અંતિમ મંગળઃ-

કવિવર્ય પોતાનો ગચ્છ અને તેમાં ચાલી આવેલી ગુરુપરંપરાનું વર્ણન કરતા જણાવે છે કે તપાગચ્છના અધિપતિ તરીકે વિજયસિંહસૂરીશ્વરજી થયા. તેમના શિષ્ય પૂ. પન્યાસજી સત્યવિજયજી મહારાજ થયા. એમણે શિથિલતા દૂર કરાવી ક્રિયામાર્ગનો સુંદર ઉદ્ધાર કર્યો. તેમની પાટે કપૂરવિજયજી મહારાજ. તેમના શિષ્ય શ્રી શુભવિજયજી મહારાજ અને તેમના શિષ્ય તરીકે પ્રસ્તુત સ્નાત્ર કાવ્યના રચયિતા પંડિત કવિરત્ન શ્રી વીરવિજયજી મહારાજ થયા.

અંતિમ મંગળ તરીકે સ્નાત્રકાર પરમાત્માને સ્તુતિ કરે છે. પ્રભુના જન્મોત્સવ ગાવા નિમિત્તે રચેલ સઘળુ સ્નાત્ર મંગળમય જ છે તે વાતમાં શંકાને લેશમાત્ર સ્થાન નથી છતાં સમાપ્તિમાં વિશેષ રીતે જિનની સ્તવના કરવામાં આવે છે. અજિતનાથ ભગવાનના સમયમાં વિચરતા સર્વ તીર્થંકરોની સંખ્યા એકસોને સિત્તેર હતી, પાંચ ભરતનાં પાંચ, પાંચ એરાવતના પાંચ અને પાંચ મહાવિદેહમાં બત્રીશ બત્રીશ વિજય, તેમાં એક એક તીર્થંકર એટલે પાંચ મહાવિદેહના એકસોને સાઠ. બધા મળીને કુલ એકસોને સિત્તેર તીર્થંકરો થયા. પંદર કર્મભૂમિમાં એકીકાળે વિચરતા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા ૧૭૦

થાય છે. અને તે સંખ્યા અજિતનાથ પ્રભુના વારામાં થઇ હતી હાલ ભરત તથા એરાવત ક્ષેત્રમાં કોઇ તીર્થંકર ભગવાન વિચરતા નથી. પણ મહાવિદેહમાં વીશ તીર્થંકરો વિચરે છે. તો તે ૧૭૦ તીર્થંકરો, હાલ વિચરતા ૨૦ વિહરમાન તીર્થંકરો, અતીત એટલે ભૂતકાળમાં થયેલા અનંત તીર્થંકરો, અને અનાગત એટલે ભવિષ્યકાળમાં થનારા અનંતા તીર્થંકરોને યાદ કરીને નમસ્કાર, કુસુમાંજલિપૂજન વિગેરે જે આ સ્નાત્રમાં કરવામાં આવ્યા, તે સ્નાત્રને પ્રતિદિન ભણવાથી તથા ગાવાથી ભવ્ય જીવો ઉત્તરોત્તર મંગળમાળાને વરે છે.

તીર્થંકર પ્રભુનું નામસ્મરણ એ ભાવમંગળ હોવાથી સંસારરૂપી મહાન અપમંગળને ટાળનારું છે. ઉત્તમ ભાવમંગળથી વિઘ્નો ચુરાઇ જાય છે. આપત્તિઓના વાદળ વિખરાઇ જાય છે. અસાધ્ય દર્દો અને રોગો નાબુદ થાય છે. સંપત્તિઓ ચરણમાં આળોટવા માંડે છે. દિવ્ય સુખો પણ સુલભ બને છે. ચરણમાં આળોટતા કંચન અને કામિનીના સુખને ફગાવી દેવાની તીવ્ર તમન્ના જાગે છે. એ તમન્નાનું પર્યવસાન કઠોર સંયમના પાલનમાં થાય છે. કઠોર સંયમ કર્મોની અભેદ્ય જંજીરને તોડી નાખે છે, અને અંતિમ પુરુષાર્થ તથા પરમ ધ્યેય રૂપ જે મોક્ષ, તેનું સંપાદન સુખપૂર્વક કરાવી શકે છે.

સિદ્ધિગતિના અક્ષય અને અનંત સુખને સર્વ જીવો વરે એજ અંતિમ અભિલાષા.



## પંડિતશ્રીવીરવિજયજીકૃત સ્નાત્રપૂજા.

### પ્રથમ કલશ લઇ ઉભા રહેવું.

### ।। કાવ્યં દ્રુતવિલંબિતવૃત્તમ્ ।।

સરસશાન્તિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં ।।
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં ।।૧।।

### ।। દોહા ।।

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક ।।
મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક ।।૨।।

કુસુમાંજલિની થાળી લઇ ઊભા રહેવું.

### ।। ગાથા ।। આર્યા ગીતિ ।।

જિણજમ્મસમયે, મેરૂસિહરે, રયણકણયકલસેહિ ।।
દેવાસુરહિ ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ ।।૩।।

પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી.

### ।। કુસુમાંજલિ ।।ઢાળ ।।

નિર્મલ જલ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે ।। કુસુમાંજલિ મેલો આદિ જિણંદા ।। સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઇ સુકુમાળી ।।કુ૦ ।।૪।।

### ।। ગાથા ।। આર્યા ગીતિ ।। ઢાળ ।।

મચકુંદચંપમાલઇ, કમલાઇ, પુપ્ફપંચવણ્ણાઈં ।।
જગનાહન્હવણસમયે, દેવા કુસુમાંજલિં દિંતિ ।।૧।।

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

### ।। કુસુમાંજલિ ।।ઢાળ।।

રયણસિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુચરણે દીજે ।।
કુસુમાંજલિ મેલો શાન્તિજિણંદા ।।૬।।

## ।। દોહા ।।

જિણ તિહું કાલયસિદ્ધની, પડિમા ગુણભંડાર ।।
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર ।।૭।।
નમોઽર્હતસિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## ।। કુસુમાંજલિ ।।ઢાળ।।

કૃષ્ણાગરૂ વર ધુપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે,
કુસુંમાંજલિ મેલો નેમિ જિણંદા ।।૮।।

## ।। ગાથા ।। આર્યા ગીતિ ।।

જસુ પરિમલબલ દહદિસિં, મહુકરઝંકાર સદ્સંગીયા ।।
જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા ।।૯।।
નમોઽર્હતસિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## ।। કુસુમાંજલિ ।। ઢાળ ।।

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફુલ ઉદક કર ધારી ।।
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા ।।૧૦।।

## ।। દોહા ।।

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ ।।
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ ।।૧૧।।
।। નમોઽર્હત્૦ ।।

## ।। કુસુમાંજલિ ।।ઢાળ।।

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી,
જિનચરણે પણમંત ઠવેવી
કુસુમાંજલિ મેલો વીર જિણંદા ।।૧૨।।

## ।। વસ્તુ ।। છંદ ।।

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય ।। કુસુમાંજલિ તહિ

સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય ।। જિણપયકમલે નિવડેઇં વિગ્ઘહર જસ નામ મંતો ।। અનંત ચઉવીસ જિન વાસવ મલિય અસેસ ।। સા કુસુમાંજલિ સુહકરો ચઉવિહ સંઘ વિસેસ ।। કુસુમાંજલિ મેલો ચઉવીસ જિણંદા ।।૧૩।।

નમોઽર્હત્૦ ।।

## ।। કુસુમાંજલિ ।।ઢાળ।।

અનંત ચઉવીસી જિનજી જુહારું,
વર્તમાન ચઉવીસી સંભારૂં ।।
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા ।।૧૪।।

## ।।દોહા।।

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ ।।
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ ।।૧૫।।
।। નમોઽર્હત્૦ ।।

## ।। કુસુમાંજલિ ।।ઢાળ।।

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા ।।
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા ।।૧૬।।

## ।। ઇતિ શ્રી કુસુમાંજલયઃ ।।

પછી સ્નાત્રીયાઓએ શ્રી સિદ્ધાચલના ત્રણ દોહા બોલતા ત્રણ પ્રદક્ષિણા દઇ ત્રણ ખમાસમણા દેવા પૂર્વક જગચિંતામણિનું ચૈત્યવંદન બોલવું.

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં. જગચિંતામણિ જગનાહ, જગગુરુ જગરક્ખણ, જગબંધવ જગસત્થવાહ, જગભાવ વિઅક્ખણ અટ્ઠાવય સંઠવિઅ રૂવ, કમ્મટ્ઠ વિણાસણ, ચઉવીસંપિ જિણવર, જયંતુ અપ્પડિહયસાસણ. ૧**

**કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમ સંઘયણિ, ઉક્કોસયસત્તરિસય, જિનવરાણ વિહરંત લબ્ભઇ નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઇ,**

સંપઇ જિણવર વીસમુણિ, બિહુંકોડિહિં વરનાણ સમણહ કોડીસહસ્સદુઅ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણી ૨

જયઉ સામિઅ જયઉ સામિય રિસહ સત્તુંજિ ઉજિંજતિ-પહુ નેમિજીણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ, ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિ પાસ દુહ-દુરિઅ-ખંડણ અવરવિદેહિં તિત્થયરા, ચિહુંદિસિ વિદિસિ જિંકેવિ તિઆણાગય સંપઇઅ, વંદુ જિણસવ્વેવિ. ૩

સત્તાણવઇ સહસ્સા, લખ્ખા છપ્પન અટ્ઠકોડિઓ, બત્તિસય બાસિઆઇં, તિઅલોએ ચેઇએ વંદે. પનરસ કોડિસયાઇ, કોડિબાયાલલખ્ખઅડવન્ના, છત્તીસસહસ અસિઇં, સાસય બિંબાઇં પણમામિ. ૪

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ જાઇં જિણબિંબાઇ, તાઇં સવ્વાઇં વંદામિ.

(પછી બે હાથ જોડીને)

નમુથ્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧ આઇગરાણં, તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં ૨ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર-પુંડરીઆણં, પુરિસવરગંધહથ્થીણં ૩ લોગુત્તમાણં, લોગનાહાણં લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં. ૪ અભયદયાણં ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં બોહિદયાણં, ૫ ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં. ૬ અપ્પડિહય-વરનાણદંસણધરાણં વિઅટ્ટછઉમાણં ૭ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮ સવ્વન્નુણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત મખ્ખય મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઇ નામધેયં ઠાણં સંપત્તાણં. નમોજિણાણં જિઅભયાણં. જેઅ અઇઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિણાગએ કાલે, સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ, તિરિય લોએ અ, સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં.

**જાવંત કેવિ સાહુ, ભરહેરવય, મહાવિદેહેઅ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં**

**નમોર્હતસિધ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ**

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં, વિસહરવિસનિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં. ૧, વિસહર ફુલિંગમંત્તં, કંઠે ધારેઇ જો સયા મણુઓ, તસ્સ ગહ રોગ મારી. દુઠ્ઠ જરા જંતિ ઉવસામં. ૨ ચિઠ્ઠઉ દુરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ. નરતિરિએસુવિજીવા, પાવંતિ ન દુખ્ખદોગચ્ચં ૩ તુહ સમ્મત્તે લદ્ધે ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ, પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪ ઇહ સંથુઓ મહાયસ ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ, તા દેવ દિજ્જ બોહિં ભવે ભવે પાસજિણચંદ.**

પછી લલાટ સુધી હાથ જોડીઃ-

**જય વીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં, ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇઠ્ઠફલસિદ્ધિ, લોગ વિરૂદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરથ્થકરણંચ, સુહગુરૂજોગો, તવ્વયણ-સેવણા આભવમખંડા**

(હાથ નીચા કરી નાશીકા સુધી રાખવા)

**વારિજ્જઇ જઇવિ નિયાણ-બંધણં વીયરાય તુહ સમએ, તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં, દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ, સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ, પણામકરણેણં. સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં, પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્.**

પછી સ્નાત્રીયાઓએ હાથ ધુપી મુખકોશ બાંધી કળશ લઇ ઉભા રહીને કળશ કહે, તે કળશઃ

## ।। અથ કળશ ।। દોહા ।।

સયલ જિણેસર પાય નમી. કલ્યાણકવિધિ તાસ ।।
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ ।।૧।।

## ।।ઢાળ।।

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા ।। વીશસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી ।।૧।। જો હવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરું શાસન રસી ।। શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા ।।૨।। સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી । ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુળે ।।૩।। પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો ।। સુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ।।૪।।

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇટ્ઠો ।। ત્રીજે કેશરીસિંહ, ચોથે લક્ષ્મી અબિહ ।।૧।। પાંચમે ફુલની માળા, છટ્ઠે ચંદ્ર વિશાળા ।। રવિ રાતો ધ્વજ મ્હોટો. પૂરણ કળશ નહી છોટો ।।૨।। દશમે પદ્મ સરોવર અગિયારમે રત્નાકર ।। ભુવનવિમાન રત્નગંજી અગ્નિશિખા ધુમર્વજી ।।૩।। સ્વપ્ન લહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે ।। પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે ।।૪।।

## ।। વસ્તુ છંદઃ ।।

અવિધનાણે, અવધિનાણે, ઉપના જિનરાજ ।। જગત જસ પરમાણુઆ વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર ।। મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાતસુંદર, માતા પણ આનંદિયા, જાગતિ ધર્મ વિધાન, જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન ।।૧।।

## ।।દોહા।।

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત ।।
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ।।૧।।

## ।।ઢાળ।। કડખાની દેશી ।।

સાંભળો કળશ જિન, મહોત્સવનો ઇહાં ।। છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં ।। માય સુત નમીય આણંદ અધિકો ધરે ।। અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે ।।૧।। વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે ।। અષ્ટ કલશા ભરી, અષ્ટ

દર્પણ ધરે ।। અષ્ટચામર ધરે, અષ્ટ પંખા લહી ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ।।૨।। ઘર કરી કેળના માય સુત લાવતી ।। કરણ શુચિકર્મ જળ, કલશે ન્હવરાવતી ।। કુસુમ પૂજી અલંકાર પહેરાવતી ।। રાખડી બાંધી જઇ, શયન પધરાવતી ।।૩।। નમીય કહે માય તુજ, બાળ લીલાવતી ।। મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ ।। સ્વામી ગુણ ગાવતી, નિજ ઘેર જાવતી ।। તેણે સમે ઇંદ્ર સિંહાસન કંપતી ।.૪।।

## ।।ઢાળ।। એકવીશાની દેશી ।।

જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે ।। તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે ।। દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા ।। દિશિ નાયકજી, સોહમ ઇશાન બિહુ તદા ।।૧।।

## ।। ત્રોટક છંદ ।।

તદા ચિંતે ઇંદ્ર મંનમાં, કોણ અવસર એ બન્યો ।। જિનજન્મ અવધિનાણે, જાણી હર્ષ આનંદ ઉપન્યો ।।૧।। સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમે કરે ।। સવિ દેવી દેવા જન્મમહોત્સવે, આવજો સુરગિરિવરે ।।૨।।

(અહીં ઘંટ વગાડવો.)

## ।।ઢાળ।। પૂર્વની ।।

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મળે ।। જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે ।। સોહમપતિજી, બહુ પરિવારે આવીયા ।। માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા ।।૩।।

(પ્રભુને ચોખાથી વધાવવા)

## ।। ત્રોટક ।।

વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુતતણો ।। હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો ।। એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી ।। દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી ।।૪।।

## ।। ઢાળ ।। પૂર્વની ।।

મેરુ ઉપરજી, પાંડુકવનમે ચિહું દિશે ।। શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે ।। તિંહા બેસીજી, શકે જિન ખોળે ધર્યા, હરિ ત્રેસઠજી, બીજા તિંહા આવી મળ્યા ।।૫।।

## ।। ત્રોટક ।।

મળ્યા ચોસઠ સુરપતિ તિંહા, કરે કળશ અડ જાતિના ।। માગદાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના ।। અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે ।। ખીરજલધિ ગંગાનીર લાવો ઝટિતિ જિન મહોત્સવે ।।૬।।

## ।।ઢાળ।। વિવાહલાની દેશી ।।

સુર સાંભળીને સંચરીઆ, માગધ વરદામે ચલીયા ।। પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે ।।૧।। તીરથ જળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા ।। જળકળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરીથાળ લાવે ।।૨।। સિંહાસન ચામર ધારી, ધુપધાણા રકેબી સારી ।। સિંધ્ધાતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ ।।૩।। તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે ।। કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે ।।૪।।

## ।। ઢાળ ।। રાગ ધનાશ્રી ।।

આતમભક્તિ મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનું જાઇ ।। નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઇ ।। જોઇસ વ્યંતર, ભુવનપતિના વૈમાનિક સુર આવે ।। અચ્યુતપતિ હુકમે ધારી કળશા, અરિહાને નવરાવે આ૦ ।।૧।। અડ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો ।। ચઉસઠ્ઠ સહસ હુઆ અભિષેકે, અઢીસે ગુણા કરી જાણો ।। સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર ।। બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર ।।આ૦ ।।૨।। ચંદ્રની પંકિત છાસઠ છાસઠ રવિશ્રેણી નરલોકે ।। ગુરુસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો ।। સોહમપતિ ઇશાનપતિની ઇંદ્રાણીના સોળ ।। અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ ।।આ૦ ।।૩।। જ્યોતિષ વ્યંતર ઇંદ્રની

ચઉચઉ. પર્ષદા ત્રણનો એકો ।। કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો ।। પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસે અભિષેકો ।। ઇશાન ઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ।।આ૦ ।।૪।। તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે ।। વૃષભરૂપ કરી શૃંગ જળેભરી ન્હવણ કરે પ્રભુ અંગે ।। પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે ।। મંગળ દીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે ।।આ૦ ।। ભેરી ભુંગળ તાલ બજાવત, વળિયા જિન કર ધારી ।। જનની ઘર માતાને સોંપી, એણિપેરે વચન ઉચ્ચારી ।। પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર ।। પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર ।। આ૦ ।। ૬ ।। બત્રીશ કોડિ કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે । પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે ।। કરીય અઠ્ઠાઇ મહોત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે ।। દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે ।।આ૦।।૭।। તપગચ્છ ઇસર સિંહસૂરીસર, કેરા શિષ્ય વડેરા ।। સત્યવિજય પંન્યાસતણે, પદ કપૂરવિજય ગંભીરા ।। ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા ।। પંડિત વીરવિજય તસ શિષ્યે જિન, જન્મ મહોત્સવ ગાયા ।।આ૦ ।।૮।। ઉત્કૃષ્ટા એકસોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ ।। અતીત અનાગત કાળે અનંતા તીર્થંકર જગદીશ ।। સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ ।। મંગળ લીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઇ ।।આ૦ ।।૯।।

# વિરાગના ઉપવનમાં

## (પ્રેષક : પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી)

(પૂ. પ્રવચનકાર શ્રી ભાનુવિજયજી મહારાજના વ્યાખ્યાનમાંથી સંગૃહિત કરેલા વાક્યો)

- આયુષ્યની બેલેન્સ બાકી છે ત્યાં સુધી હે વિવેકી આત્મન્ ! ધર્મરત્ન પ્રાપ્ત અને સિદ્ધ કરવાના યત્નને કરી લે-વૃદ્ધાવસ્થા નથી આવી, બત્રીસી સાબુત છે, કાયાને રોગોએ મસળી નથી અને જ્યાં સુધી ઇંદ્રિયો ફેંકાઇ નથી ગઇ, એનું તેજ હણાઇ નથી ગયું, ત્યાં સુધી ચેતી જા, નહિતર પછી ચૌદરાજ લોકમાં અનંતકાળની મુસાફરીમાં ક્યાંય અટવાઇ જઇશ.

- રસના ગુલામને આયંબિલની વાત કરીએ તો એ તરફડી ઉઠે છે. જેમ ધાન્યનું ધનેડું ચોખામાં પડ્યું હોય ત્યાં જ એને મજા છે અને બહાર મુકે તો એ તરફડી મરે છે, તેમ અહીં માત્ર એક વિગઇના ત્યાગમાં પણ ગડમથલ ચાલે છે ઘી છોડું કે દુધ ? કાચો ગોળ કે પાકો ? આયંબિલનો તપ જાતજાતનાં રસ મોહને ભુક્કે ઉડાડે છે, બીજાને પણ સારું આલંબન આપે છે. અનાદિની આહાર સંજ્ઞાને તે તોડે છે.

- સંસારની રખડપટ્ટીનો અંત લાવવો હોય તો સ્વપ્નમાં પણ પરમાત્માએ ફરમાવેલ જ્ઞાન, દર્શન, ચારિત્રની જ માગણી થવી જોઇએ.

- સમકિતદૃષ્ટિનો સંસાર એટલે જેનું ખાવાનું એનું જ ખોદવાનું, એને એના પ્રત્યેજ રીસ કરવાની દા.ત. પુણ્યોદયે સમકિતી સંસારના ઉંચા સુખ ભોગવતો હોય પણ એ સુખની અને સંસારની પ્રશંસા કરવાને બદલે ઝાટકણી કાઢતો હોય છે અને એનાજ પ્રત્યે ઉદ્વિગ્ન રહેતો હોય છે.

- સમ્યગદૃષ્ટિ વાત કરે એમાં પુણ્ય પાપનાં ઉદયની ઓળખની વાત હોય.

- અશુભોદય સમતા પૂર્વક ભોગવતાં આવડે તો શુભોદયમાં ફેરવી શકાય.

કોઇ ગાળ દે ત્યારે આપણે અશુભોદય સમજી શાંતિ રખાય તો ભાગ્યવત્તા.

- પુણ્યોદય વેળાએ લુચ્ચાઇ અનીતિ-દંભ-અનાચાર ચાલે છતાં લોકો એને ડાહ્યો સમજુ માને.
- કેવળ વર્તમાન કાળની ચિન્તા કરે અને ભવિષ્ય તરફ દુર્લક્ષ રાખે તે નાસ્તિક.
- સદાચારને માટે સાવધાન કરું તે હા પરંતુ દુરાચાર તો નજ આદરુ.
- અનાજ ન મળે તો ભુખ્યા રહેજો પરંતુ અનીતિનું ઝેર ખાવા અખતરા ન કરતા.
- નમસ્કાર મંત્રનો જાપ કરવાથી શું થાય એ પ્રશ્નનો ઉત્તર નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શું ન થાય એ પ્રશ્નના ઉત્તરમાં સમાયેલો છે.
- પવિત્ર તીર્થધામમાં પરમાત્માની યાત્રા એ ભાવ યાત્રા ક્યારે બને, જો અનાદિની તૃષ્ણા, કષાયના તાપ અને કર્મના મેલને કાપવાનું મન થાય તો.
- ઇર્ષ્યા અને સહિષ્ણુમાં કેટલો ફેર, સહિષ્ણુ ખીચડી ખાય તો પણ ઠંડે કલેજે, પેલાને પકવાન મળે તો પણ શાંતિ નહિ અને અજંપાનો પાર નહિ.
- ઇંદ્રિયોના ગુલામો અને ભોગોના ભિખારીઓ જ્યાં બેસે ત્યાં પાપની પ્રભાવના કરે જ્યારે ઇંદ્રિયના વિજેતાઓ અને ત્યાગના પૂજારીઓ જ્યાં બેસે ત્યાં ધર્મની પ્રભાવના કરે.
- વિષય કષાયની પ્રવૃત્તિ તો પશુ પંખી પણ પોતાના બચ્ચાને શીખવે છે. મનુષ્યપણું પામીને પણ જો પોતાના સંતાનોને એટલું જ શીખવવાનું હોય તો મનુષ્યની પશુ કરતાં વિશેષતા કઇ ?
- જીવન આજે મોઘું થયું છે, પણ કઇ રીતે ? જે જીવન પહેલાં સો પાપોથી

નભતું હતું તેવાં આજે ત્રણસો પાપ કર્યે પણ છુટકો નથી થતો.

- ધર્મ ક્યારે પામ્યા એ પ્રશ્ન નથી પણ એ ધર્મ પામ્યા પછી એને હૈયે આવકારવા અને મન વચન કાયાથી પાળવાને માટે નિર્ધાર કેવો છે અને એનો અમલ કરતાં કેવું આવડ્યું છે એનું મહત્વ છે.
- સમકિતી આત્મા કર્મને માટે માનસિક કલ્પના એવી ઘડી દે કે કર્મ એનું કામ કરે, હું મારું કામ કરીશ. એવા એ અશુભ કર્મના ઉદયમાં પણ દુઃખી નહિ થાય પણ શુભભાવનામાં રક્ત રહેશે.
- જગત દુઃખી દુઃખથી નથી પણ દુઃખની કલ્પનાથી દુઃખી છે. એવું જ સુખની કલ્પનાથી સુખી થઇ શકે છે.

- સારામાં સારૂં ચારિત્ર પાળવું હોય તો મનને સંગથી રહિત કરવુ જોઇએ એ માટે સમજી લેવું જોઇએ કે જગતને માટે હું મરી પરવાર્યો છું અને મારી માટે જગત મરી ગયું છે.
- વિષયોની દોસ્તી ન મુકાતી હોય તો પણ એની રટના જરૂર મુકી દેજો, એ સંસ્કાર ભયંકર નુકશાન કરશે.
- મનુષ્ય જીવન એ ખેડુતનું જીવન છે દેવભવ એ શાહુકારનું જીવન છે.
- શાહુકાર પાક ખાઇ જાય છે. ખેડુત બીજ વાવનાર બીજ વાવવાના કાળે જો ખેડુત પુર્વના પાક રૂપી બીજને ખાઇ જ નાખે તો શી દશા થાય ? ઘણા આજે કહે છે કે પુણ્યથી મળ્યું છે તો શા માટે ન ભોગવવું ? પણ બીજ પુણ્યથી મળેલું છે એમ માની ખેડુત જો મળેલું બીજ ભોગવી નાખે તો શી સ્થિતિ થાય એ વિચારજો, પાપી આત્માએ નક્કી કરી રાખ્યું છે કે પાપ વગર જીવી ન શકાય-ધર્મી આત્માને એમ લાગે છે કે ધર્મ વગર ન જીવાય. બન્નેની દિશા જુદી છે.
- પાપી આત્માના શ્વાસેશ્વાસમાં પાપ રમે છે. ધર્મી આત્માના શ્વાસેશ્વાસમાં ધર્મ ગુંજે છે.
- જૈનશાસનમાં ગુન્હેગારોને પણ તરવાનો માર્ગ છે પરંતુ ક્યારે ? જેટલા જોમ હોંશ અને પરાક્રમથી ગુન્હો કર્યો છે તેટલાજ જોમ હોંશ અને પરાક્રમથી ધર્મ પુરૂષાર્થ કરે તો-
- કષાયની સહાયથી વિષયો જીવે છે અને વિષયો ખાતર જગતની અથડામણમાં જીવ પડે છે. જીવન જીવવા માટે ઘર, પેઢી વ્યાપાર બધું રાખ્યું હોય, પણ શક્ય એટલું કષાયોની સહાય વિનાનું જીવન જીવાય તો સંસાર કપાતો જાય અને આત્મા નિર્મળ બનતો મોક્ષની નિકટ પહોંચતો જાય.
- નષ્ટ થએલી વસ્તુ ઉપરનો રાગ પણ છોડવો મુશ્કેલ છે તો આંખ સામે આવતા ઢગલા બંધ વિષયોનો રાગ કેવી રીતે છુટશે ?




Serving JinShasan
089581
gyanmandir@kobatirth.org

Rajul Arts ✆ 514 98 63, 511 00 56